દૈનિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 150 ■ વિક્રમ સંવત ૨૦૮૨
અધિક જયેષ્ઠ વદ - ૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 26 June 2026, Friday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ/2013/58486 ★
શુક્રવાર, ૨૬ જૂન ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
મેટિની પૂર્તિ ૭ ૮ ૯
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# કમર્શિયલ એલપીજી પરનાં નિયંત્રણો હટાવાયાં

નવી દિલ્હીઃ સરકારે હૉટલ, રેસ્ટોરાં અને અન્ય વેપારી સંસ્થાનોને પૂરો પાડવામાં આવતો લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગૅસ (એલપીજી)નો પુરવઠો ગુરુવારે પૂર્વવત્ કરી અખાત યુદ્ધ શરૂ થયું તે અગાઉના સ્તરે લાવી દીધો હતો તેમ જ વૈશ્વિક બજારમાં સ્થિરતા આવતાં ઊર્જા પુરવઠાની સમસ્યા હળવી થતાં પશ્ચિમ એશિયાની કટોકટી દરમિયાન લાદવામાં આવેલા ક્ષેત્ર આધારિત અંકુશો પણ હટાવી દીધાં હતાં.

પેટ્રોલિયમ ખાતા દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદન મુજબ સ્થાનિક સ્તરે ઉત્પાદનમાં થયેલા સુધારા અને આયાતી એલપીજી કાર્ગો પહોંચી આવે એવી શક્યતા હોવાને કારણે કમર્શિયલ એલપીજીના પુરવઠા પરનો અંકુશ હટાવી લેવામાં આવ્યો છે.

યુદ્ધને કારણે પશ્ચિમ એશિયામાં ઊભી થયેલી કટોકટીને પગલે એલપીજીનો મોટાપાયે સસ્પેન્ડ કરવામાં આવેલો પુરવઠો આંશિક રીતે વધારીને કટોકટી અગાઉના કુલ વપરાશના પચાસ ટકાના સ્તરે લઈ જવામાં આવ્યો છે.

**પેટ્રોલ-ડીઝલનાં ભાવ યથાવત્:** આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ તેલનો ભાવ ગુરુવારે ઘટીને ઇરાન યુદ્ધ શરૂ થયું તે અગાઉનાં સ્તરે પહોચી જતાં ભારતને મોટી આર્થિક રાહત થઈ છે. ક્રૂડ તેલનાં ભાવમાં ઘટાડો થતાં ભારતમાં મોંઘવારીનું જોખમ અને આયાત બિલ ઘટવાની સાથે સાથે સરકારની આર્થિક પરિસ્થિતિ પણ સુધરશે.

આંરરરાષ્ટ્રીય બૅન્ચમાર્ક ગણાતા બ્રૅન્ડ ક્રૂડનો ભાવ બેરલદીઠ ઘટીને ૭૨-૭૨ ડૉલર તો અમેરિકન ક્રૂડ તેલનો ભાવ ઘટીને ૭૦ ડૉલર પ્રતિબેરલ થઈ ગયો હતો. બંને બૅન્ચમાર્ક હવે છેલ્લે ફેબ્રુઆરીમાં જોવા મળેલા સામાન્ય સ્તરે આવી ગયા છે. ઇરાન યુદ્ધ દરમિયાન ક્રૂડતેલનો ભાવ બેરલદીઠ ૧૨૦ ડૉલર સુધી પહોંચ્યો હતો.

ક્રૂડતેલના ભાવમાં ગુરુવારે તીવ્ર ઘટાડો જોવા મળ્યો હોવા છતાં પેટ્રોલ અને ડીઝલનાં ભાવ યથાવત્ રહ્યા છે. (એજન્સી)

## વેનેઝુએલામાં બે શક્તિશાળી ધરતીકંપઃ ૧૬૪ જણનાં મોત

કારાકાસ (વેનેઝુએલા): વેનેઝુએલામાં બુધવારે સાંજે બે શક્તિશાળી ભૂકંપ આવતા ઓછામાં ઓછા ૧૬૪ જણનાં મોત થયાં હતાં અને બીજા ૧,૦૦૦ લોકો ઘાયલ થયા હતા. દેશના કાર્યવાહક પ્રમુખે આ માહિતી આપી હતી. ભૂકંપમાં દક્ષિણ અમેરિકના બીજા દેશોને પણ નુકસાન થયું હતું. કાર્યવાહક પ્રમુખ ડેલ્સી રોડ્રિગ્વેઝે ચેતવણી આપી હતી કે બચાવકારો જમીનદોસ્ત થઈ ગયેલાં મકાનના કાટમાળમાં શોધખોળ ચલાવી રહ્યા છે અને જાનહાનિ વધી શકે. બુધવારે સાંજે છ વાગ્યા પછી ૭.૨ અને ૭.૭ પરિમાણ ધરાવતા બે ભૂકંપ આવ્યા હતા.

પ્રમુખે બુધવારે મોડેથી લોકોને સંબોધતા કટોકટી જાહેર કરી હતી. તેમણે કહ્યું હતું કે અનેક રાજ્યોમાં મોટું નુકસાન થયું હતું. જાનહાનિના આંકડામાં રાજ્ય લા ગુએરાનો સમાવેશ થતો નથી. પ્રમુખે આ આખા રાજ્યને ‘ડિઝાસ્ટર ઝોન’ ગણાવ્યું હતું. ભૂકંપે આ વિસ્તારને સૌથી વધારે પ્રભાવિત કર્યો છે.

પ્રમુખે કહ્યું હતું કે કારાકાસની ૩૦ કિલોમીટર ઉત્તરે આવેલા લા ગુએરામાં ડઝનો મકાનો તૂટી પડ્યા છે. અમે ત્યાં જોરદાર બચાવ કામગીરી શરૂ કરી છે.

આ ભૂકંપ સદી પછી વેનેઝુએલામાં આવેલો સૌથી મોટો ભૂકંપ છે. આ ભૂકંપે આખા વિસ્તારને હચમચાવી દીધો છે. ભૂકંપની અસર વનેઝુએલાની રાજધાની કારાકસથી ૧,૭૦૦ કિલોમીટર દૂર આવેલા બ્રાઝીલના એમેઝેન પર પણ જોવા મળે છે.

ભૂકંપથી કારાકસના સિમોન બોલિવર ઈન્ટરનેશનલ ઍરપોર્ટને નુકાસન થયું છે અને તે બંધ થઈ ગયું છે. ડેલ્સીએ કહ્યું હતું કે શાળાઓ બંધ કરાઈ છે. સબ વે અને કુદરતી ગૅસની સેવા કામ કરતી નથી. તેમણે વેનેઝુએલાના લોકોને નુકાસનનો અંદાજ આપવા સરકારી એપનો ઉપયોગ કરવાનો અનુરોધ કર્યો હતો.

યુએસના જીયોલોજિકલ સર્વેએ શરૂઆતમાં કહ્યું હુતં કે પહેલો ભૂકંપ કારાકાસની ૧૬૮ કિલોમીટર દૂર અને મોરોનના પશ્ચિમ કેરિબિયન સમદ્રતટમાં ૨૨ કિલોમીટરની ઊંડાઈએ ૭.૨નો આવ્યો હતો. એક મિનિટ બાદ ૭.૭ પરિમાણ ધરાવતો ભૂકંપ આવ્યો હતો. તેનું કેન્દ્રબિંદુ મોરનના ૧૬ કિલમીટર નૈર્ઋત્યે ૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું. આર્જેન્ટિના, ચીલી, પનામા અને ઉરુગ્વે સહિતની સરકારોએ મદદની ઓફર કરી છે. અમેરિકના વિદેશપ્રધાન રુબિયોએ કહ્યું હતું કે અમેરિકા બચાવ ટીમ, દવા અને માનવ સહાય મોકલી રહ્યું છે. (એજન્સી)

## ખાલિસ્તાનીઓએ કનિષ્ક ફ્લાઇટમાં બૉમ્બ મૂકેલોઃ કૅનેડાએ કબૂલ્યું

નવી દિલ્હીઃ ઍર ઇન્ડિયાની ફ્લાઇટમાં થયેલા બોમ્બ વિસ્ફોટમાં ચાર દાયકાથી વધુ સમય બાદ કૅનેડાની મુખ્ય ગુપ્તચર એજન્સી કૅનેડિયન સિક્યોરિટી ઇન્ટેલિજન્સ સર્વિસ (સીએસઆઇએસ)એ પ્રથમવાર સ્પષ્ટપણે કૅનેડામાં સ્થિત ખાલિસ્તાની આતંકવાદીઓએ વિસ્ફોટકો લગાવવા માટે જવાબદાર ઠેરવ્યા છે. આ વિસ્ફોટમાં ૩૨૯ લોકોના મોત થયા હતા. બીજી તરફ ભારતે શરૂઆતથી જ કહ્યું હતું કે ૧૯૮૫ની દુર્ઘટના એક ખાલિસ્તાની કાવતરું હતું, અત્યાર સુધી કૅનેડાએ જાહેરમાં ખાલિસ્તાનીઓનું નામ લેવાનું ટાળ્યું હતું.

આ દુર્ઘટનાની યાદમાં બુધવારે કરવામાં આવેલા એક ફેસબુક પોસ્ટમાં સીએસઆઈએસ એ સીધા જ હુમલા પાછળ અલગતાવાદીઓને જવાબદાર ઠેરવ્યા હતા. એજન્સીએ જણાવ્યું હતું કે, ૨૩ જૂન, ૧૯૮૫ના રોજ કેનેડા સ્થિત ખાલિસ્તાની ઉગ્રવાદીઓ દ્વારા મૂકવામાં આવેલા બોમ્બે વિમાનને નષ્ટ કર્યું હતું. જેના કારણે તેમાં સવાર તમામ લોકોના મોત થયા હતા. જેમાંથી મોટાભાગના કેનેડિયન હતા. તે કેનેડાના ઇતિહાસનો સૌથી ઘાતક આતંકવાદી હુમલો અને આપણા રાષ્ટ્રીય સુરક્ષા સમુદાય માટે એક નિર્ણાયક ક્ષણ છે. ટોરન્ટોથી મુંબઈ જઈ રહેલી ઍર ઈન્ડિયાની ફ્લાઇટ ૧૮૨ (બોઇંગ ૭૪૭ જેને સમ્રાટ કનિષ્ક નામ આપવામાં આવ્યું હતું)માં બોમ્બ વિસ્ફોટ કેનેડાના ઇતિહાસનો સૌથી ભયાનક આતંકવાદી હુમલો હતો અને ૧૧, સપ્ટેમ્બર ૨૦૦૧ના હુમલા સુધી દુનિયાનો સૌથી ઘાતક એવિયેશન ટેરરિઝમનું કૃત્ય હતું.

પ્રતિબંધિત ખાલિસ્તાની જૂથ ‘બબ્બર ખાલસા’ના સભ્યો દ્વારા સામાન રાખવાના હિસ્સામાં મૂકવામાં આવેલા બોમ્બને કારણે થયેલા વિસ્ફોટમાં એટલાન્ટિક મહાસાગર પર વિમાન તૂટી પડ્યું હતું જેમાં વિમાનમાં સવાર તમામ મુસાફરો અને ક્રૂ સભ્યો માર્યા ગયા હતા. ૨૦૦૫માં કૅનેડાએ સત્તાવાર રીતે આ આતંકી હુમલાના પીડિતોની યાદમાં ૨૩ જૂને રાષ્ટ્રીય સ્મૃતિ દિવસ તરીકે જાહેર કર્યો હતો.

ખાલિસ્તાનીઓને સ્પષ્ટપણે જવાબદાર ગણાવવાનો સીએસઆઇએસનો આ નિર્ણય એજન્સીના પોતાના વાર્ષિક રિપોર્ટ જાહેર કર્યાના થોડા સમય બાદ આવ્યો છે. રિપોર્ટમાં ખાલિસ્તાની આતંકવાદીઓને રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ગણાવ્યા હતા. સીએસઆઇએસએ ચેતવણી આપી હતી કે કૅનેડા સ્થિત ખાલિસ્તાની ઉગ્રવાદી જૂથો હિંસક પ્રવૃત્તિઓ માટે ભંડોળ એકઠુ કરવા કૅનેડાની ભૂમિનો ઉપયોગ કરી રહ્યા છે. કૅનેડાએ દાયકાઓથી ભારતની એ ચિંતાઓ નજરઅંદાજ કરી હતી કે કેનેડા ખાલિસ્તાની ગતિવિધિઓને આશરો આપી રહ્યું છે.

ખાસ કરીને ભૂતપૂર્વ વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોની સરકારનો આ મુદ્દે ભારત સાથે સતત ટકરાવ રહ્યો છે.

## રામ મંદિર દાન-ચોરીમાં અંતે એફઆઈઆર

અયોધ્યાઃ અયોધ્યાસ્થિત રામ મંદિરને મળેલા દાનની ચોરી સંબંધિત આક્ષેપોને મામલે ગુરુવારે એફઆઈઆર દાખલ કરવામાં આવ્યો હતો.

રામ મંદિર ભંડોળ વિવાદને મામલે ‘સિટ’ની તપાસ ચાલી રહી હોવા વચ્ચે ગુરુવારે આ એફઆઇઆર દાખલ કરવામાં આવ્યો હતો. આ મામલે તપાસ કરી રહેલી ‘સિટ’એ બે દિવસ અગાઉ જ પ્રાથમિક તપાસનો અહેવાલ ઉત્તર પ્રદેશ સરકારને સુપરત ક્યોજ હતો. અયોધ્યા રામ મંદિરને મળેલા ભંડોળની રકમના વહીવટમાં ગેરરીતિ આચરવામાં આવી હોવાનાં આક્ષેપો બાદ મંદિરના ટ્રસ્ટની વિનંતીને પગલે રાજ્ય સરકારે આ મામલે તપાસ યોજવા ૧૩ જૂને ‘સિટ’ની રચના કરી હતી.

‘સિટ’માં લખનઊ ડિવિઝનલ કમિશનર વિજય વિશ્વાસ પંત, આઈજીપી કિરણ એસ. અને નાણા ખાતાના વિશેષ સચિવ નીલ રતનનો સમાવેશ થાય છે. (એજન્સી)



ગુરુવારે અમદાવાદના નિર્જળા એકાદશી દરમિયાન શ્રદ્ધાળુઓ જગન્નાથ મંદિરમાં પ્રાર્થના કરવા એકઠા થયા હતા. (પીટીઆઈ)

## પાસપોર્ટ ક્યારેય નાગરિકતાનો પુરાવો નહોતો ગણાતોઃ સરકાર

### આ વિવાદ વચ્ચે પાસપોર્ટ ફીમાં વધારો કરાયો

નવી દિલ્હીઃ સરકારી સૂત્રોએ ગુરુવારે જણાવ્યું હતું કે પાસપોર્ટ ક્યારેય નાગરિકતાનો પુરાવો રહ્યો નથી અને મોદી સરકારે છેલ્લા ૧૨ વર્ષમાં આ દસ્તાવેજને લઈને કોઈ નવો નિર્ણય લીધો નથી. વિદેશ મંત્રાલય (એમઈએ) દ્વારા પાસપોર્ટ એક ટ્રાવેલ દસ્તાવેજ છે અને નાગરિકતાનો પુરાવો નથી તેવા સ્પષ્ટ નિવેદન પર સૂત્રોએ કહ્યું હતું કે આ ગઈકાલે એવો નિર્ણય લેવામાં આવ્યો નહોતો કે પાસપોર્ટ નાગરિકતાનો પુરાવો નથી. સૂત્રોએ જણાવ્યું કે પાસપોર્ટ એક્ટ ૧૯૬૭ મુજબ, પાસપોર્ટ નાગરિકો ન હોય તેવા લોકોને પણ આપી શકાય છે.

સરકારે પાસપોર્ટ ઍક્ટ, ૧૯૮૦માં સુધારો કરી પાસપોર્ટની ફીનાં માળખામાં ફેરફાર કરતાં ૩૬ પાનાં ધરાવતા સામાન્ય નવા પાસપોર્ટની ફી અગાઉના ૧,૫૦૦ રૂપિયાને બદલે ૨,૫૦૦ રૂપિયા કરવામાં આવી છે. પહેલી જુલાઈ ૨૦૨૬થી આ નવો નિયમ અમલમાં આવશે. વિદેશ ખાતા દ્વારા ગુરુવારે બહાર પાડવામાં આવેલા ૨૦ જૂનના જાહેરનામા મુજબ ૩૬ પાનાં ધરાવતા નવા સામાન્ય પાસપોર્ટ કે પાસપોર્ટ રિ-ઈસ્યૂ કરવા માટેની સામાન્ય ફી ૨,૫૦૦ રૂપિયા હશે તો એજ શ્રેણીના તત્કાલ પાસપોર્ટ માટે ૫,૦૦૦ રૂપિયા ફી ચૂકવવાની રહેશે.

એક સૂત્રએ જણાવ્યું હતુ કે ગઈકાલે એવો નિર્ણય લેવામાં આવ્યો નથી કે પાસપોર્ટ નાગરિકતાનો પુરાવો નથી. છેલ્લા ૧૨ વર્ષમાં પણ એવો કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. પાસપોર્ટ ક્યારેય પણ નાગરિકતાનો પુરાવો રહ્યો નથી.

વિદેશ મંત્રાલયના અધિકારીઓને ટાંકીને મીડિયા રિપોર્ટમાં કહેવામાં આવ્યુ હતું કે પાસપોર્ટ એક ટ્રાવેલ દસ્તાવેજ છે, નાગરિકતાનો પુરાવો નથી. તે નાગરિકતા સ્થાપિત કરતો દસ્તાવેજ નથી. ટીએમસી નેતા મહુઆ મોઈત્રાએ આ મામલે સરકાર પર કટાક્ષ કર્યો હતો. તેમણે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ‘એક્સ’ પર પોસ્ટ કરી હતી કે એવું લાગે છે કે આજે ભારતીય નાગરિકતાનો એકમાત્ર પુરાવો હિન્દુ અને ભાજપ મતદાર બંને હોવાનો છે. તે સિવાય બીજું કંઈ ચાલશે નહીં.

રાજ્યસભાના સાંસદ કપિલ સિબલે પણ આ બાબતે સરકાર પર પ્રહાર કર્યા હતા. તેમણે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ‘એક્સ’ પર લખ્યું કે “તો પછી કયો દસ્તાવેજ નાગરિકતાનો પુરાવો છે? બીએલઓ મારી નાગરિકતા પર શંકા કરી શકે છે. મને મત આપવાથી અટકાવી શકે છે. પરિણામ ભાજપ ચૂંટણી જીતી જાય છે. હાલમાં આ કેસ સુપ્રીમ કોર્ટમાં છે.

ગીતકાર જાવેદ અખ્તરે વિદેશ મંત્રાલયની સ્પષ્ટતાને “વાહિયાત” ગણાવી હતી. તેમણે ‘એક્સ’ પર લખ્યું કે “વિદેશ મંત્રાલયનું કહેવું છે કે પાસપોર્ટ એક ટ્રાવેલ દસ્તાવેજ છે જે નાગરિકતાનો પુરાવો નથી. ખરેખર ??? . તો શું તેઓ કેટલાક લોકોને આ મુસાફરી દસ્તાવેજ પૂરા પાડી રહ્યા છે, જેની સંપૂર્ણ ખાતરી નથી કે આ વ્યક્તિ ભારતીય નાગરિક છે ??. તે વાહિયાત છે.

સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે ૨૦૧૩માં બોમ્બે હાઈકોર્ટના ચુકાદાઓએ સ્પષ્ટ કર્યું છે કે પાસપોર્ટ નાગરિકતાનો પુરાવો નથી. ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદીઓની સુધારણા પ્રક્રિયા અંગેની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું હતું કે આધાર નાગરિકતાનો નિર્ણાયક પુરાવો નથી, ફક્ત ઓળખનો દસ્તાવેજ છે.

૨૦ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ ભારત સરકારના પ્રેસ ઇન્ફર્મેશન બ્યૂરો (પીઆઈબી) એ એનઆરસી અને સીએએ અંગે વારંવાર પૂછાતા સવાલો મારફતે એક વ્યાપક જાણકારી જાહેર કરી હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે, “જન્મ તારીખ અને જન્મ સ્થળ સંબંધિત કોઈપણ દસ્તાવેજો સબમિટ કરીને નાગરિકતા સાબિત કરી શકાય છે. જોકે, આવા સ્વીકાર્ય દસ્તાવેજો પર હજુ સુધી નિર્ણય લેવામાં આવ્યો નથી.

## અમેરિકા સાથે વેપાર કરારમાં ભારત માટે સ્પર્ધાત્મક ટેરિફનો લાભ મહત્વપૂર્ણઃ પીયૂષ ગોયલ

લંડનઃ વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલે ગુરુવારે જણાવ્યું હતું કે અમેરિકા સાથેનો વેપાર કરાર “ખૂબ જ નજીક” છે, પરંતુ એ ત્યાં સુધી લાગુ નહીં થાય જ્યાં સુધી ભારતને તેના હરીફ દેશોની સરખામણીમાં ટૅરિફનો ફાયદો મળે નહીં. તેમણે અહીં ઇન્ડિયા ગ્લોબલ ફોરમ (આઈજીએફ) યુકે-ઇન્ડિયા વીક ઇવેન્ટમાં કહ્યું હતું કે જે દિવસે આમ થશે ત્યારે કરાર ફાઈનલ થઈ જશે.

ગોયલ ભારત-યુકે ટ્રેડ એગ્રીમેન્ટને લાગુ કરવા સાથે જોડાયેલા મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે અહીં આવ્યા છે. મંત્રીએ આ અઠવાડિયે નવી દિલ્હીમાં યુએસ વેપાર પ્રતિનિધિ જેમિસન ગ્રીર સાથે ભારત-યુએસ દ્વિપક્ષી વેપાર કરારના પ્રથમ તબક્કા પર બે દિવસીય વાટાઘાટો કરી હતી.

જોકે, વાણિજ્ય મંત્રાલય દ્વારા એક નિવેદનમાં એવો કોઈ સંકેત આપવામાં આવ્યો નથી કે ૨૪ જુલાઈના રોજ સમાપ્ત થનારા ૧૦ ટકા અસ્થાયી ટૅરિફ અગાઉ બધા મતભેદો ઉકેલાઈ જશે. તેમણે કહ્યું કે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટનો મુખ્ય હેતું માર્કેટ સુધી પહોંચવા મામલામાં હરિફ દેશોની સરખામણીએ વધુ ફાયદો મેળવવાનો છે.

વધુમાં તેમણે કહ્યું હતું કે જ્યાં સુધી સ્પર્ધાત્મક લાભ મેળવવાના ફ્રેમવર્કને અંતિમ સ્વરૂપ નહીં મળે ત્યાં સુધી અમે અમેરિકા સાથે કરાર કરી શકતા નથી. મને નથી લાગતું કે હું તેનાથી વધુ સ્પષ્ટ વાત કરી શકું છું. તેથી વ્યાપકપણે (ભારત અને અમેરિકા વચ્ચે) ચર્ચા એ વાત પર થઈ રહી છે કે અમેરિકા કેવી રીતે યોગ્ય રીતો અને કાનૂની સમર્થન મેળવશે જેથી અમને અમારા સ્પર્ધકો પર તે સ્પર્ધાત્મક લાભ મળે.

જ્યારે કરારનો પ્રથમ તબક્કાનું માળખાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું ત્યારે ભારતને તેના હરીફ દેશો ઇન્ડોનેશિયા, મલયેશિયા, સિંગાપોર, થાઇલેન્ડ, ફિલિપાઇન્સ, બ્રુનેઈ, વિયેતનામ, લાઓસ, મ્યાનમાર, કમ્બોડિયા, શ્રીલંકા, પાકિસ્તાન અને બાંગ્લાદેશની સરખામણીએ ફાયદો હતો. આ માળખા હેઠળ અમેરિકાએ ભારતીય માલ પર ૧૮ ટકા ટૅરિફની જાહેરાત કરી હતી.

## ‘સર’ માટે પાસપોર્ટ માન્ય દસ્તાવેજઃ ચૂંટણી પંચ

નવી દિલ્હીઃ મતદાર યાદીના ચાલી રહેલા સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર) હેઠળ મતદાર યાદીમાં મતદારની યોગ્યતા સાબિત કરવા માટે જરૂરી ૧૨ માન્ય સહાયક દસ્તાવેજોમાં ભારતીય પાસપોર્ટનો સમાવેશ થાય છે. આ માહિતી ચૂંટણી પંચના અધિકારીઓએ ગુરુવારે આપી હતી. વિદેશ મંત્રાલય(એમઇએ) દ્વારા પાસપોર્ટ એક્ટ ૧૯૬૭ને ટાંકીને પાસપોર્ટ નાગરિકતાનો પુરાવો નથી એ નિવેદન આપ્યા પછી વકરેલા વિવાદ બાદ ચૂંટણી અધિકારીઓ એક પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા. સરકારી સૂત્રોએ ભારપૂર્વક જણાવ્યું કે પાસપોર્ટને ક્યારેય નાગરિકતાનો પુરાવો માનવામાં આવ્યો નથી. બિહાર એસઆઇઆર, આસામનું સ્પેશિયલ રિવિઝન અને મતદાર યાદી સુધારણા પછીના તબક્કાઓ દરમિયાન પાસપોર્ટને સતત ૧૨ દસ્તાવેજો પૈકીના એક તરીકે સૂચિબદ્ધ કરવામાં આવ્યો છે, જેને વ્યક્તિ મતદાર યાદીમાં નોંધણી અથવા તેમની સ્થિતિ જાળવી રાખવા માટે અરજી કરતી વખતે રજૂ કરી શકે છે.એક અધિકારીએ જણાવ્યું કે પાસપોર્ટ ઓળખ સ્થાપિત કરવા માટેના દસ્તાવેજો પૈકીનો એક હતો અને રહેશે. તેમજ આમાં કોઇ ફેરફાર થયો નથી એ વાત પર પણ તેમણે ભાર મૂક્યો હતો.

## એનસીઈઆરટીના નવમા ધોરણના પાઠ્યપુસ્તકમાં ૧૯૭૫ની ‘કટોકટી’ના વિષયનો સમાવેશ

નવી દિલ્હીઃ એનસીઈઆરટીએ નવમા ધોરણના સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં વર્ષ ૧૯૭૫ની કટોકટીના વિષયનો સમાવેશ કર્યો છે અને તેને ભારતની લોકશાહી સામેના સૌથી મોટા પડકાર તરીકે વર્ણવ્યો છે. શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને આ પગલાંને એમ કહીને વધાવી લીધું હતું કે ભાવિ પેઢીને આ કાળાં કરતૂતોની જાણકારી હોવી જોઈએ.

વર્ષ ૨૦૦૭માં યુપીએના શાસનકાળ દરમિયાન આ વિષયને બારમા ધોરણના અભ્યાસક્રમનો હિસ્સો બનાવવામાં આવ્યો હતો, પરંતુ પ્રથમ જ વાર આ વિષયને નવમા ધોરણના અભ્યાસક્રમમાં આવરી લેવામાં આવ્યો હોવાનું તેમણે કહ્યું હતું. વર્ષ ૧૯૭૫થી ૧૯૭૭ દરમિયાન કટોકટી લાદવામાં આવી હતી તે સમયગાળો દેશની લોકશાહી માટે સૌથી પડકારજનક હતો. (એજન્સી)



**અકસ્માત :** ગુરુવારે લદાખમાં એક વાહન રોડ પરથી સરકીને ડ્રાસ નદીમાં ખાબકતા ૩૫ વર્ષનો પુરુષ મરણ પામ્યો હતો અને બે મહિલા સહિત ત્રણ જણ ગુમ હતા. બચાવ કામગીરી ચાલુ હતી. (પીટીઆઈ)

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારતની નાગરિકતાને મુદ્દે ગૂંચવાડો વધ્યો

**ભારતમાં** ગયા વરસે મતદાર યાદીઓમાં સુધારણા માટે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન (સર)ની પ્રક્રિયા હાથ ધરાઈ ત્યારે આધાર કાર્ડ નાગરિકતાના પુરાવા તરીકે માન્ય ગણાય કે નહીં તેનો ડખો ઉભો થયેલો. ચૂંટણી પંચે આધાર કાર્ડને નાગરિકતાના પુરાવા તરીકે માન્ય રાખવાનો ઈન્કાર કર્યો તેના કારણે વાત સુપ્રીમ કોર્ટમાં ગયેલી. સુપ્રીમ કોર્ટે બિહાર સહિતનાં રાજ્યો માટે આધાર કાર્ડને મતદાર યાદીમાં નામ નોંધાવવા માટે દસ્તાવેજ તરીકે માન્ય રાખવાનું ફરમાન કરેલું પણ આધાર કાર્ડને નાગરિકતાનું પ્રમાણપત્ર માનવાનો તો ઈન્કાર જ કરેલો.

ચૂંટણી પંચની દલીલ હતી કે, આધાર કાર્ડ માત્ર ઓળખનો પુરાવો છે અને તેને દેશના નાગરિક હોવાના પુરાવા તરીકે માન્ય ના રાખી શકાય. આ વાત હાસ્યાસ્પદ હતી કેમ કે, ભારતના નાગરિક તરીકે મળવાપાત્ર તમામ સરકારી લાભો આધાર કાર્ડના આધારે અપાય છે પણ નાગરિકતાના પુરાવા તરીકે આધાર કાર્ડ માન્ય નથી રખાતું. આ વાત અતાર્કિક છે પણ સુપ્રીમ કોર્ટે તેને માન્ય રાખીને આધાર કાર્ડને નાગરિકતાના પુરાવા તરીકે માન્યતા નહોતી આપી.

હવે ફરી આવી જ હાસ્યાસ્પદ સ્થિતિ ઊભી થઈ છે કેમ કે ભારત સરકારના વિદેશ મંત્રાલયે જ્ઞાન પિરસ્યું છે કે, પાસપોર્ટને નાગરિકતાનો પુરાવો ના ગણી શકાય. વિદેશ મંત્રાલયે હમણાં ભારતના ઝડપથી વિસ્તરતા પાસપોર્ટ નેટવર્ક અંગે એક પત્રકાર પરિષદ યોજી હતી. વિદેશમાં રોજગાર અને બીજાં કામો માટે જતા ભારતીયોને પાસપોર્ટ મેળવવામાં સરળતા રહે તે માટે ક્યા પ્રકારના સુધારા કરાયા છે તેની માહિતી આપવા યોજાયેલી પત્રકાર પરિષદમાં પાસપોર્ટને નાગરિકતા માટેનો દસ્તાવેજ ગણવો કે નહીં તે અંગે સવાલ કરાયો હતો. આ સવાલના જવાબમાં અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે, પાસપોર્ટ ભારતીયો માટે વિદેશમાં મુસાફરી કરવાનો દસ્તાવેજ જ છે ને કોઈ વ્યક્તિ પાસપોર્ટ ધરાવતી હોય તેના કારણે ભારતની નાગરિક બની જતી નથી.

વિદેશ મંત્રાલયના અધિકારીઓએ પણ ચૂંટણી પંચની જેમ હાસ્યાસ્પદ દલીલ કરી કે, ભારત સરકારે આપેલો પાસપોર્ટ વિદેશ જનારા ભારતીયોની ભારતીય તરીકેની ઓળખ સ્થાપિત કરે છે. પાસપોર્ટ આપવાનો ઉદ્દેશ આંતરરાષ્ટ્રીય મુસાફરી શક્ય બનાવવાનો અને વિદેશમાં ઓળખ સ્થાપિત કરવાનો છે તેથી તેને નાગરિકતાનો પુરાવો ના ગણી શકાય. સવાલ એ છે કે, પાસપોર્ટથી કોની અને કઈ ઓળખ સ્થાપિત થાય છે ? સ્વાભાવિક રીતે જ આ દેશનાં લોકોની ભારતીય તરીકેની ઓળખ સ્થાપિત થાય છે.

બીજો સવાલ એ છે કે, ભારતીય કોને કહેવાય ? ભારતની નાગરિકતા ધરાવતો હોય તેને ભારતીય કહેવાય. વિદેશ મંત્રાલયની વાત હાસ્યાસ્પદ એ રીત કહેવાય કે, ભારત સરકાર ભારતીય પાસપોર્ટ ધરાવતી વ્યક્તિને ભારતીય નાગરિક તરીકેની ઓળખ આપે છે પણ પોતે જ આપેલો પાસપોર્ટ ભારતીય નાગરિકતા માટેનો પુરાવો છે એવું સ્વીકારતી નથી. આ મૂર્ખામીની ચરમસીમા કહેવાય કે નહીં ?

આ મૂર્ખામી માટે હાલની સરકાર જવાબદાર નથી કેમ કે આ તો આગુ સે ચલી આતી હૈ. દેશ આઝાદ થયો એ વખતે જ ખરેખર તો ભારતના નાગરિક તરીકેની માન્યતા માટેની કોઈ વ્યવસ્થા ગોઠવવાની જરૂર હતી. ઘણા દેશોમાં સિટિઝનશિપ કાર્ડ અપાય છે, ઘણા દેશોમાં સિટિઝનશિપ સર્ટિફિકેટ અપાય છે, ઘણા દેશોમાં પાસપોર્ટને નાગરિકતા સાબિત કરતા દસ્તાવેજ તરીકે માન્યતા મળી છે. જવાહરલાલ નહેરુની સરકારે પહેલેથી જ નાગરિકતા નક્કી કરવા માટે કોઈ ખાસ દસ્તાવેજ દાખલ કર્યો હોત કે કોઈ પણ એક જ દસ્તાવેજને નાગરિકતાના પુરાવા તરીકે માન્યતા આપી દીધી હોત તો આ ગૂંચવાડો ના થયો હોત પણ નહેરુ સરકારે કશું ના કર્યું તેમાં ગૂંચવાડાની શરૂઆત થઈ. એ પછી આવેલી સરકારોએ પણ કશું ના કર્યું તેમાં કોકડું વધારે ગૂંચવાતું ગયું. નવા નવા ડોક્યુમેન્ટ આવતા ગયા પણ નાગરિકતા માટેનો કોઈ ચોક્કસ દસ્તાવેજ ના જ બન્યો.

અત્યારે સ્થિતિ એ છે કે, કોઈ પણ વ્યક્તિ ભારતની નાગરિક છે એ સાબિત કરવા માટે કોઇ ચોક્કસ માન્યતાપ્રાપ્ત સરકારી ડોક્યુમેન્ટ જ નથી. અત્યાર લગી એવું મનાતું હતું કે, પાસપોર્ટ નાગરિકતા માટેનો દસ્તાવેજ છે પણ હવે એ ભ્રમ દૂર કરી દેવાયો છે. સરકારે સ્પષ્ટતા કરી નથી પણ પાન કાર્ડ, મતદાર ઓળખપત્ર, આધાર કાર્ડ, રેશન કાર્ડ વગેરે પણ નાગરિકતાના દસ્તાવેજ તરીકે માન્ય નથી તેથી એ ભ્રમ પણ રાખવા જેવો નથી. જે લોકો ભારતમાં જન્મ્યા નથી ને બીજા દેશમાંથી આવીને ભારતમાં વસ્યા છે અને કાનૂની પ્રક્રિયા દ્વારા ભારતના નાગરિક બન્યા છે તેમને સરકાર સિટિઝન સર્ટિફિકેટ આપે છે તેથી તેમના માટે સમસ્યા નથી પણ બીજાં લોકો માટે ગૂંચવાડો છે. તેમણે બર્થ સર્ટિફિકેટ, માતા-પિતા કે દાદા-દાદીના દસ્તાવેજો, સ્કૂલ રેકોર્ડ્સ વગેરે દ્વારા ભારતની નાગરિકતા સ્થાપિત કરવી પડે છે. બધાં પાસે આ દસ્તાવેજો ના હોય તેથી ગૂંચવાડો તો છે જ.

મોદી સરકાર આ ગૂંચવાડાને દૂર કરવા શું કરશે એ ખબર નથી પણ કમ સે કમ એક પહેલ તો કરી જ શકે છે. ભારતમાં જન્મનારી દરેક વ્યક્તિને ભારતની નાગરિકતા મળે છે. અત્યારે આપણે ભારતના નાગરિક છીએ એ સાબિત કરવા માટે ભારતમાં જ જન્મ્યા હોવાના અલગ અલગ પુરાવા રજૂ કરવા પડે છે. સ્થાનિક સ્વરાજની સંસ્થામાં નોંધણી દ્વારા અપાતું બર્થ સર્ટિફિકેટ કે સ્કૂલનું સર્ટિફિકેટ સહિતના દસ્તાવેજો માન્ય ગણાય છે. તેના બદલે મોદી સરકાર ભારતમાં નવા જન્મતા દરેક બાળકને સિટિઝનશિપ કાર્ડ કે બીજું કોઈ કાર્ડ આપવાનું શરૂ કરે તો ધીરે ધીરે આ સમસ્યાનો ઉકેલ આવવાની શરૂઆત થશે. જેમની પાસે પણ કાર્ડ હોય એ આપોઆપ જ ભારતના નાગરિક ગણાય. આ પ્રકારની પહેલ કરવામાં એક સમસ્યા ઘૂસણખોરોની છે. જે લોકો ભારતમાં ગેરકાયદેસર રીતે રહે છે તેમનાં છોકરાંને આ સિસ્ટમથી આપોઆપ ભારતની નાગરિકતા મળી જાય તેની સામે સરકારને વાંધો હોય એ શક્ય છે. બાંગ્લાદેશ કે બર્માથી કે બીજે ક્યાંયથી ઘૂસણખોરી કરીને ભારતમાં આવી ગયેલાં ને અહીં જામી ગયેલાં લોકોનાં સંતાનો જન્મના આધારે ભારતનાં નાગરિક બની જાય એ સારી વાત નથી તેથી આ વાંધો વાજબી છે પણ તેના કારણે કોકડું ગૂંચવાયેલું રહે એ જરાય સારી વાત નથી. આ સંજોગોમાં સરકારે ઘૂસણખોરોને શોધવાની ક્વાયત હાથ ધરવી જોઈએ. બાંગ્લાદેશી મુસ્લિમ ઘૂસણખોરો કે બર્માના રોહિંગ્યાઓને પોતપોતાના દેશમાં પાછા ધકેલવાનું આ સરકારનું ગજું નથી એ વાત છેલ્લાં ૧૨ વર્ષમાં સાબિત થયેલી જ છે તેથી એવી આશા રાખવી વ્યર્થ છે પણ કમ સે કમ ઘૂસણખોરોની ઓળખ થઈ જાય તો પણ ઘણું. આ ઘૂસણખોરોનાં સંતાનોને જન્મથી ભારતની નાગરિકતા નહીં આપવામાં ધર્મના આધારે ભેદભાવનો હોબાળો થવાની શક્યતા છે પણ એ માટે સરકાર નવો કાયદો લાવી શકે. જે રીતે ભારતના પાડોશી છ દેશોના મુસ્લિમ સિવાયના નાગરિકોને ભારતની નાગરિકતા આપવા માટે સિટિઝન એમેન્ડમેન્ટ એક્ટ લવાયો એ રીતે ભારતમાં ઘૂસણખોરી કરીને આવેલા લોકોનાં સંતાનોને નાગરિકતા નહીં આપવાનો કાયદો બનાવી શકાય.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ, શુક્રવાર, તા. ૨૬-૬-૨૦૨૬, વિંછુડો

- ભારતીય દિનાંક ૫, માહે અષાઢ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જયેષ્ઠ સુદ -૧૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ, તિથિ સુદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૧૬મો મેહેર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૬મો મેહેર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૮મો દએપઆદર, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૦મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૧મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- નક્ષત્ર વિશાખા રાત્રે ક. ૧૯-૧૫ સુધી, પછી અનુરાધા
- ચંદ્ર તુલામાં બપોરે ક. ૧૨-૩૨ સુધી, પછી વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત), વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૫, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૭, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સવારે ક. ૧૦-૧૮, રાત્રે ક. ૨૧-૨૫
- ઓટઃ સાંજે ક. ૧૬-૧૦, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૫૫ (તા. ૨૭)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, નિજ જયેષ્ઠ શુક્લ - દ્વાદશી. વિંછુડો પ્રારંભ બપોરે ક. ૧૨-૩૨, મોહર્રમ તાજિયા (મુસ્લિમ), હજરતઅલીનો જન્મદિવસ (મુસ્લિમ), ચંપક દ્વાદશી. (બંગાળ). સૂર્ય મહાનક્ષત્ર આર્દ્રામાં વાહન ગદર્ભ.

શુભાશુભ દિનશુદ્ધિઃ સવારે ક. ૧૩.૪૫ પછી શુભ.

- મુહૂર્ત વિશેષઃ લગ્ન,ખાત, ઈન્દ્ર અગ્નિ પૂજા, ગુરુ-શુક્ર ગ્રહદેવતાનું પૂજન, નવાં વસ્રો, આભૂષણ, ધાન્ય ઘરે લાવવું, પશુ લે-વેંચ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-બુધ ત્રિકોણ વિચારો ફર્યા કરે, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ કજિયાખોર, ચંદ્ર-ગુરુ ત્રિકોણ આવકારદાયક સ્વભાવ, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ નાણાં વ્યવહારમાં સંભાળવું.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ત્રિકોણ, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ (તા. ૨૭)
- ગ્રહગોચરઃ સૂર્ય-મિથુન, મંગળ-વૃષભ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કર્ક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

# અમે રામ મંદિરમાં આપેલી ૨૦૦ કિલો ચાંદી ક્યાં?: સિંધી સમાજ

લખનઊઃ અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ માટે આપવામાં આવેલા દાન અને પ્રસાદમાં કથિત અનિયમિતતાઓને લગતા ચાલી રહેલા વિવાદ વચ્ચે, સિંધી સમુદાયના એક પ્રતિનિધિએ જાન્યુઆરી ૨૦૨૧માં મંદિરને દાનમાં આપવામાં આવેલી ૨૦૦ કિલોગ્રામ ચાંદીની ઇંટો અંગે પારદર્શિતા માગી છે.

એક વેપારી અને વૈશ્વિક સિંધી સમુદાયના પ્રતિનિધિ રાજુ વી. મનવાણીએ જણાવ્યું હતું કે ૨૬ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ ભારત અને વિદેશના સમુદાયના લગભગ ૨૦૦ ભક્ત દ્વારા રામ મંદિરના નિર્માણ માટે યોગદાન તરીકે ચાંદીની ઇંટો દાનમાં આપવામાં આવી હતી.

મનવાણીના જણાવ્યા મુજબ, ભક્તોએ એકથી દસ ઇંટો સુધીની વિવિધ માત્રામાં ચાંદીની ઇંટોનું દાન કર્યું હતું, અને સમગ્ર દાન મંદિર પ્રોજેક્ટમાં ઉપયોગ માટે શ્રદ્ધા અને ભક્તિ સાથે સોંપવામાં આવ્યું હતું.

જોકે, તાજેતરના અહેવાલો અને મંદિરના દાન અને પ્રસાદ સાથે જોડાયેલી કથિત અનિયમિતતાઓની ચાલી રહેલી તપાસને પગલે, સમુદાયે ચાંદીની ઇંટોના ઉપયોગ અંગે માહિતી માંગી છે અને રસીદો અથવા સંબંધિત રેકોર્ડ ઉપલબ્ધ કરાવવાની વિનંતી કરી છે.મનવાણીએ કહ્યું કે સમુદાય દ્વારા દાનમાં આપવામાં આવેલી ચાંદીની કિંમત આશરે ૧.૫ કરોડ રૂપિયાથી બે કરોડ રૂપિયા આંકવામાં આવી છે અને તેના ઉપયોગ અંગે પારદર્શિતા જરૂરી છે.

# બંધારણ પર સીધો પ્રહાર હતી કટોકટીઃ વડા પ્રધાન

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે કહ્યું કે કટોકટી એ બંધારણ પર સીધો હુમલો હતો કારણ કે આ સમયગાળામાં નાગરિક સ્વતંત્રતાઓ, અભિવ્યક્તિની સ્વતંત્રતા પર નિયંત્રણો અને ભારતીય લોકશાહીના પાયા સમાન સંસ્થાઓ પર હુમલો થયો હતો.

ભારતના ઇતિહાસના સૌથી કાળા પ્રકરણોમાંના એક દરમિયાન લોકશાહીના મૂલ્યોનો અડગ રીતે બચાવ કરનારા તમામ લોકોને શ્રદ્ધાંજલિ આપતા, મોદીએ કહ્યું કે કટોકટીએ અસંખ્ય નાગરિકોની અસાધારણ હિંમત પણ પ્રગટ કરી જેમણે મૌન રહેવાનો ઇનકાર કર્યો અને બંધારણમાં સમાવિષ્ટ આદર્શોને સમર્થન આપ્યું.

કટોકટી આપણા બંધારણ પર સીધો હુમલો હતો. તેમાં નાગરિક સ્વતંત્રતાઓ, અભિવ્યક્તિની સ્વતંત્રતા પર નિયંત્રણો, રાજકીય નેતાઓ, પત્રકારો, સામાજિક કાર્યકરોની ધરપકડ અને આપણા લોકશાહીના પાયા સમાન સંસ્થાઓ પર હુમલો જોવા મળ્યો, એમ તેમણે એક્સ પર એક પોસ્ટમાં ૧૯૭૫માં આ દિવસે કટોકટીની ઘોષણાનો ઉલ્લેખ કરતા કહ્યું.

વડા પ્રધાને કહ્યું કે લોકો માટે, બંધારણ ૧૪૦ કરોડ ભારતીયોની આકાંક્ષાઓ, અધિકારો અને ફરજોનું મૂર્ત સ્વરૂપ છે.

તેમણે કહ્યું કે અમે બંધારણીય મૂલ્યોનું રક્ષણ કરવા માટે અમારી સામૂહિક પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરીએ છીએ. આપણા બંધારણની ભાવનાથી માર્ગદર્શન મેળવીને, આપણે એક એવું ભારત બનાવીશું જે ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વ પ્રત્યે હંમેશા પ્રતિબદ્ધ રહે.

# એનસીઈઆરટીના નવમા ધોરણના પાઠ્યપુસ્તકમાં ૧૯૭૫ની 'કટોકટી'ના વિષયનો સમાવેશ

નવી દિલ્હીઃ એનસીઈઆરટીએ નવમા ધોરણના સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં વર્ષ ૧૯૭૫ની કટોકટીના વિષયનો સમાવેશ કર્યો છે અને તેને ભારતની લોકશાહી સામેના સૌથી મોટા પડકાર તરીકે વર્ણવ્યો છે. શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને આ પગલાંને એમ કહીને વધાવી લીધું હતું કે ભાવિ પેઢીને આ કાળાં કરતૂતોની જાણકારી હોવી જોઈએ.

વર્ષ ૨૦૦૭માં યુપીએના શાસનકાળ દરમિયાન આ વિષયને બારમા ધોરણના અભ્યાસક્રમનો હિસ્સો બનાવવામાં આવ્યો હતો, પરંતુ પ્રથમ જ વાર આ વિષયને નવમા ધોરણના અભ્યાસક્રમમાં આવરી લેવામાં આવ્યો હોવાનું તેમણે કહ્યું હતું.

વર્ષ ૧૯૭૫થી ૧૯૭૭ દરમિયાન કટોકટી લાદવામાં આવી હતી તે સમયગાળો દેશની લોકશાહી માટે સૌથી પડકારજનક હતો. ૧૯૭૦ના આરંભથી જ ઈંદિરા ગાંધીના વડપણ હેઠળની સરકાર સામે લોકોમાં અસંતોષ વધવા માંડ્યો હતો. વધતીજતી બેરોજગારી, મોંઘવારી અને ગેરવહીવટને કારણે દેશભરમાં વ્યાપક વિરોધપ્રદર્શન થવા માંડ્યા હોવાનું સામાજિક વિજ્ઞાનના નવા જ તૈયાર કરવામાં આવેલા પાઠ્યપુસ્તક 'અન્ડરસ્ટેન્ડિંગ સોસાયટીઃ ઈન્ડિયા ઍન્ડ બિયોન્ડ'ના એક ફકરામાં જણાવવામાં આવ્યું છે. (એજન્સી)

# ડિજિટલ અરેસ્ટ સ્કેમઃ સીબીઆઈના ૧૬ રાજ્યમાં ૮૦ ઠેકાણાંએ દરોડા

નવી દિલ્હીઃ સેંકડો લોકોને સુપ્રીમ કોર્ટ વેબસાઇટ જેવુ યુનિફોર્મ રિસોર્સ લૉકેટર (યુઆરએલ) બનાવીને ડિજિટલ ધરપકડના કૌભાંડ વડે ફસાવનારા નેટવર્કને તોડી નાખવા સીબીઆઈએ ૧૬ રાજ્યના ૮૦ ઠેકાણાંએ દરોડા પાડ્યા હતા. કેન્દ્રીય એજન્સીએ પશ્ચિમમાં પંજાબથી ગુજરાતથી માંડીને ઈશાનમાં આસામ અને મણિપુર સુધીના ૧૬ રાજ્યમાં ૬૦ ખાસ ટીમ તહેનાત કરીને દરોડા પાડ્યા હતા. આવા સાયબર સંબંધિત છેતરપિંડીના ૨૦૦ કેસમાં સંડોવાયેલી નેટવર્કને ધ્વંસ કરનારા 'ઑપરેશન ચક્ર-છ'ના ભાગરૂપે દરોડા પાડ્યા હતા. સાયબર વડે ખંડણી માગવામાં ડિજિટલ સ્કેમ કૌભાંડનો મોટો ફાળો છે. આમાં ઇસમો પોલીસ અધિકારી, કેન્દ્રીય એજન્સી કે અદાલતી અધિકારીનો સ્વાંગ ધારણ કરીને પીડિતોનો સંપર્ક કરે છે. પીડિતોને તેઓએ ફોજદારી ગુનો કર્યો છે એવું ઠસાવીને ધરપકડ કે ફોજદારી કાર્યવાહી બચવા ખંડણી માગવામાં આવે છે. આ કૌભાંડના કેન્દ્રસ્થાને સીબીઆઈ અને સુપ્રીમ કોર્ટ જેવા છેતરાતા યુઆરએલ ધરાવતી વેબસાઇટ છે. (એજન્સી)

# જાપાનમાં ૭.૨ની તીવ્રતાનો ભૂકંપ

ટોક્યોઃ જાપાનના ઉત્તર કિનારા વિસ્તારમાં ગુરુવારે ૭.૨ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો. જોકે ભૂકંપ બાદ ત્સુનામીનું કોઈ જોખમ ન હોવાનું દેશના હવામાન ખાતાએ જણાવ્યું હતું. ભૂકંપનું કેન્દ્રબિન્દુ જમીનની સપાટીથી ૫૦ કિ.મી. ઊંડે હતું. તાજેતરના મહિનાઓમાં આ જ વિસ્તારમાં અવારનવાર ભૂકંપ નોંધાયા હતા. ટોક્યોમાં પણ આ ભૂકંપની હળવી અસર જોવા મળી હતી. જોકે ભૂકંપને કારણે જાનમાલની હાનિ થઈ હોવાનાં કોઈ અહેવાલ નથી. જાપાનના વડા પ્રધાન સાને તાકાઈચીએ કહ્યું હતું કે નાગરિકોના જાનની સુરક્ષા અમારી પ્રાથમિકતા છે. (એજન્સી)



**વરસાદઃ** ગુરુવારે પશ્ચિમ બંગાળના કોલકાતામાં વરસાદ પડતા રોડ પર પાણી ભરાઈ ગયાં હતાં. (પીટીઆઈ)

# હોર્મુઝ સ્ટ્રેટ ફરી ખુલવાથી જોખમ ઘટશે, પણ સપ્લાયના ખર્ચમાં વધારો થશેઃ એસએન્ડપી

નવી દિલ્હીઃ હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખુલવાથી એશિયા-પેસિફિક ક્ષેત્ર માટે એક મોટું જોખમ ઘટ્યું છે, પરંતુ સપ્લાયના ખર્ચમાં વધારો થશે. એસએન્ડપી ગ્લોબલ રેટિંગ્સે ગુરુવારે આ જાણકારી આપી હતી. નોંધનીય છે કે અમેરિકા અને ઇરાને ૧૭ જૂનના રોજ એક એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં ૬૦ દિવસની અંદર અંતિમ કરાર પર પહોંચવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. આ એમઓયુમાં હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલવા અને કોઈ પણ પ્રકારની ફી લીધા વિના કમર્શિયલ જહાજોના અવરજવરનો પણ ઉલ્લેખ છે.

એસએન્ડપી ગ્લોબલ રેટિંગ્સે પોતાના રિપોર્ટમાં કહ્યું હતું કે અમેરિકા અને ઇરાન વચ્ચેનો એમઓયુ સકારાત્મક છે, પરંતુ ઇરાનના પરમાણુ કાર્યક્રમ, પ્રતિબંધોમાં રાહત, પ્રાદેશિક સુરક્ષા અને ઇઝરાયલની સુરક્ષા ચિંતાઓ જેવા મુદ્દાઓ વણઉકેલાયેલા રહ્યા છે.

'હોર્મુઝ ખુલ્યુ પરંતુ ખરાબ હાલત યથાવત' શીર્ષક હેઠળ જાહેર કરાયેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે શિપિંગ, વીમો, બંદર અને ઓપરેશનલ અવરોધો પણ સંઘર્ષ પહેલાના સ્તર પર પાછા ફરવામાં વિલંબ કરી શકે છે, એસએન્ડપીએ ૨૦૨૬માં બાકીના સમયગાળા માટે બ્રેન્ટની કિંમતનો અંદાજ સરેરાશ ૧૧૦ ડોલર પ્રતિ બૅરલ રહેવાની શક્યતા છે. તે ૨૦૨૭માં ઘટીને ૮૦ ડોલર પ્રતિ બૅરલ અને ૨૦૨૮માં ૬૫ ડોલર પ્રતિ બેરલ થવાનો અંદાજ છે.

એસએન્ડપી ગ્લોબલ રેટિંગ્સમાં એશિયા-પેસિફિક ક્રેડિટ રિસર્ચના વડા યુનિસ ટેને જણાવ્યું હતું કે, હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલવાથી મુખ્ય તાત્કાલિક જોખમો દૂર થયા છે, પરંતુ એશિયા-પેસિફિક પ્રદેશ હજુ પણ ધીમી, વધુ ખર્ચાળ અને વધુ વિખરાયેલી પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યો છે.

એસએન્ડપીએ કહ્યું કે આનાથી શરૂઆતના ઝટકામાં ઘટાડો થયો છે પરંતુ આનો અર્થ એ નથી કે બજારમાં સુધારો થયો છે. ભારત વિશ્વનો સૌથી મોટો યુરિયા આયાતકાર છે અને ગલ્ફ સપ્લાયર્સ પર ભારે આધાર રાખે છે, જ્યારે બાંગ્લાદેશ અને અન્ય દેશો આયાતી ખાતર અને ગેસ-આધારિત નાઇટ્રોજન ઉત્પાદન પર આધાર રાખે છે. ઉત્તર આફ્રિકા, રશિયા, ચીન અથવા યુરોપમાંથી વૈકલ્પિક પુરવઠો મદદ કરી શકે છે, પરંતુ આ પ્રક્રિયા ધીમી અને ખર્ચાળ હશે.

## પ્રજામત

### મેહુલિયા હવે તો આવી જા...

ઓ મેહુલિયા, બહુ થયું હવે તો
માની જા, હવે તો આવી જા
ગયો અધિક માસ, ભક્તિમાં
રંગાયા, રહ્યા ઠાકોરજીમાં વ્યસ્ત,
નદીઓમાં નાહ્યા, ગોરમાનાં
ગીત ગાયાં, પૂજા-પાઠ કર્યાં મસ્ત,
હજી તો મહિનો છે જેઠ, તારા
આગમનને છે વાર, એવું વિચારી
ઉકળાટ પસીનાથી થયા ત્રસ્ત,
અથાણાં અથાઈ ગયાં,
મસાલા ખંડાઈ ગયા,
પાપડ વળીને ફરફર પણ સુકાઈ ગયા,
માળિયેથી ઉતારેલી છત્રીઓ છે ઉદાસ,
તારી સાથે આવતા જાંબુ-ફણસ
પણ છે નિરાશ
મેહુલા, તું ના આવીને ચાતક
હત્યાનું પાપ કરીશ કે
દેડકાઓનું ડ્રાઉં-ડ્રાઉં શાંત કરીશ?
રોજરોજ સમાચારમાં આવતા તારા
આગમનના વરતારા પડે છે ખોટા
વધુ વરસાદની રજા મળશે એની
રાહ જુએ છે સૌ નાના-મોટા,
ગયા વરસે તું ખૂબ વરસ્યો એટલે
ખૂબ પડી ગાળો, એટલે સાવ આમ
રિસાઈ જવાનું? મેઘરાજા બનીને
ધરતીરાણીને મળવા ન આવવાનું?
મેહુલિયા, બહુ થયું, હવે તો
આવી જા, હવે તો અનરાધાર વરસ,
દરેક મુંબઈકરને છે તારી તરસ.

-પ્રીતિ માણેક, કાંદિવલી-ઈસ્ટ

### સત્સંગ

-સોબત તેવી અસર.
-ડાહ્યાજનનો સંસર્ગ થવાથી મંદજન પણ બુદ્ધિશાળી બની જાય છે.
-ચંદ્ર અને ચંદન કરતાંય સાધુજનોની સંગતિ વિશેષ શીતળ હોય છે.
- જેવી રીતે પારસ પથ્થરના સંપર્કથી લોઢું સોનું થઈ જાય છે એવી જ રીતે સત્સંગથી પાકટ દુષ્ટ આદમી પણ સુધરી જાય છે.
- તીર્થયાત્રા કાળે કરીને ફરે છે, પણ સાધુ સમાગમ તો તરત જ ફળ આપે છે.
-સજ્જનના સંગથી દુર્જન પણ સજ્જન બની જાય છે.
-જળનું બિંદુ તુચ્છ હોવા છતાં સાગરની છીપમાં પડતાં મોતી બની જાય છે.

- હર્ષદ દડિયા, ઘાટકોપર (ઇસ્ટ)

### પત્ર મિત્રોને ખાસ સૂચના

પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. - તંત્રી

# વરરાજા લગ્ન મંડપમાં દારૂ પીને આવ્યો તો કન્યાએ લગ્નની ના પાડી દીધી

જાંજગીરઃ છત્તીસગઢના જાંજગીર-ચાંપા જિલ્લામાં એક કન્યાએ લગ્નના મંડપમાં દારૂના નશામાં ધૂત વરરાજાને જોઇને લગ્ન કરવાનો ઇનકાર કરી દીધો હતો. યુવતીના આ નિર્ણયની ક્ષેત્રમાં પ્રશંસા થઇ રહી છે. પોલીસ દ્વારા તેણીને સન્માનિત પણ કરવામાં આવી છે.પ્રાપ્ત માહિતી અનુસાર બાવીસ વર્ષીય મુસ્કાન પ્રધાનના લગ્ન ૨૩ જૂનના રોજ ખોખરા ગામ નિવાસી ૨૪ વર્ષીય સંત રામ સાથે નક્કી થયા હતા. જાન નિર્ધારિત સમયે કોસમંડા ગામ પહોંચી હતી અને લગ્નની વિધિઓ શરૂ થઇ હતી. આ દરમિયાન કન્યા પક્ષને વરરાજો દારૂના નશામાં ધૂત હોવાનું જાણવા મળ્યું હતું. તે પોતાના પગ પર ઊભા રહેવાને પણ સક્ષમ ન હતો.

આ દરમિયાન વરરાજાની હાલત જોઇને મુસ્કાન પ્રધાને લગ્ન કરવાની ના પાડી દીધી હતી. ત્યારબાદ બંને પક્ષો વચ્ચે વિવાદ વકર્યો હતો. આ બાબતે તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઇ હોવાની સૂચના મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર મુસ્કાને જણાવ્યું કે સગાઇ વખતે પણ વરરાજો દારૂના નશામાં ધૂત હતો. તે વખતે તેને દારૂ છોડવાની ચેતવણી આપવામાં આવી હતી. ત્યારે તેણે દારૂ નહીં પીવાનું વચન આપ્યું હતું. વિવાદ દરમિયાન બંને પક્ષો વચ્ચે ઝપાઝપી બોલી હતી. જેમાં કેટલાક લોકોને સામાન્ય ઇજાઓ થઇ હતી. તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ ઘટના બાદ ગુરુવારના રોજ જાંજગીર-ચાંપાના પોલીસ અધિક્ષક વિજય કુમાર પાંડેએ સામાજિક કાર્યકરો અને મહિલા પ્રતિનિધિઓની હાજરીમાં મુસ્કાનને સન્માનિત કરી હતી.

# અમરેલીના ખાંભામાં સિંહણનો આતંકઃ પાંચ વર્ષનાં બાળકનો શિકાર કર્યો

## મહિનામાં ત્રીજી ઘટનાથી સ્થાનિકોમાં ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલીના ખાંભા તાલુકાના ચતુરી ગામે ગત રાત્રે એક સિંહણે માત્ર ૫ વર્ષના માસૂમ બાળકને તેના દાદાની નજર સામેથી જ ઝૂંટવીને મોતને ઘાટ ઉતારી દીધો હતો. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે શોક, ભય અને વન વિભાગ સામે ઉગ્ર આક્રોશ ફાટી નીકળ્યો છે. અમરેલી જિલ્લામાં છેલ્લા એક જ મહિનામાં સિંહના હુમલાની આ ત્રીજી ઘટના છે. સિંહણની ઊલટીમાંથી બાળકના અવશેષો મળ્યા હતા.

મળતી વિગતો મુજબ ચતુરી ગામે રહેતો ૫ વર્ષનો માસૂમ જીયાન દેવકુંભાઈ સીધા રાત્રિના સમયે તેના દાદાની આંગળી પકડીને દૂધ આપવા જઈ રહ્યો હતો. આ દરમિયાન અંધારામાંથી અચાનક ત્રાટકેલી સિંહણે માસૂમ જીયાન પર હુમલો કર્યો હતો. દાદા કાંઈ સમજે તે પહેલાં જ સિંહણ બાળકને તેમની નજર સામેથી જ ખેંચીને જંગલ તરફ ભાગી ગઈ હતી. દાદાની મજબૂર ચીસો અને બાળકના આક્રંદથી આખું ગામ ગૂંજી ઉઠ્યું હતું.

ઘટનાની જાણ થતાં જ ગ્રામજનો તાત્કાલિક લાકડીઓ લઈને માસૂમની વહારે દોડ્યા હતા અને જંગલ વિસ્તારમાં શોધખોળ આદરી હતી. મૃતકના મામા દાનુભાઈ વઘોસીના જણાવ્યા અનુસાર, વન વિભાગની ટીમ પહોંચે તે પહેલાં ગામના બે-ત્રણ યુવાનોએ લાકડીઓ વડે હુમલો કરીને બાળકને સિંહણની ચુંગાલમાંથી છોડાવવાનો પ્રયત્ન કર્યો હતો.

ગ્રામજનોની ભારે જહેમત છતાં, કમનસીબે ગામથી આશરે એક કિલોમીટર દૂરથી જીયાનનો લોહીલુહાણ મૃતદેહ મળી આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં રાજુલાના કોવાયા ગામ નજીક આવેલી એક રેસ્ટોરામાં કામ કરતા અને મૂળ ઉત્તરાખંડના યુવક પર સિંહણે અચાનક હિંસક હુમલો કર્યો હતો. મોડી રાત્રે પોતાના વતન જવા નીકળેલા યુવકને સિંહણ ખેંચીને સીમ વિસ્તારમાં લઈ ગઈ હતી અને ફાડી ખાધો હતો. સિંહણના હુમલાનો ભોગ બનેલા યુવકની માત્ર ખોપડી અને શરીરના કેટલાક અવશેષો જ મળી આવ્યા હતા, જેને જોઈને સ્થાનિકો અને અધિકારીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા. આ પહેલા સાવરકુંડલાના સાવર ગામની સીમમાં ખેતી કામ માટે ગયેલા ખેડૂતને સિંહણે ફાડી ખાધો હતો. ખેતરમાંથી તેના થોડા અવશેષો મળ્યા હતા. ■

# રાજ્ય સરકાર ૨૬ જિલ્લામાં ૧૦૦ હાઈટેન્શન લાઈન નાખવાની તૈયારીમાંઃ ઈસુદાન ગઢવીનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબી જિલ્લામાં ખેતરમાં વીજ લાઇન નાખવાના વિરોધમાં જેતપર ગામમાં ખેડૂતોનું આમરણ ઉપવાસ આંદોલન ચાલી રહ્યું છે. આમ આદમી પાર્ટી (આપ)ના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઇસુદાન ગઢવીએ મોરબી જિલ્લામાં ચાલી રહેલા ખેડૂતોના આંદોલનને સમર્થન આપતા શાસક પક્ષ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. ઇસુદાન ગઢવીએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, કરોડો રૂપિયા કમાવા આવેલી ખાનગી કંપનીઓની દલાલ બનીને ભાજપ સરકાર કંપનીઓને ભાડે પોલીસ પ્રોટેક્શન પૂરું પાડી રહી છે અને પોતાના હક માટે લડતા ગુજરાતના ખેડૂતો પર અત્યાચાર ગુજારવામાં કોઈ કસર બાકી નથી રાખી રહી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મોરબીના જેતપર ગામે પોતાની કિંમતી જમીન બચાવવાની મજબૂર માંગ સાથે ખેડૂતો છેલ્લા આઠ દિવસથી આમરણાંત ઉપવાસ પર ઉતર્યા છે. આમ છતાં ગાંધીનગરમાં એસી ચેમ્બરોમાં બેઠેલા મુખ્ય પ્રધાન અને પ્રધાનો જલસા કરી રહ્યા છે અને સરકાર પર આની કોઈ અસર દેખાતી નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે સરકારના એક મંત્રી પોતે આ જ ગામના વતની હોવા છતાં ખેડૂતોના પ્રશ્નોની કોઈ નોંધ લેવાતી નથી. 'આપ' નેતાએ સરકારને તાકીદ કરી છે કે તાત્કાલિક ધોરણે ઉપવાસી ખેડૂતોની મુલાકાત લઈ તેમના પ્રશ્નો સાંભળવામાં આવે અને યોગ્ય ઉકેલ લાવવામાં આવે. ઇસુદાન ગઢવીએ હાઇટેન્શન લાઇનના પ્રોજેક્ટ અંગે મોટો દાવો કરતા આક્ષેપ કર્યો હતો કે, ભાજપ અને ખાનગી કંપનીઓ વચ્ચે બંધબારણે યોજાયેલી બેઠકો બાદ ખેડૂતોની મરજી વિરુદ્ધ આ લાઇન નાખવામાં આવી રહી છે. આ સમસ્યા માત્ર મોરબી, જેતપર, કચ્છ, દ્વારકા કે જામનગર પૂરતી સીમિત નથી, પરંતુ રાજ્યના ૨૬ જિલ્લાઓમાંથી આવી કુલ ૧૦૦ હાઇટેન્શન લાઇનો પસાર થવાની છે. એક લાઇનમાં અંદાજે ૧૫૦૦ જેટલા થાંભલા ઊભા કરાશે, જેના કારણે ગુજરાતની કુલ ૩૮ લાખ વીઘા જમીનને સીધી અસર થશે અને લાખો ખેડૂતો પાયમાલ થઈ જશે. સરકારે આ આંકડાઓ અંગે તાત્કાલિક ખુલાસો કરવો જોઈએ તેમ કહી તેમણે ખેડૂતોને આ લડતમાં એક થવા હાકલ કરી હતી. ■

# ગુજરાતમાં અઠવાડિયાના અંતમાં વરસાદી માહોલ જામશેઃ હવામાન વિભાગની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હવામાન વિભાગ અમદાવાદ કેન્દ્ર દ્વારા રાજ્ય માટે આગામી સાત દિવસની હવામાન આગાહી અને બુલેટિન જાહેર કરવામાં આવ્યું હતું. હવામાન વિભાગના અહેવાલ મુજબ, ચોમાસાની ઉત્તરીય મર્યાદા હાલમાં સુરત સહિતના વિસ્તારોમાંથી પસાર થઈ રહી છે અને આગામી ૩-૪ દિવસમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું સમગ્ર ગુજરાતમાં આગળ વધવા માટે પરિસ્થિતિઓ સંપૂર્ણપણે અનુકૂળ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૭ દિવસ દરમિયાન રાજ્યના મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. જોકે, રાજ્યના જુદા જુદા ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી.

૨૭ જૂન સુધી ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા વગેરે, દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, ભરૂચ વગેરે તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, કચ્છના જિલ્લાઓમાં છૂટાછવાયાં સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે.

૨૭ જૂનથી ૨૮ જૂન દરમિયાન દક્ષિણ ગુજરાતના મોટાભાગના જિલ્લાઓ અને સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ તથા દીવમાં છૂટાછવાયાં સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ પડશે.

૨૮ જૂનથી ૨ જુલાઈના સમયગાળા દરમિયાન દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓ વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડમાં વરસાદી માહોલ વ્યાપક જામશે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતના પંચમહાલ, દાહોદ, મહિસાગર અને સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથમાં પણ હળવાથી મધ્યમ વરસાદ યથાવત રહેશે.

તારીખ ૨૬ જૂનના રોજ અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારોમાં સામાન્ય રીતે વાદળછાયું આકાશ રહેવાની ખૂબ જ વધારે શક્યતા છે. શહેરમાં મહત્તમ તાપમાન ૪૧ઓઈ ની આસપાસ નોંધાઈ શકે છે.

રાહતના સમાચાર એ છે કે આગામી સાત દિવસ દરમિયાન ગુજરાત રાજ્ય, દીવ, દમણ તેમજ દાદરા અને નગર હવેલી માટે હવામાન વિભાગ દ્વારા કોઈ પણ પ્રકારની ગંભીર ચેતવણી જાહેર કરવામાં આવી નથી. આથી આગામી અઠવાડિયે ભારે પૂર કે અતિભારે વરસાદ જેવી કોઈ પ્રતિકૂળ સ્થિતિ સર્જાવાની સંભાવના નથી. ■

# ભાવનગરમાં કાચબાનું શાક બનાવી મિજબાની માણતા ચાર પરપ્રાંતીય મજૂરો ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લામાં એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. ભાવનગર વન વિભાગે શહેરના એરપોર્ટ વિસ્તારમાં કન્સ્ટ્રક્શન સાઈટ પર પર કાચબાની મિજબાની માણતા ચાર પરપ્રાંતીય મજૂરોને ઝડપી પાડ્યા હતા. વન વિભાગે સ્થળ પરથી કાચબાનું તૈયાર કારાયેલું શાક અને અન્ય પુરાવા કબજે કરી એફએસએલ માટે મોકલી આપ્યા હતા.

મળતી વિગતો અનુસાર, ભાવનગર વન વિભાગને મળેલી બાતમીના આધારે ભાવનગર એરપોર્ટ વિસ્તારમાં દરોડો પાડવામાં આવ્યો હતો. ત્યાંની એક ખાનગી કંપનીની કન્સ્ટ્રક્શન સાઈટ પર કામ કરતા ચાર પરપ્રાંતીય મજૂરોને દુર્લભ પ્રજાતિના અને વન્યજીવ સંરક્ષણ અધિનિયમ હેઠળ શેડ્યુલ-૧માં આવતા કાચબાનું ભોજન બનાવીને માણતા ઝડપી લીધા હતા. વન વિભાગે એરપોર્ટ પરિસરમાં રેડ કરતા સ્થળ પરથી કાચબાનું તૈયાર કરાયેલું શાક, કાપકૂટ માટે વપરાયેલ ચપ્પુ સહિતના મહત્ત્વના પુરાવા કબજે કર્યા હતા. વન વિભાગે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ઘટનાસ્થળ પરથી વન વિભાગે ૪થી ૫ જેટલા અલગ અલગ સેમ્પલ એકત્રિત કરી ફોરેન્સિક લેબમાં મોકલી આપ્યા હતા. ■

# અંજારના સતાપર નજીક કેમિકલમાંથી નકલી વોડકા બનાવતી મિની ફેક્ટરી ઝડપાઈ

ભુજઃ પૂર્વ કચ્છ સ્થાનિક ગુનાશોધક શાખા દ્વારા અંજારના સતાપર ગામની સીમમાં સ્થિત એક વાડાની ઓરડી પર દરોડો પાડીને કેમિકલ અને એસેન્સમાંથી નકલી ઈંગ્લિશ દારૂ (વોડકા) બનાવવાની ફેક્ટરીનો પર્દાફાશ કર્યો છે. પોલીસે ગોવર્ધન ટેકરીથી સતાપર જવાના માર્ગ પર આવેલા વાડા પર દરોડો પાડીને બે શખ્સોને જામુન ફ્લેવરની નકલી વોડકા બનાવતા રંગેહાથ ઝડપી લીધા હતા.

દરોડા દરમિયાન પોલીસે મકાનમાંથી ૨૦૦ લિટરના બેરલોમાં રાખેલું ૬૦૦ લિટર પાણી જેવું કેમિકલ, દારૂ જેવા રંગવાળું ૨૦૦ લિટર કેમિકલ, ૩૦ લિટર દ્રાવણ, જાંબલી રંગનું એસેન્સ તેમજ આ કેમિકલમાંથી તૈયાર કરાયેલો ૩૦૦ લિટર નકલી વોડકા દારૂ જપ્ત કર્યો હતો. આ ઉપરાંત, 'મેજિક મોમેન્ટ્સ' બ્રાન્ડની ૧૮૦ એમ.એલ.ની ભરેલી ૧,૦૫૬ પ્લાસ્ટિકની બાટલીઓ, ૬,૩૦૦ ખાલી બાટલીઓ, ઈલેક્ટ્રિક ફિલિંગ મશીન, બોટલો સીલ કરવાનું મશીન, બુચ, બ્રાન્ડેડ કંપનીના નકલી સ્ટીકર અને હોલોગ્રામ સહિત કુલ રૂ. ૮.૭૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ કેમિકલ કેટલું ઘાતક છે તેની તપાસ માટે પોલીસે ફોરેન્સિક લેબના નિષ્ણાતોને સાથે રાખીને સેમ્પલ લેવડાવ્યા હતા.

પોલીસે ઘટનાસ્થળેથી સતાપર ગામના સુનિલ શામજી માતા અને રમજાન હમીર કાસમ જુણેજાની ધરપકડ કરી હતી. તેમની પ્રાથમિક પૂછપરછમાં અંતરજાળના કિશોર નાગજી વ્યાસ અને આદિપુરના કેસરનગરના રાજેશ ઉર્ફે રાજુ રઘુ પ્રજાપતિની સંડોવણી હોવાનું બહાર આવ્યું છે. એલસીબીના પી.આઈ જે.એમ. વાળા અને પીએસઆઈ ડી.જી. સહિતની ટુકડીએ આ સફળ કામગીરી પાર પાડીને ફરાર અન્ય આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યાં હતા. અત્રે એ ઉલ્લેખનીય છે કે, પૂર્વ કચ્છમાં અગાઉ પણ આ જ મોડસ ઓપરેન્ડીથી ચાલતી નકલી દારૂની ફેક્ટરીઓ પકડાઈ ચૂકી છે. અગાઉ માર્ચ ૨૦૧૮માં આદિપુર પોલીસે અંતરજાળની બાલાજી સોસાયટીના એક મકાનમાં દરોડો પાડીને 'રોયલ સ્ટેગ' બ્રાન્ડની નકલી વ્હિસ્કીના ઉત્પાદનનો પર્દાફાશ કર્યો હતો. તે સમયે દરોડાની ગંધ આવી જતાં બૂટલેગર સુરેશ કરસન ચાવડા (આહીર) અને રાજુ પ્રજાપતિ નાસી છૂટ્યા હતા. ■

# મહી નદી પર ₹ ૧૭૦૦ કરોડના ખર્ચે સાકાર થશે બદલપુર-કારેલી બેરેજ કમ બ્રિજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા રાજ્યના દરિયાકાંઠાના અને નદી કિનારાના વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે વધુ એક ઐતિહાસિક અને પ્રજાલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા પ્રધાન રમણભાઈ સોલંકીના પ્રયાસોના પરીણામે આણંદ જિલ્લામાં મહી નદી ઉપર ધુવારણ પાસે 'બદલપુર-કારેલી બેરેજ કમ બ્રિજ'ના નિર્માણ માટે રાજ્ય સરકારે તાજેતરમાં જ અંદાજિત રૂ. ૧૭૦૦ કરોડની માતબર રકમની સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ માત્ર બે ભૌગોલિક વિસ્તારોને જોડનારો સેતુ નહીં, પરંતુ મધ્ય અને દક્ષિણ ગુજરાતના કૃષિ, પીવાના પાણી અને પરિવહન ક્ષેત્રે ક્રાંતિ લાવનારો સાબિત થશે. સરકાર દ્વારા આ યોજના માટે સર્વેની કામગીરી ખૂબ જ ઝડપથી હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સરકાર દ્વારા લેવાયેલો આ દીર્ઘદ્રષ્ટિપૂર્ણ નિર્ણય મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતનાં સામાજિક-આર્થિક સમીકરણોને બદલી નાખશે. પાણી, પરિવહન અને પ્રગતિનો આ ત્રિવેણી સંગમ ચરોત્તરથી ભરૂચ સુધીના વિસ્તારની સમૃદ્ધિનું નવુ સરનામું બની રહેશે.

આ આધુનિક બેરેજ કમ બ્રિજનું નિર્માણ સ્થાપત્ય કલા અને આધુનિક સિવિલ એન્જિનિયરિંગનો એક ઉત્કૃષ્ટ નમૂનો બની રહેશે. આ પ્રોજેક્ટ અંતર્ગત અંદાજે ૪.૫ કિલોમીટરની પહોળાઈ ધરાવતાં મહી નદીના પટમાં વચ્ચે બે કિલોમીટરની લંબાઈનું બ્રીજનું સ્ટ્રક્ચર બનાવવામાં આવશે. જેમાં નદીના વહેણને નિયંત્રિત કરવા અને ચોમાસા દરમિયાન વહી જતા મીઠા પાણીનો મહત્તમ સંગ્રહ કરી શકાય તે માટે અંદાજિત ૭૦ જેટલા દરવાજા મૂકવામાં આવશે. આ બેરેજનું નિર્માણ થવાથી અંદાજે ૧૮૩ મિલિયન ઘન મીટર જેટલા મીઠા પાણીનો સંગ્રહ કરી શકાશે. ■

# ગુજરાત સરકારના ૧૭ અધિકારીની આઈએએસ તરીકે બઢતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્યની વહીવટી સેવાના ૧૭ અધિકારીઓને ભારતીય વહીવટી સેવામાં બઢતી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મિનિસ્ટ્રી ઓફ પર્સનલ, પબ્લિક ગ્રીવિન્સ એન્ડ પેન્શન (ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનેલ એન્ડ ટ્રેનિંગ) દ્વારા નોટિફિકેશન બહાર પાડીને આ જાહેરાત કરવામાં આવી હતી. આર.એન.કુચારા, આર.પી.પટેલ, સી.બી.ગણાત્રા, સી.એ.ગાંધી, બી.એન.પટેલ, એમ.કે.જોશી, એ.કે.જોશી, કે.એસ. ઝાલા, વી.કે.જાદવ, ડી.કે.પટેલ, બી.એચ.પટેલ, આઈ.આર.વાળા, એમ.ડી.ચુડાસમા, બી.એસ.પ્રજાપતિ, વી.જી.પટેલ, એ.કે.વસ્તાણી, પી.બી.રાઠોડ, બી.કે.જોશીને બઢતી આપવામાં આવી હતી.

અમદાવાદ ટ્રિબ્યુનલના આદેશ બાદ ગુજરાત સિવિલ સર્વિસના અધિકારી બી કે જોશીની આઈએએસ કેડરમાં પસંદગી કરવામાં આવી હતી. બી કે જોષીનો વર્ષ ૨૦૨૪ની સિલેક્ટ લિસ્ટમાં સમાવેશ કરાયો હતો. અગાઉના ઓર્ડરમાં આંશિક સુધારો કરીને કવિતા રાકેશ શાહની નીચે અને બી ડી દાવેરાની ઉપર તેમને સ્થાન અપાયું હતું. ■

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ૧૧ કમિટીના હોદ્દેદારોના નામની જાહેરાત થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય સભા મળી હતી. જેમાં ૧૧ કમિટીના ચેરમેન, ડેપ્યુટી ચેરમેન સહિતના હોદ્દેદારોની નિમણૂક થઈ હતી. સામાન્ય સભા પહેલા સત્તાધારી પક્ષ ભાજપની મળેલી એજન્ડા બેઠકમાં શહેર ભાજપ પ્રમુખ પ્રેરક શાહ, હિતેશ બારોટ સહિતના સંગઠનના પદાધિકારીઓ દ્વારા કમિટીઓના ચેરમેન અને ડેપ્યુટી ચેરમેનના નામ સહિત સભ્યોની જાહેરાત કરવામાં આવી હતી. એએમટીએસ કમિટીના ચેરમેન તરીકે શહેર ભાજપ પૂર્વ મહામંત્રી પરાગ નાયકની નિમણૂક કરવામાં આવી હતી. ધરમશી દેસાઈની વોટર સપ્લાય કમિટી, જૈનિક વકીલની રોડ અને બિલ્ડિંગ કમિટી, દીપક પંચાલની હેલ્થ એન્ડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટી, ભાગ્યેશ પટેલની ટાઉન એન્ડ પ્લાનિંગ કમિટી, જીતેન્દ્ર ખચરિયાની રીક્રીએશન એન્ડ હેરિટેજ કમિટી, વિપુલ પટેલની લીગલ કમિટી, મુકેશ પટેલની રેવન્યુ કમિટી, ડો. ચાંદની પટેલની હોસ્પિટલ કમિટી, હિતેન્દ્ર પરમારની મટિરીયલ મેનેજમેન્ટ કમિટી, દર્શન શાહની હાઉસિંગ એન્ડ ઈમ્પ્રુવમેન્ટ કમિટી, ડિમ્પલ વરદાયનીની મહિલા અને બાળ વિકાસ કમિટીના ચેરમેન તરીકે નિમણૂક કરવામાં આવી હતી. આ ઉપરાંત મ્યુનિસિપલ કોર્પોરેશનની ૧૧ પેટા કમિટીઓના સભ્યોના નામની જાહેરાત કરવામાં આવી હતી. વિપક્ષના કોર્પોરેટરોને અન્ય કમિટીમાં નિમણૂક આપવા અંગેની માગ દરિયાપુર વોર્ડના કોર્પોરેટર નીરવ બક્ષી દ્વારા કરવામાં આવી હતી. આ અંગે મેયર હિતેશ બારોટે કહ્યું, ૨૫ વર્ષ પહેલા તમે કમિટીમાં નિમણૂક આપી નહોતી અને એ જ પરંપરા અત્યાર સુધી ચાલી રહી છે. ■

## ગુજરાતમાં મહિલા સશક્તીકરણના દાવા પોકળ?

# માત્ર ૧૬ ટકા મહિલાઓ પાસે જ પોતાની જમીન કે મકાન

અમદાવાદઃ ગુજરાતમાં મહિલા સશક્તીકરણના દાવાઓ વચ્ચે ચોંકાવનારો ખુલાસો થયો છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (એનએચએફએસ)-૬ મુજબ ઘર અને ખેતીકામમાં મોટું યોગદાન આપવા છતાં માત્ર ૧૬ ટકા મહિલાઓ જ ઘર કે જમીનની માલિકી ધરાવે છે, જે આર્થિક સ્વતંત્રતા અને નિર્ણયો લેવાની ક્ષમતાનો એક મુખ્ય સંકેત માનવામાં આવે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-૬ ગુજરાતમાં માત્ર ૧૬% મહિલાઓ જ ઘર અથવા જમીનની માલિકી ધરાવે છે. આ ઉપરાંત, ગ્રામીણ વિસ્તારની માત્ર ૪૬.૨% મહિલાઓ પાસે જ મોબાઈલ ફોનની સુવિધા છે અને રાજ્યમાં દર ચારમાંથી આશરે એક મહિલા ક્યારેય શાળાએ ગઈ નથી. સર્વે એ પણ દર્શાવે છે કે માત્ર ૩૮.૬% મહિલાઓએ જ માધ્યમિક શિક્ષણ પૂર્ણ કર્યું છે.

મહિલા સશક્તીકરણનો પાયો ગણાતું શિક્ષણ આજે પણ ઘણી મહિલાઓ માટે એક મોટો પડકાર છે. સર્વેમાં સામે આવ્યું છે કે, રાજ્યની આશરે ૨૫% મહિલાઓ ક્યારેય શાળાએ ગઈ જ નથી. દર ૧૦માંથી ૪ કરતાં પણ ઓછી મહિલાઓએ માધ્યમિક શિક્ષણ પૂર્ણ કર્યું છે. શહેરી વિસ્તારોની સરખામણીએ ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણની તકો મર્યાદિત હોવાને કારણે આ તફાવત ખૂબ જ ચિંતાજનક છે. આ રિપોર્ટ ડિજિટલ ક્ષેત્રે પણ એક મોટી ખાઈ તરફ ઈશારો કરે છે. આજના યુગમાં જ્યાં માહિતી, સરકારી સેવાઓ, બેંકિંગ, આરોગ્ય અને રોજગારી જેવી બાબતો ટેક્નોલોજી પર નિર્ભર છે, ત્યાં ગ્રામીણ વિસ્તારની અડધાથી વધુ મહિલાઓ પાસે હજુ પણ પોતાનો મોબાઈલ ફોન નથી. ગ્રામીણ મહિલાઓમાં મોબાઈલની માલિકી માત્ર ૪૬.૨% જ છે, જે તેમને ડિજિટલ અર્થતંત્રમાં ભાગ લેતા અને જરૂરી સેવાઓ મેળવતા રોકે છે. ■

# છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાત પોલીસે ₹ ૧૩,૬૦૦ કરોડનું ડ્રગ્સ યુવાધનના હાથમાં જતા અટકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ૨૬મી જૂનને 'આંતરરાષ્ટ્રીય ડ્રગ વિરોધી દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. સૌથી લાંબી દરિયાઈ સીમા ધરાવતા રાજ્ય ગુજરાતને ડ્રગ ફ્રી સ્ટેટ બનાવવા અને ડ્રગ્સના દૂષણને જડમૂળથી ઉખાડી ફેંકવા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીના સબળ અને આક્રમક નેતૃત્વ હેઠળ ગુજરાત પોલીસ સંકલ્પબદ્ધ છે. માફિયાઓના ડ્રગ્સની હેરાફેરી કરવા માટેના નિતનવા કાવતરાને આપણી ગુજરાત પોલીસ અને સુરક્ષા એજન્સી નિષ્ફળ કરી નાખે છે. ગુજરાત પોલીસની આક્રમક કામગીરીના પરિણામે આજે ડ્રગ્સનો કારોબાર કરતા માફિયાઓ ગુજરાત માર્ગે અન્ય રાજ્યમાં પોતાનો માલ લઈ જતા પણ ધ્રુજી રહ્યા છે તેમ નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું.

રાજ્યમાં નશાના કારોબારને ડામવામાં કરવામાં આવેલી છેલ્લાં પાંચ વર્ષની વિગતો આપતા રાજ્યના પોલીસ વડા જી. એસ. મલિકે જણાવ્યું હતું કે ગુજરાત સરકારે ડ્રગ્સ માફિયાઓ સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ માત્ર કાગળ પર નહીં, પણ વાસ્તવિક ધરાતલ પર કડકાઈથી અમલી બનાવી છે. આ સમયગાળા દરમિયાન રાજ્યમાં ડ્રગ્સની હેરાફેરી અને વેપાર વિરુદ્ધ ૩,૭૦૦ થી વધુ કેસ નોંધીને નશાના કાળા કારોબાર સાથે જોડાયેલા ૫,૩૪૬ આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે. આ વ્યૂહાત્મક ઓપરેશન્સ અંતર્ગત પોલીસે આશરે રૂ. ૧૩,૬૦૦ કરોડથી વધુ કિંમતનો ૧.૩૬ લાખ કિલોગ્રામથી વધુનો ડ્રગ્સનો જથ્થો જપ્ત કરીને આંતરરાષ્ટ્રીય સ્મગલિંગ નેટવર્કની કમર તોડી નાખી છે.

નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીના દૂરંદેશી માર્ગદર્શન હેઠળ ગુજરાત 'ડ્રગ રિવોર્ડ પોલિસી' જાહેર કરનારું દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. આ નીતિ હેઠળ ડ્રગ્સના મોટા નેટવર્કને ખુલ્લા પાડનારા અને કરોડોનો જથ્થો પકડનારા બાહોશ પોલીસ અધિકારી કર્મચારીઓ તેમજ ચોક્કસ બાતમી આપનારા સામાન્ય નાગરિકો-બાતમીદારોને આર્થિક પ્રોત્સાહન આપવામાં આવે છે. ગુજરાત પોલીસે ડ્રગ્સના ગુનેગારોની પ્રોફાઈલિંગ અને કનેક્શન ટ્રેકિંગ માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત 'એનએઆરઆઈટી' સોફ્ટવેર તૈયાર કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. ■

# હરેન પંડ્યા કેસઃ શૂટરની જેલ મુક્તિ અંગે મહત્ત્વનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના પૂર્વ ગૃહ પ્રધાન હરેન પંડ્યાની વર્ષ ૨૦૦૩માં થયેલી ચકચારી હત્યાના કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા શૂટર મોહમ્મદ અસઘર અલીની સજા માફી અંગે ગુજરાત હાઈ કોર્ટે એક મહત્વનો આદેશ આપ્યો હતો. હાઈ કોર્ટે રાજ્ય સરકારને નિર્દેશ આપ્યો હતો કે તે અસઘર અલીની વહેલી મુક્તિ માટેની અરજી પર આગામી છ મહિનામાં કાયદા અનુસાર યોગ્ય નિર્ણય લે. શૂટર અસઘર અલીની ૨૬ માર્ચ, ૨૦૦૩ના રોજ અમદાવાદમાં હરેન પંડ્યાની ગોળી મારીને હત્યા કરાયાના થોડા દિવસો બાદ જ ધરપકડ કરવામાં આવી હતી.

અસઘર અલીએ હાઈ કોર્ટના દ્વાર ખખડાવતા રજૂઆત કરી હતી કે જેલમાં ૧૪ વર્ષની સજા પૂર્ણ કર્યા બાદ અને જેલ દરમિયાન તેનું વર્તન સારું રહ્યું હોવાથી તેણે વર્ષ ૨૦૨૫માં વહેલી મુક્તિ માટે અરજી કરી હતી, પરંતુ સરકાર દ્વારા તેના પર કોઈ નિર્ણય લેવામાં આવ્યો ન હતો. કોર્ટે આ મામલે સુનાવણી કરતા જણાવ્યું હતું કે, જેલના રેકોર્ડ અનુસાર અરજદારની સજા માફીની પ્રક્રિયા હાલ ચાલી રહી છે અને સલાહકાર સમિતિનો અભિપ્રાય પણ મેળવી લેવાયો છે, જેને ટૂંક સમયમાં સક્ષમ સત્તાધિકારી સમક્ષ રજૂ કરાશે. આ બાબતોને ધ્યાને રાખીને કોર્ટે આદેશ મળ્યાના છ મહિનાની અંદર ઝડપથી નિર્ણય લેવા સરકારને જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ની તપાસમાં બહાર આવ્યું હતું કે, વર્ષ ૨૦૦૨ના કોમી રમખાણોનો બદલો લેવા માટે હરેન પંડ્યાની હત્યા કરવામાં આવી હતી. આ મામલે આઈપીસી અને પોટા હેઠળ નોંધાયેલા ગુનામાં અસઘર અલી સહિત ૧૮ લોકો સામે ચાર્જશીટ થઈ હતી, જેમાં વર્ષ ૨૦૦૭માં સીબીઆઈ કોર્ટે અલીને આજીવન કેદની સજા ફટકારી હતી. ■

# વડોદરામાં ખાનગી શાળાનો મોહ છોડી ૧૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ સરકારી સ્કૂલમાં દાખલ થયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં હાલ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૬ ચાલી રહ્યો છે. વડોદરામાં ૧૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ સરકારી સ્કૂલમાં દાખલ થયાં હતા. આ વર્ષે પ્રવેશોત્સવ અંતર્ગત કુલ ૧૩૫૪ જેટલા નવા વિદ્યાર્થીઓને સરકારી શાળાઓમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો, જે શિક્ષણ ક્ષેત્રે એક મોટી ઉપલબ્ધિ દર્શાવે છે. ખાનગી શાળાઓની મોંઘી ફી છોડીને વાલીઓ અને વિદ્યાર્થીઓનો સરકારી શાળાઓ તરફનો ઝુકાવ અને પ્રવેશ આ વર્ષે નોંધપાત્ર રીતે વધ્યો છે.

આ ખાસ પ્રસંગે રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા અને તેમના હસ્તે ભૂલકાંઓને શાળામાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. ■

# કતારમાં ગૅસ અકસ્માત પહેલા જ સુરતના યુવાને પત્ની સાથે ફોન પર વાત કરી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કતારની ગૅસ રિફાઇનરીમાં ભીષણ વિસ્ફોટનો ભોગ બનેલા સુરતના ડુમસ વિસ્તારમાં રહેતા સન્ની પટેલ નામના યુવાનના મૃતદેહની ઓળખ કતારમાં જ કામ કરતા સન્નીના મોટા ભાઈ રવિ પટેલે કરી હતી.

અકસ્માત પહેલા સન્નીએ તેની પત્ની પિંકલબેન સાથે ફોન પર છેલ્લી વાર વાત કરી હતી કે તે નાઇટ શિફ્ટમાં જઈ રહ્યો છે. વિસ્ફોટના સમાચાર મળતા જ પત્નીએ વારંવાર વીડિયો કોલ અને ફોન કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કોઈ જવાબ મળ્યો ન હતો. કતાર એનર્જી એલએનજી દ્વારા સંચાલિત બારઝાન ગેસ સપ્લાય ફેસિલિટીમાં થયેલા આ બ્લાસ્ટમાં સન્ની સહિત ૧૩ લોકોનાં મોત થયાં છે હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# નાગપુરમાં ભારતના પ્રથમ એરોટ્રોપોલિસ બનવાની ક્ષમતા: નાયડુ

નાગપુર: કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન પ્રધાન કિંજરાપુ રામમોહન નાયડુએ ગુરુવારે જણાવ્યું હતું કે નાગપુર ભારતના પ્રથમ એરોટ્રોપોલિસ તરીકે ઊભરી શકે છે અને તે દેશનું 'જાળવણી, સમારકામ અને સુધારણા' (એમઆરઓ) હબ સ્થાપિત કરવા માટે સૌથી યોગ્ય સ્થળ છે. છેલ્લા ૧૨ વર્ષમાં દેશે ઉડ્ડયન ક્ષેત્રમાં જે વૃદ્ધિ હાંસલ કરી છે તે માત્ર શરૂઆત છે કારણ કે ઘણી મોટી વૃદ્ધિ થવાની છે. એરોટ્રોપોલિસ એ મહાનગરનો એક પ્રદેશ છે જેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર, જમીનનો ઉપયોગ અને અર્થતંત્ર ઍરપોર્ટ પર કેન્દ્રિત છે. નાગપુરમાં આયોજિત એક કાર્યક્રમમાં નાયડુએ વધુમાં જણાવ્યું હતું કે 'નાગપુર માટે આજનો દિવસ ઐતિહાસિક દિવસ છે. બધા માટે ખૂબ જ આનંદની ક્ષણ છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર આંતરરાષ્ટ્રીય વિમાનમથક જાહેર-ખાનગી ભાગીદારી મોડેલ હેઠળ ઔપચારિક રીતે જીએમઆરને સોંપવામાં આવી રહ્યું છે. (પીટીઆઇ)

# મહારાષ્ટ્રમાં નવજાત શિશુ માટેની સુવિધા બહેતર બનાવવાની માગણી

મુંબઈ: રાજ્ય વિધાનસભામાં વિવિધ પક્ષના નેતાઓએ ગુરુવારે મહારાષ્ટ્ર સરકારને નવજાત શિશુઓની સંભાળ સુવિધાઓનો વિસ્તાર કરવા અને સમય કરતા વહેલા જન્મેલાં નવજાત શિશુઓની સારવારના ઊંચા ખર્ચની સમસ્યાનો નિવેડો લાવવા વિનંતી કરી હતી.

રાજ્યના આરોગ્ય પ્રધાન પ્રકાશ આબિટકરે વિધાનસસભ્યોને ખાતરી આપી હતી કે સમિતિ દ્વારા તેનો અહેવાલ રજૂ કર્યા પછી નવજાત શિશુ સંભાળ માળખાને મજબૂત બનાવવાના પ્રસ્તાવો પર વિચાર કરવામાં આવશે. ગૃહમાં ચર્ચાનો જવાબ આપતા આબિટકરે જણાવ્યું હતું કે સરકાર વિવિધ આરોગ્ય યોજનાઓ હેઠળ પેનલમાં સામેલ હોસ્પિટલો દ્વારા વિનામૂલ્યે સારવાર આપી જ રહી છે અને વધતી જતી આરોગ્યસંભાળ જરૂરિયાતોને અનુરૂપ નિયોનેટલ ઇન્ટેન્સિવ કેર યુનિટ અને સ્પેશિયલ ન્યૂ બોર્ન કેર યુનિટની ક્ષમતા વધારવાના પગલાં પર વિચાર કરી રહી છે. (પીટીઆઇ)

પાંચમાં પાનાનું ચાલુ

## ફાંસી કે જનમટીપ

'રેરેસ્ટ ઓફ ધ રૅર' કેટેગરીમાં આવે છે એ દલીલ કરવા માટે તપાસકર્તા પક્ષે સુપ્રીમ કોર્ટના ૧૨ સીમાચિહ્નરૂપ ચુકાદા પર આધાર રાખ્યો હતો. અમે પીડિતની વય અને ૩૯ મિનિટ સુધી તેના પર સતત થયેલા જાતીય હુમલા વિશે સમજાવ્યું હતું. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ૧૮ ઇજા જોવા મળી હતી. આરોપીનું વીર્ય બાળકીના હાથ અને ગળા પર મળી આવ્યું હતું, એમ મિસરે કહ્યું હતું. કોર્ટે સીસીટીવી ફૂટેજ, ડીએનએ પ્રોફાઇલિંગ, તબીબી પુરાવા, પોટેન્સી ટેસ્ટ તેમ જ સાઉન્ડનેસ ટેસ્ટને 'યોગ્ય રીતે પુરવાર' તરીકે સ્વીકાર્યા હતા. પીડિતાને લઇ જતી વખતે આરોપીને જોનારા બાળકોએ પણ ઓળખપરેડ દરમિયાન આરોપીને ઓળખી કાઢ્યો હતો. સરકારી વકીલે જણાવ્યું હતું કે તપાસકર્તા પક્ષે મૃત્યુદંડની માગણી કરી છે અને દલીલ કરી છે કે કાંબળે સુધરે એવી શક્યતા નથી. આરોપીએ અગાઉ ૬૨ વર્ષની વૃદ્ધા, ૧૭ વર્ષની સગીરા અને પ્રાણી સાથે પણ દુષ્કર્મ કર્યું હતું અને હવે આ બાળકીને શિકાર બનાવી હતી. તે સમાજ માટે ખતરો છે અને જો તેને મુક્ત કરવામાં આવે તો તે આવા બીજા ગુના આચરી શકે, તેથી તેને જીવવાનો કોઇ અધિકાર નથી. ઉલ્લેખનીય છે કે નસરાપુરમાં પહેલી મેના રોજ આ ઘટના બની હતી, જ્યારે વાછરડું બતાવવાને બહાને બાળકીને પોતાની સાથે તબેલામાં લઇ ગયો હતો અને તેની સાથે દુષ્કર્મ આચર્યા બાદ તેની હત્યા કરી હતી અને મૃતદેહ છાણમાં છુપાવી દીધો હતો. (પીટીઆઇ)

## શિંદે કડક થતાં

કર્યો ત્યારથી જ મને અપમાનિત કરવામાં આવી રહ્યો છે. સવારે પણ એવું જ થયું હતું પત્રકાર મિત્રો મને સવાલ કર્યા ત્યારે મેં હાથ જોડીને તેમને વિનંતી કરી હતી કે મારે કશું બોલવું નથી. આ ગડબડમાં મારાથી ભૂલમાં અપશબ્દો નીકળી ગયા હતા, તેના માટે હું બધા જ પત્રકારોની માફી માગું છું.

તેમણે એમ પણ કહ્યું હતું કે વિરોધીઓને મારા પર ટીકા કરવા પર મને વાંધો નથી, પરંતુ મારી પત્ની, પુત્રી, માતા અને દિવંગત પિતા અંગે ખોટી માહિતી આપવા અને તેમના માટે અપશબ્દો વાપરવા ખોટા છે. મારા પર બોલો મારા પરિવારને આ બધાથી દૂર રાખો એટલી વિનંતી છે.

શિવસેના (યુબીટી)ના છ સંસદ સભ્ય તાજેતરમાં શિંદેના નેતૃત્વ હેઠળના પક્ષમાં જોડાયા હતા એમાં ઈશાન મુંબઈના સંસદ સભ્ય સંજય દિના પાટીલનો પણ સમાવેશ થાય છે. તમે મારા મામલામાં કેમ માથું મારી રહ્યા છો? જો તમે ફરીથી એમ કર્યું તો હું તમને મારી નાખીશ' એમ પાટીલે પત્રકારોને અપશબ્દો સંભળાવી પાટીલે કથિત રીતે કહ્યું હતું.

શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે મુંબઈ પોલીસ કમિશનરને પત્ર લખીને પાટીલના કથિત નિવેદન બદલ તેમની વિરુદ્ધ કાર્યવાહી કરવાની માગ કરી હતી. જો કોઈ (પક્ષ પલટો કરવા બદલ) વિરોધ કરશે, તો તેઓ તેમના પર બૉમ્બ ફેંકશે અને તેમના ઘરમાં ઘૂસીને તેમને મારી નાખશે એવું કહ્યું હોવાનો આક્ષેપ છે. સંજય દિના પાટીલની પુત્રી અને નગરસેવક રાજુલ પાટીલે કહ્યું હતું કે તેમના પિતાના પક્ષપલટા છતાં તેઓ ઉદ્ધવ ઠાકરેના પક્ષમાં જ રહેશે.

ગૃહ મંત્રાલય સંભાળતા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે તેઓ સંપૂર્ણ માહિતી મેળવ્યા પછી જ ટિપ્પણી કરશે. (પીટીઆઈ)

## બિશ્નોઈ ગૅન્ગને

ફૅક્ટરી પર રાતે ૮.૧૦ વાગ્યે ગોળીબાર કરવામાં આવ્યો હતો. ચાર રાઉન્ડ ફાયર કરી હુમલાખોર ફરાર થઈ ગયા હતા. જોકે એ ઘટનામાં કોઈને ઇજા થઈ નહોતી. તપાસ દરમિયાન પોલીસને બુધવારે ફુરસુંગી વિસ્તારમાં જ ફૅક્ટરીથી થોડે અંતરેથી બાઈક નધણિયાતી હાલતમાં મળી આવી હતી. બાઈકના રજિસ્ટ્રેશન, એન્જિન અને ચેસિસ નંબર્સ મિટાવી દેવાનો પ્રયાસ કરાયો હતો, જેથી બાઈકના માલિક સુધી પહોંચી ન શકાય, એમ અધિકારીએ જણાવ્યું હતું. પોલીસ ખંડણી અને ગોળીબારના કેસની તપાસ કરી રહી છે. બન્ને એક એકબીજા સાથે સંકળાયેલા છે કે કેમ તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. (પીટીઆઈ)

## સંજય પાટીલને

મારી હતી કે, 'જો કોઈ મારી આડે આવશે તો તેને હું કાં તો હૉસ્પિટલ ભેગો કરી દઈશ અથવા તો સ્મશાન ભેગો કરી દઈશ. અમારા ખાનદાને ભૂતકાળમાં એક સમયે પાંચ લોકોના ખૂન કર્યા છે.' આ નિવેદન પર ઠાકરે જૂથના સાંસદ સંજય રાઉતે પોલીસ કમિશનરને પત્ર મોકલીને દિના પાટીલ સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી હતી. આ સમગ્ર મામલે અને તેમની પુત્રી અને ઠાકરે જૂથની નગરસેવિકા રાજુલ પાટીલ વિશે પ્રશ્નો પૂછવા ગયેલા પત્રકારો સાથે સંજય પાટીલે અત્યંત ગેરવર્તન કર્યું હતું.

મીડિયાકર્મીઓ પર ગુસ્સે ભરાતા સંજય દિના પાટીલે કહ્યું કે, જો તમે ફરીથી અહીં આવ્યા તો હું તમને મારીને ભગાડીશ. આ વાત કેમેરામાં રેકોર્ડ કરી લો, તમે નકામી મારી સળી કરી રહ્યા છો, ફરી આવ્યા તો મારીને મોકલીશ. આ હું તમને પોલીસની સામે કહી રહ્યો છું, તમારે જે કરવું હોય તે કરી લો. પત્રકારો સાથેના આ ગેરવર્તન બાદ આદિત્ય ઠાકરેએ સંજય દિના પાટીલ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, ''આ લોકો હવે 'મિંધે' પ્રતિનિધિ બની ગયા છે, લોકપ્રતિનિધિ રહ્યા નથી. ગાળો આપી રહ્યા છે, ધમકીઓ આપી રહ્યા છે. જો તમારામાં સહેજ પણ હિંમત અને શરમ હોય તો આજે જ સાંસદ પદેથી રાજીનામું આપો અને ભાજપ કે મિંધેના ચહેરા પર ચૂંટણી લડીને બતાવો'' એવું ખુલ્લું આહ્વાન આદિત્ય ઠાકરેએ સંજય પાટીલને આપ્યું હતું.

આ મામલે ભાસ્કર જાધવે આક્ષેપ કર્યો હતો કે સત્તાધારી પક્ષના નેતાઓ એટલા બેફામ બન્યા છે કારણ કે સરકાર પોતાના ગુનેગારોને બચાવી રહી છે. પત્રકારોને જાહેરમાં મારવાની અને પોલીસ કમિશનરને બોલાવવાની ધમકી આપવાની હિંમત નેતાઓમાં ત્યારે જ આવે, જ્યારે તેમને ઉપરથી આશ્વાસન મળ્યું હોય કે સરકાર આપણી છે, કંઈ નહીં થાય. પોતાના જ પ્રધાનોને લોહીલુહાણ કરનાર અધિકારી સામે પણ આ સરકારે કોઈ પગલાં નથી લીધા. આ ઘટના સાબિત કરે છે કે મહારાષ્ટ્રમાં કાયદો અને વ્યવસ્થા પરથી સરકારનો કંટ્રોલ સંપૂર્ણપણે ખતમ થઈ ગયો છે. શિવસેના (ઠાકરે જૂથ)ના નેતા સુનીલ રાઉતે આ મામલે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, સંજય દિના પાટીલનો વિષય અમારા માટે પૂરો થઈ ગયો છે. કોઈ કોઈને મારી શકતું નથી. તેઓ પોતે તો બે-બે ગાડીઓ કાફલામાં લઈને ફરે છે, તે વળી બીજાને શું મારવાના?

શિવસેના ઠાકરે જૂથના ફાયરબ્રાન્ડ નેતા સુષમા અંધારેએ કહ્યું કે, આ બધી ગુન્ડાગીરી છે અને પૈસા તેમજ સત્તાનો અહંકાર છે. સંજય દિના પાટીલ અંદરથી ખૂબ ડરી ગયા છે. પૈસો ભલે આવી ગયો, પણ તેમણે પોતાની પ્રતિષ્ઠા ગુમાવી દીધી છે. નૈતિક જનાધાર ખતમ થઈ ગયા પછી હવે શું કરવું, એ પ્રશ્ન તેમને લાચાર બનાવી રહ્યો છે. પણ કમનસીબે, તેઓ પોતાનો ગુસ્સો પત્રકારો પર કાઢી રહ્યા છે.એનસીપી (શરદ પવાર જૂથ)ના ધારાસભ્ય જિતેન્દ્ર આવ્હાડે આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, સંજય પાટીલ મૂળ ગરમ મગજના છે, તેઓ કોઈનું સાંભળતા નથી. તેમણે ક્યારેય સંઘર્ષ કે મુશ્કેલીઓ વેઠી નથી. તેથી હું મિત્રતાના નાતે એક સલાહ આપીશ કે આવા નિવેદનો તમારું રાજકારણ ખતમ કરી નાખશે. તેમણે જે કર્યું તે તદ્દન ખોટું છે.

## મુંબઈ ભીંજાયું

મંગળવારે થતાં જ બુધવારની વહેલી સવારે મુશળધાર વરસાદ વરસ્યો હતો. વરસાદને કારણે નીચાણવાળા અનેક વિસ્તારોમાં પાણી ભરાયાં હતાં, જેને કારણે ટ્રાફિકની પણ સમસ્યા ઊભી થઈ હતી. બુધવારે જોર દેખાડ્યા પછી ગુરુવારે વરસાદે પોરો ખાધો હતો. ગુરુવારે સવારે પાલિકા દ્વારા જળાશયોની પાણીની સપાટીની સમીક્ષા કરવામાં આવી હતી. મુંબઈને પાણી પૂરું પાડતાં સાત જળાશયમાંથી માત્ર મધ્ય વૈતરણામાં પાણીની નામમાત્રની આવક થઈ હતી. બાકીનાં છ જળાશયોમાં પાણીની કોઈ આવક નોંધાઈ નહોતી, ઊલટું શહેરને પૂરા પાડવામાં આવેલા પાણીને કારણે આ જળશયોની પાણીની સપાટી વધુ નીચી ગઈ હતી. જળાશયોમાં પાણી ન આવવાને કારણે મુંબઈગરાઓની પાણીની સમસ્યા વધુ વકરે એવી શક્યતા હાલ જણાઈ રહી છે. દરમિયાન બુધવારે પડેલા વરસાદમાં મુંબઈમાં ૨૭ ઠેકાણે શોર્ટ સર્કિટની ઘટના નોંધાઈ હતી, જેમાંથી સૌથી વધુ શહેરી ભાગમાં ૧૯ જેટલી ઘટના બની હતી. ત્યાર બાદ પશ્ચિમી ઉપનગરોમાં શોર્ટ સર્કિટની પાંચ ઘટનાની નોંધ થઈ હતી.એ સિવાય પૂર્વ પરાઓમાં દીવાલ અને ઘરનો ભાગ તૂટી પડવાના સાત કૉલ પાલિકાના કન્ટ્રોલ રૂમને આવ્યા હતા. પશ્ચિમી પરામાં પાંચ મળીને કુલ ૧૪ સ્થળે દીવાલ ધસી પડવાની ઘટના બની હતી.

## કોર્ટે આરોપી

ગુનાહિત ભૂતકાળ વિશે જાણવા માટે તેની પૂછપરછ જરૂરી છે. તેઓ એ પણ જાણવા માગે છે કે આરોપી અને મૃતક વચ્ચે જૂની અદાવત હતી કે નહીં. જોકે પ્રથમ દ્રષ્ટિએ આ અચાનક થયેલા વિવાદનું પરિણામ લાગે છે.

આરોપીના વકીલ જયવંત પાટીલે જણાવ્યું હતું કે આ આવેશમાં કરેલો ગુનો છે અને કોઇ જૂની અદાવત નહોતી. દરમિયાન બંને પક્ષની દલીલ સાંભળ્યા બાદ કોર્ટે આરોપી રોશનને ૩૦ જૂન સુધી પોલીસ કસ્ટડી ફટકારી હતી.

વિરાર પૂર્વમાં ભોઇરપાડા ખાતે આવેલી અમરનાથ બિલ્ડિંગમાં પરિવાર સાથે રહેતો અને અંધેરીમાં સેલ્સમેન તરીકે કામ કરતો મયંક લોહાર મંગળવારે રાતે ચર્ચગેટથી નાલાસોપારા જતી ફાસ્ટ ટ્રેનના ફર્સ્ટ ક્લાસ કોચમાં અંધેરી સ્ટેશનથી ચડ્યો હતો. જોકે વરસાદને કારણે દરવાજો બંધ કરવાને મુદ્દે આરોપી સાથે તેનો વિવાદ થયો હતો. બંને વચ્ચે મારામારી થતાં પ્રવાસીઓએ તેમને સમજાવ્યા હતા અને અલગ કર્યા હતા અને મયંકને બાદમાં દરવાજા પર ઊભા રહેવાનું કહ્યું હતું.

જોકે આરોપી અન્ય પ્રવાસીઓની વાત માનવા તૈયાર નહોતો અને તેણે ગોરેગામથી મલાડ સ્ટેશન વચ્ચે મયંકની છાતી અને પેટમાં છરાના ઘા ઝીંકી દીધા હતા. હત્યા બાદ ફરાર રોશન સુવર્ણાની શોધ માટે પોલીસની વિવિધ ટીમ તૈયાર કરવામાં આવી હતી અને ૪૦૦થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસવામાં આવ્યા હતા. આરોપી તેના વતન મેંગલોર ભાગી છૂટવાની તૈયારીમાં હતો ત્યારે તેને પનવેલ સ્ટેશનથી પકડી પાડવામાં આવ્યો હતો.

## કમ્પાઉન્ડ વૉલ

વ્યક્તિને ઇજા થઈ નહોતી. થાણેના રિજનલ ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલના ચીફ યાસીન તડવીએ જણાવ્યું હતું કે વાગળે એસ્ટેટ ખાતેની એક ચાલ નજીક પાર્ક કરાયેલાં વાહનો પર દીવાલ ધસી પડી હતી. સાત રિક્ષા અને એક બાઈક દીવાલ નીચે દબાઈ હતી. ડિઝાસ્ટર કન્ટ્રોલ રૂમને ઘટનાની જાણ બુધવારની મધરાતે ૧૨.૩૪ વાગ્યે થઈ હતી. ઑપન પ્લૉટની બાઉન્ડરી વૉલ તૂટી પડવાને કારણે વાહનોને નુકસાન થયું હતું. આ દીવાલ સાત ફૂટ ઊંચી હતી. બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. દીવાલનો કાટમાળ ખસેડી વાહનને દૂર ખસેડાયાં હતાં. ચોમાસા દરમિયાન જૂની અને જર્જરિત દીવાલોને અડીને વાહનો પાર્ક ન કરવાની સલાહ અધિકારીએ આપી હતી. (પીટીઆઈ)

## પક્ષપલટાનો સવાલ

રહ્યા હતા. આત્રામએ દાવો કર્યો હતો કે શરદ પવારના પક્ષના આઠમાંથી પાંચ સંસદસભ્ય ડિસેમ્બર સુધીમાં સુનેત્રા પવારના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટીમાં સામેલ થઈ જશે. એક પણ સંસદસભ્ય કે વિધાનસભ્ય પક્ષપલટો નહીં કરે,' એમ શરદ પવારે જણાવ્યું હતું.

બારામતીનાં લોકસભા સભ્ય સુળેએ કહ્યું હતું કે એનસીપી (એસપી)ના આઠેઆઠ સભ્ય પક્ષ સાથે છે. આત્રામ કદાચ વધુ જાણતા હશે. મને કોઈ ખ્યાલ નથી. અમે આઠ સંસદસભ્ય ગઈકાલે એક હતા, આજે એક છીએ અને કાલે પણ એક રહીશું. જો બાબા આત્રામ પાસે પાંચ એમપીની યાદી હોય તો તેમણે નામ જાહેર કરવા જોઈએ.' મહારાષ્ટ્રમાં શરદ પવારના પક્ષના સાથી પક્ષ શિવસેના (યુબીટી)ના છ સંસદસભ્ય એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શાસક શિવસેનામાં જોડાઈ રહ્યા છે તે દરમિયાન આ દાવો આવ્યો છે. (પીટીઆઈ)

## શિંદેના 'ઓપરેશન

હસ્તાંતરણ કરવાના સમારોહમાં હાજરી આપવા પહોંચેલા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને જ્યારે મીડિયા દ્વારા આ 'ઓપરેશન ટાઇગર' અને તેમની ભૂમિકા અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો, ત્યારે તેમણે સીધા હાથ જોડીને 'નો કોમેન્ટ્સ' કહીને પ્રતિક્રિયા આપવાનું ટાળ્યું હતું.

દરમિયાન, એકનાથ શિંદે છેલ્લા કેટલાક મહિનાઓથી શિવસેનાના સાંસદો તોડશે, તેવી ચર્ચા રાજકીય વર્તુળોમાં ચાલી રહી હતી. જો કે, આ ચર્ચા વાસ્તવિકતામાં બદલાઈ રહી નહોતી. એક તરફ એકનાથ શિંદેના 'ઓપરેશન ટાઇગર'ને ભાજપના કેન્દ્રીય નેતૃત્વ તરફથી ગ્રીન સિગ્નલ મળી રહ્યું નહોતું, તો બીજી તરફ ઠાકરે જૂથના સાંસદો પણ શિંદે જૂથમાં ગયા પછી ફરીથી ચૂંટાઈ આવશે કે કેમ, તે અંગે શંકામાં હતા. આખરે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ છ સાંસદો સાથે સીધો સંવાદ સાધીને તેમના રાજકીય ભવિષ્યની ખાતરી આપ્યા બાદ આ સાંસદો ઉદ્ધવ ઠાકરેનો સાથ છોડવા તૈયાર થયા હોવાની માહિતી સામે આવી છે.

## ૨૦૨૩-૨૪માં

જંગલમાં આગ લાગવાના ૭,૦૪૨ કેસ નોંધાયા છે. કોંકણ ક્ષેત્રમાં કૃષિ ક્ષેત્રો અને વન વિસ્તારોમાં આગ લાગવાની ઘટનાઓ અંગે નાઈક જણાવ્યું હતું કે, પાલઘર, થાણે, રાયગઢ, રત્નાગિરિ અને સિંધુદુર્ગ સહિતના જિલ્લાઓમાં આગ લાગવાના બનાવો નોંધાય છે. સરકાર આવી ઘટનાઓને રોકવા માટે એઆઈ આધારિત સિસ્ટમોનો ઉપયોગ કરી રહી છે.

કેટલાક ખેડૂતો માને છે કે સૂકા પાંદડા, પાકના અવશેષો અને અન્ય પદાર્થોને બાળવાથી જમીનની ફળદ્રુપતામાં સુધારો થાય છે, જેના કારણે આવા કિસ્સાઓ બને છે.

જોકે, અભ્યાસો દર્શાવે છે કે વારંવાર આવું કરવાથી જમીનની કુદરતી ફળદ્રુપતામાં ઘટાડો થાય છે, પ્રધાને જણાવ્યું હતું કે, સરકાર ગામડાઓમાં આને રોકવા અને કુદરતી ખાતર બનાવવાની પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે જાગૃતિ અભિયાન ચલાવી રહી છે.તાજેતરની ઘટનાઓનો ઉલ્લેખ કરતા, તેમણે કહ્યું કે જ્યાં જરૂર પડે ત્યાં કેસ નોંધવામાં આવ્યા છે અને તપાસ ચાલી રહી છે. જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે, એમ તેમણે ઉમેર્યું. (પીટીઆઈ)

## ઝાડ નીચે આશરો

સલાહ નાગરિકોને આપી હતી. આ માટે સતર્કતા ખાતર કમજોર જણાતાં વૃક્ષો પર પોસ્ટર પણ લગાવવામાં આવી રહ્યાં છે.

બુધવારે વહેલી સવારે પડેલા મુશળધાર વરસાદને કારણે મુંબઈમાં ૧૧૨ સ્થળે ઝાડ અને ઝાડની ડાળી તૂટી પડવાની ઘટના બની હતી. પાલિકાના જણાવ્યા મુજબ પશ્ચિમી ઉપનગરોમાં ડાળખી તૂટી પડવાની સૌથી વધુ ૬૬ ફરિયાદ પાલિકાને મળી હતી. ત્યાર બાદ પૂર્વ ઉપનગરમાં પચીસ અને શહેરી ભાગમાંથી ૨૧ ફરિયાદ આવી હતી.

કહેવાય છે કે ઝાડ પડવાની આટલી બધી ફરિયાદો મળ્યા પછી પાલિકાએ નાગરિકોને સતર્ક કરવા ખાસ સૂચના આપી હતી કે વરસાદને સમયે ઝાડ નીચે આશરો લેવાનું ટાળો. ચોમાસા પૂર્વે પાલિકા દ્વારા ઝાડની છટણી પણ કરવામાં આવી હતી. જોકે હવે ફરી સમીક્ષા કરીને વૃક્ષોની છટકીનું કામ હાથ ધરવામાં આવશે.

## નાગપુર આંતરરાષ્ટ્રીય

નાગપુર એરપોર્ટના અપગ્રેડેશન અને આધુનિકીકરણના બીજા તબક્કાનું કામ ૨૦૩૦ પહેલા પૂર્ણ થવું જોઈએ એવું પણ તેમણે જણાવ્યું હતું. કેન્દ્રીય પ્રધાન ગડકરીએ જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન ફડણવીસની પહેલને કારણે નાગપુરમાં સાડા સાત લાખ કરોડ રૂપિયાનું રોકાણ આવ્યું છે. એરપોર્ટમાં ૨૦ હજાર મેટ્રિક ટન કાર્ગોનું સંચાલન કરવાની ક્ષમતા ધરાવતી અત્યાધુનિક સુવિધા હશે, જે નાગપુરને મધ્ય ભારત માટે એક મહત્ત્વપૂર્ણ લોજિસ્ટિક્સ હબ તરીકે સ્થાપિત કરશે. (પીટીઆઈ)

## મને માફ કરજો

દાખલ કરીને તપાસ આદરી છે. હિંગોલી સિટી પોલીસ સ્ટેશનના એક અધિકારીએ કહ્યું હતું કે પરિવારની ફરિયાદમાં નીટની પુનઃપરીક્ષા વિશે ઉલ્લેખ છે. અમે પરીક્ષા અને આત્મહત્યા વચ્ચે કોઇ સંબંધ છે કે કેમ તેની તપાસ કરી રહ્યા છીએ.

એનટીએ દ્વારા નીટની પુનઃપરીક્ષા ૨૧ જૂને યોજવામાં આવી હતી. અગાઉ ત્રીજી મેની પરીક્ષાનું પેપર લીક થયા બાદ પરીક્ષા રદ કરાઇ હતી. (પીટીઆઇ)

## ધમકી આપનારાઓને

કરી હોવાની કબૂલાત કરી હતી. સંજય રાઉતે પોલીસ કમિશનરને સાંસદ પાટીલના ઘરની તલાશી લેવાની વિનંતી કરી હતી. સાંસદ તરફથી બૉમ્બ ફેંકવાની ધમકી મળવી એ ચિંતાજનક બાબત છે. જો આ બૉમ્બ તેમણે પોતાના ઘરમાં બનાવ્યા હોય, તો તેમના ઘરની તાત્કાલિક તલાશી લેવી જોઈએ.

આ કામમાં આતંકવાદ વિરોધી સ્કવોડની મદદ લેવી જોઈએ. આને રાષ્ટ્રીય સુરક્ષાનો ગંભીર મુદ્દો માનવો પડશે અને આતંકવાદી તેમજ દેશવિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ થવા બદલ તેમની યુએપીએ કાયદા હેઠળ તાત્કાલિક ધરપકડ થવી જરૂરી છે, એવી માગ પણ રાઉતે પત્રમાં કરી હતી.

## વિધાનસભામાં ગાજ્યો

પર ચર્ચાની માંગ કરી હતી.પટોલેએ કહ્યું કે પીડિતના પરિવાર ભારે આઘાતમાં છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમને ઝડપથી ન્યાય મળવો જોઈએ.

તેમણે કહ્યું, '' દુર્ભાગ્યપૂર્ણ છે કે સુરક્ષા વ્યવસ્થા હોવા છતાં મુંબઈમાં આવી હિચકારી ઘટના બની છે. સરકારે આ બાબતની તાત્કાલિક તપાસ કરવી જોઈએ અને લેવાયેલા પગલાં વિશે ગૃહને માહિતગાર કરવું જોઈએ.''

સભ્યો દ્વારા ઉઠાવવામાં આવેલી ચિંતાઓનો જવાબ આપતા, નાર્વેકરે કહ્યું કે આ ઘટના પર સરકારનું ધ્યાન ખેંચવું જરૂરી છે. વરસાદમાં દરવાજા બંધ કરવા જેવી નજીવી બાબતમાં થયેલી દલીલ દરમિયાન મુંબઈની ચાલતી લોકલ ટ્રેનમાં ૨૨ વર્ષીય મુસાફરની ઠંડે કલેજે હત્યા બાદ આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. (પીટીઆઈ)

# જૈન મરણ

**ઝાલાવાડી સ્થા. જૈન**

લીંબડી નિવાસી હાલ મુંબઈ, કેશવલાલ લવજી સંઘવીના પુત્રવધૂ અ. સૌ. સ્મિતાબેન ચંદ્રકાંત ઝવેરી (ઉં. વ. ૭૨) ૨૫/૬/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે અમિત તથા મીતાના માતુશ્રી. કીર્તીકુમાર તથા નિકિતાના સાસુ. અરવિંદ, દિલીપભાઈ, મીનાક્ષી કિશોરકુમાર સખીદા, વર્ષા વિરેન્દ્રભાઈ બારભાયાના ભાભી. દિલીપભાઈ હીરાલાલ શાહ, રાજુભાઈ, કિરીટભાઈ, સ્વ. મધુબેન, હંસાબેન, ભાવનાબેન તથા ભારતીબેનના બહેન. તેમની પ્રાર્થનાસભા ૨૬/૬/૨૬ના રોજ સવારે ૧૦ થી ૧૨. પાવનધામ મહાવીર નગર, એમ સી એ ગ્રાઉન્ડ સામે કાંદિવલી વેસ્ટ. ચક્ષુદાન કરેલ છે.

**દશા શ્રીમાળી જૈન**

માંગરોલ નિવાસી હાલ કફ પરેડ સ્વ. નારણદાસ જમનાદાસ શાહના સુપુત્ર પ્રવીણચંદ્ર નારણદાસ શાહ તે ભવ્યેશભાઇ, પૃથેશભાઇ તથા દિવ્યેશભાઇના પિતાશ્રી તા. ૨૪-૬-૨૬ બુધવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**વેરાવળ દશા શ્રીમાળી જૈન**

વેરાવળ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. મંજુલાબેન વ્રજલાલ વોરાના સુપુત્ર અતુલ (ઉં.વ. ૬૯) તા. ૨૩-૬-૨૬ના દેહપરિવર્તન થયેલ છે. તે સ્વ. જસ્મીનાના પતિ. બંદિશના પિતાશ્રી. વિરતીના સસરા. સ્વ. સુરેખાબેન મનસુખલાલ શાહ, સુરેશ, દિલીપ, હર્ષા મુકેશ જોબાલીયાના ભાઇ. સ્વ. મણીલાલ દીપચંદ મહેતાના જમાઇ. બન્ને પક્ષ તરફથી પ્રાર્થનાસભા શનિવાર, તા.૨૭-૬-૨૬ના સવારે ૧૦થી ૧૧.૩૦. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. માટુંગા જૈન આરાધના ભવન, પાંચમે માળે, ૬બી, નાથાલાલ પારેખ માર્ગ, ચંદ્રવિલા ગુજરાતી કલબની બાજુમાં, માટુંગા (ઇસ્ટ).

**ઝા. દ. સ્થા. જૈન**

લીંબડીવાળા હાલ થાણા સ્વ. કમળાબેન ચુનીલાલ શાહના સુપુત્ર જ્યોતિન્દ્રના ધર્મપત્ની અ. સૌ. મીતા (ઉં. વ. ૭૭) બુધવાર તા. ૨૪-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કુસુમબેન પ્રવીણચંદ્ર શાહ, ઇન્દીરા જગદીશચંદ્ર શાહના દેરાણી. તે જુબીન-જીનેષ નિપાના માતુશ્રી. મીતેષભાઇ, અ. સૌ. પુષ્પા અ. સૌ. સારિકાના સાસુ. પિયરપક્ષે બરવાળા ઘેલાશાના અમૃતલાલ ધનજીભાઇ ભલાણીની સુપુત્રી. તે મોહિત દેવરાજ સૃષ્ટિ-દીપેન્દ્રના દાદી. પ્રાર્થનાસભા તા. ૨૭-૬-૨૬ શનિવારના સાંજે ૪થી ૬. ઠે. ટીપ ટોપ પ્લાઝા ક્રિસ્ટલ હોલ,એલ. બી. એસ. માર્ગ, થાણા (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલીતાણા (વાવેરા નિવાસી) હાલ મુલુંડ મનસુખલાલ હરજીવનદાસ દોશીના સુપુત્ર ભાવિનના ધર્મપત્ની અ. સૌ. તેજલ (પિંકી) (ઉં. વ. ૪૧) બુધવાર, તા. ૨૪-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે વિહા તથા યુવરાજના મમ્મી. પિયરપક્ષે શશીકાંત દલીચંદ માવજી શાહ, પછેગામવાળા હાલ કાંદિવલી (બીજાપુર-કર્ણાટક)ના સુપુત્રી. સોનલબેન જગદીપભાઇ શાહ, આશાબેન પરેશકુમાર શાહ, હેમલબેન ચિરાગકુમાર મહેતા, જ્યોતિબેન હિરેનકુમાર શાહના ભાભી. તે દર્શન, કિંજલ આકાશ વોરા (નવાગામ)ના બહેન. ચક્ષુદાન, સ્કીન ડોનેશન તથા બોન ડોનેશન કરેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૬-૬-૨૬ શુક્રવારના બપોરના ૩થી ૫. ઠે. પદ્માવતી બેન્કવેટ હોલ, ૫મે માળે, પ્રણવ પ્લાઝા, શિવસેના શાખાની ઉપર, એમ. જી. રોડ, મુલુંડ (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જૂનાગઢ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. વસંતરાય ઉત્તમચંદ રૂપાણીના ધર્મપત્ની ચંદ્રિકાબેન (ઉં.વ. ૮૫) ગુરુવાર, તા. ૨૫-૬- ૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ભાવનાબેન બિપીનભાઇ દોશી, જયેશભાઇ મિલનભાઇના માતુશ્રી. પલ્લવીબેન અને નીપાબેનના સાસુ. સ્વ. દયાકુવરબેન નાનાલાલ ગાઠાણીના સુપુત્રી. માનસી-નૈતિક, વિધી-વરુણ, ઉષ્મા-આકાશ, મનનના દાદી. અનસુયાબેન વિનોદરાય, સ્વ. અનિલાબેન નગીનદાસ, ચારુબેન ચંદ્રકાન્ત, લતાબેન હર્ષદભાઇ, શોભનાબેન મુકેશભાઇ, ઇલાબેન ધીરેનભાઇ, સ્વ. કુમારભાઇ ઉત્તમચંદના ભાભી. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખવામાં આવેલ નથી.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કાંડાગરાના પોપટલાલ રણશી છેડા (ઉં. વ. ૮૩) તા. ૨૪-૬-૨૬ના અવસાન પામેલ છે. જેતબાઇ રણશીના પુત્ર. ઝવેરબેનના પતિ. ભાવના, વિપુલ, દિલેશના પિતાશ્રી. કાંડાગરા કુંવરબેન લાલજી, કેસર/વિમળાબેન કેશવજી, મઠાંબેન મેઘજી, તેજબાઇ કાનજી, તેજબાઇ ટોકરશી, ચંચળબેન મુરજીના દિયર. મો. ખાખર હીરબાઇ લાલજી કુંવરબાઇ રામજીના ભાઇ. ગેલડા પાનબાઇ મેઘજી ગાલાના જમાઇ. પ્રા. હીરાવતી હોલ, ટાગોર રોડ, સાંતાક્રુઝ (વે.), ટા. ૪થી ૫.૩૦.

**ઝાલાવાડી જૈન**

રાણપુર ચુડા નિવાસી હાલ બોરીવલી ધર્મશીલા સુરેખાબેન જિતેન્દ્રકુમાર શાહના પુત્રવધૂ અ. સૌ. શીતલ અમર શાહ (ઉં. વ. ૪૬) તા. ૨૪-૬-૨૬ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે મીથીલ તથા રોનીતના માતુશ્રી. કુમારપાલ ભાઇના નાના ભાઇના પત્ની. પિયરપક્ષે વીરપુર (ધારી) નિવાસી સ્વ. કુમુદબેન વૃજલાલ નાથાલાલ મકાણીનાં સુપુત્રી. દેવાંષુ, કલ્પના અજમેરા, સોનલ અદાણી તથા અર્ચનાના બહેન. અ. સૌ. નેહા દેવાંષુ, મકાણીનાં નણંદ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૭-૬-૨૬ શનિવારના ૧૦થી ૧૨. ઠે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, પારેખ લેન, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઊના નિવાસી હાલ મુલુંડ શાહ અભેચંદ દેવચંદના સુપુત્ર જયંતીલાલના ધર્મપત્ની મધુબેન (ઉં. વ. ૮૦) તે જીતેનના માતુશ્રી. દિપ્તીબેનના સાસુ. પ્રિયલના દાદી. પિયરપક્ષે ગાંધી સવિતાબેન મનસુખલાલના સુપુત્રી. મંગળાબેન હિંમતલાલ તથા નિર્મળાબેન રમણીકલાલના દેરાણી તા. ૨૪-૬-૨૬ બુધવારના અરિહંતશરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. જીતેન જે. શાહ, રૂનવાલ, એન્થોરિયમ ટાવર નં-૨, લીમોના ફ્લેટ નં. ૨૧૦૪, વીણા નગરની સામે, એલ.બી.એસ. રોડ, મુલુંડ (વેસ્ટ).

# પાયદસ્ત

ડો. રુઝવા કેકી ભાથેના તે મરહુમો રતી કેકી ભાથેનાના દીકરા. તે હોસી ને દાઇના ના પપા. તે કિમબરલી ને જહાંગીરના સસરા. તે જેસમીન ને મરહુમ શંકરના ભાઇ. તે ઝકસીસ, ઝારા, એદીરીયનના બપાવાજી. તે મેહરના મમાવાજી. (ઉં. વ. ૮૦) રે. ઠે. ૫૨ વીનસ એપાર્ટમેન્ટ, ૮૭ કફ પરેડ, કોલાબા - મુંબઇ-૪૦૦૦૦૫. પાયદસ્ત: તા. ૨૭-૬-૨૬ને દીને સવારે ૧૧.૦૦ વાગે ઉપરની હોડીવાલા બંગલીમાં છેજી. ઉઠમણાંની ક્રિયા: તા. ૨૭-૬-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે ઉપરની હોડીવાળા બંગલી.

# પારસી મરણ

સીલ્લુ ફલી વરિયાવા તે મરહુમ ફલીના ધનિયાની. તે મરહુમ શેરામાય ફરામરોઝ માદનના દીકરી. તે ફેલીસીયા ને મરહુમ જમશેદના મમા. તે રવીના સાસુજી. તે ઝારા ને કીયારાના મમઇ. (ઉં.વ. ૮૭) રે. ઠે. ૭૧ બી, એમ્બસી એપાર્ટમેન્ટ, નેપયન્સી રોડ, મુંબઇ-૪૦૦૦૨૬.

મની નરીમાન કોતવાલ તે મરહુમ નરીમાનના ધનિયાની. તે મરહુમો હોમાય દારબશા ભાથેનાના દીકરી. તે માલકમ ને ફરીદાના મમા. તે આરમીનના સાસુજી. તે હીલ્લા, ડેઝી, સોલી, ફરેદુન, મેહરનોશના બહેન. તે નેવીલ, નતાશાના બપઇજી.(ઉં. વ. ૮૩) રે. ઠે. બી-૨૦૪, બહેરામ બાગ, બહેરામ બાગ રોડ, પોલીસ ચોકી બહેરામ બાગ, જોગેશ્વરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૧૦૨. ઉઠમણાંની ક્રિયા: તા. ૨૬-૬-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે બહેરામ બાગ અગિયારીમાં છેજી.

# હિન્દુ મરણ

**હાલાઈ લોહાણા**

મુળ ગામ ડેરવા નિવાસી હાલ મીરારોડ, સ્વ. ભાઈલાલભાઈ મણીલાલ ભીમજીયાણીના ધર્મપત્ની ગં.સ્વ. જસવંતીબેન (ઉં. વ. ૭૭) તા. ૨૩/૬/૨૬ના શ્રીચરણ પામેલ છે. તે રૂપેશ, મનીષ, જીગ્નાના માતા. કવિતા, ખ્યાતિ, કલ્પેશકુમાર ઠક્કરના સાસુ. સ્વ. જમનભાઈ, ગોરધનભાઈ, શાંતિભાઈના ભાભી. પિયરપક્ષે સ્વ. મથુરાદાસ જેરામભાઈ રૂપારેલિયાના દીકરી. તેમની પ્રાર્થનાસભા તા. ૨૬/૬/૨૬ના રોજ ૪ થી ૬. ધ કલબ કલ્પતરુ સૃષ્ટિ કોમ્પ્લેક્સ, સેક્ટર ૩, મીરા રોડ.

**દશા સોરઠીયા વણિક**

મહુવા નિવાસી હાલ વિરાર, સ્વ. વસંતરાય કેશુરદાસ મહેતા મીઠાણીના ધર્મપત્ની ગં. સ્વ. કાંતાબેન (ઉં. વ. ૮૯) તે શૈલેષભાઇ, પિયુષભાઇ, સ્વ. રેખાબેન દિનેશકુમાર મુંજ્યાસરા, ગં. સ્વ. શશીબેન કિશોરભાઈ ધોળકિયા, વર્ષાબેન કલ્પેશકુમાર તલાટીના માતુશ્રી. સ્વ. કાકુભાઇ, વિપિનભાઈ, અરૂણભાઈ, સ્વ. લીલાવતીબેન જગમોહનદાસ, ગં. સ્વ. રમાબેન કાંતિલાલ, ગં. સ્વ. મધુબેન હર્ષદરાયના ભાભી. સ્વ. મોહનલાલ દેવચંદ શેઠના દીકરી ૨૨/૬/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૨૬/૬/૨૬ના રોજ ૫ થી ૭. કાશી વિશ્વનાથ મંદિર સામે, ગીતા સ્મૃતિ હોલ, શ્રેયા હોટલની ગલ્લીમાં વિરાર (વેસ્ટ).

**વિશા સોરઠીયા વણિક**

રહીજવાળા, ગં.સ્વ. સરસ્વતીબેન બાબુલાલ શાહના પુત્રવધુ તથા યોગેશભાઈના ધર્મપત્ની બીનાબેન (ઉં. વ. ૫૯) તે વિધિ શિવકુમાર વ્યાસ તથા સાક્ષીના માતુશ્રી. રેખાબેન મહેન્દ્રભાઈ શાહના દેરાણી, પિયરપક્ષે ગં.સ્વ. શારદાબેન પ્રાણલાલ ચિતલીયાના દીકરી ૨૦/૬/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**દશા સોરઠિયા વણીક**

મૂળ વતન વડિયા દેવડી નિવાસી હાલ કાંદિવલી અરવિંદભાઇ રતિલાલ વેકરીયા (ઉં. વ. ૭૬) તે સ્વ. ભારતીબેનના પતિ. સ્વ. કંચનબેન રતિલાલ વેકરીયાના પુત્ર. તન્મય અને મનવીતના પિતા. મિત્સુ અને પાયલના સસરા. તેઓ રજનીભાઇ તથા નીરૂબેન રમેશભાઇ શાહના ભાઇ. સ્વ. હેમલતાબેન ઇશ્વરભાઇ શેઠના જમાઇ. ભરતભાઇ, ચંદ્રેશભાઇ, સ્વ. મીનાબેન વિનોદભાઇ કાટકોરિયા તથા નૈનાબેન ભરતભાઇ મહેતાના બનેવી. વૃષ્ટી, મિશાલી, ઝીશાન, ઋષભના દાદાજી તા. ૨૪-૬-૨૬ બુધવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૭-૬-૨૬ શનિવારના રઘુલીલા મોલ, લોટસ હોલ, ૪થે માળે, બોરસા પાડા રોડ, કાંદિવલી (પશ્ચિમ),મુંબઇ-૪૦૦૦૬૭. સાંજે ૪થી ૬ રાખેલ છે.

**વિશા પોરવાડ વણિક સમાજ**

ધોરાજી નિવાસી હાલ ગોરેગામ ગં. સ્વ. ચંપાબેન ભૂપતરાય શાહ (ઉં. વ.૯૨) તે સ્વ. ભૂપતરાય મનસુખલાલ શાહના ધર્મપત્ની. દિનાક્ષી-અનિલ, કલ્પના, રાજેશ, વિપુલન માતુશ્રી. અ. સૌ. રત્ના અને અ. સૌ. કિન્નરીના સાસુ. સ્વ. મણિલાલ ફૂલચંદ શાહના સુપુત્રી. સ્વ.મનસુખલાલ, સ્વ. જયંતિલાલ, સ્વ. ગુલાબબેનના બેન. તે ઉર્વી-નીલ અને પાર્થના દાદી અને ઉમંગના નાની. તા. ૨૪-૬-૨૬ બુધવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૭-૬-૨૬ શનિવારના આઇ. બી. પટેલ સ્કૂલ હોલ, જીઇએસ એક્ટિવીટી હોલ, પ્લોટ નં. ૨૨૦, રોડ નં.૧૪,એટરી ગેટ નં.૧, જવાહરનગર, ગોરેગામ (વેસ્ટ), બપોરે ૪થી ૬.

**કપોળ**

ગુંદરણવાળા સ્વ. રમેશચંદ્ર દુર્લભદાસ મહેતાના ધર્મપત્ની ગં. સ્વ. પુષ્પાબેન રમેશચંદ્ર મહેતા (ઉં. વ. ૯૪) તે હરેશભાઇ, ગીતાબેન, ભાવનાબેન, બીનાબેન, રોહિતભાઇના માતુશ્રી. તથા રેણુબેન, ઉપેન્દ્રભાઇ, અશોકભાઇ, દિવ્યેશભાઇના સાસુ. સ્વ. ઓધવજી ગીરધર મહેતા (ડુંગરવાળા)ના દીકરી. મંગળવાર તા. ૨૩-૬-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ કલ્યાણ (હાલ બોરીવલી) સ્વ. રમેશભાઇ હિંડોચા (ઉં. વ. ૭૫) મધુબેનના પતિ. સ્વ. હંસાબેન અનંતરાય કારિયાના ભાઇ. સ્વ. વલ્લભદાસ ઘેલાભાઇ બારઇના જમાઇ. જિજ્ઞેશ, યોગિતા અને ડિમ્પલના પિતા. ચેતનકુમાર ગોરધનદાસ જસાણી અને પરાગકુમાર ચંદ્રકાન્ત ઠક્કરના સસરા. ધ્વની, દિયાના નાના તા. ૨૩-૬-૨૬ના બોરીવલી મુકામે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર અને પ્રાર્થનાસભા રાખેલ નથી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

### નસરાપુરનો નરાધમ બળાત્કારી દોષી

# ફાંસી કે જનમટીપ?: સોમવારે ફેંસલો

**બનાવના ૫૬ દિવસમાં ફાસ્ટ ટ્રેક કોર્ટે દોષી જાહેર કર્યો: ૬૦ દિવસમાં સજા**

પુણે: પુણેના ભોર તાલુકાના નસરાપુરમાં પહેલી મે, ૨૦૨૬ના રોજ બળાત્કાર ગુજાર્યા બાદ ચાર વર્ષની બાળકીની હત્યા કરનારા ૬૫ વર્ષના નરાધમ ભીમરાવ કાંબળેને ફાસ્ટ ટ્રેક કોર્ટે બનાવના ૫૬ દિવસ બાદ ગુરુવારે દોષી ઠેરવ્યો હતો. કોર્ટ સોમવારે સજા સંભળાવવાની હોવાથી આરોપી કાંબળેને મૃત્યુદંડ થશે કે જનમટીપ તે નક્કી થશે.

એડિશનલ સેશન્સ જજ (વિશેષ જજ) એસ. આર. સાળુંખેએ અપહરણ, બળાત્કાર અને હત્યા માટે તેને દોષી ઠેરવ્યો હતો.

વિશેષ સરકારી વકીલ અજય મિસરે જણાવ્યું હતું કે તપાસકર્તા પક્ષે પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની વિવિધ કલમો હેઠળ ઉપરાંત અપહરણ, વિનયભંગ, બળાત્કાર અને હત્યા સહિતના તમામ આરોપ પુરવાર કર્યા છે.

કોર્ટે નોંધ્યું હતું કે તપાસકર્તા પક્ષે તમામ આરોપ પુરવાર કર્યા છે. આરોપીએ ગુનો નકારી કાઢીને દાવો કર્યો હતો કે બાળકીને વાછરડું બતાવતી વખતે તે લપસી ગઇ હતી અને તેને ઇજા થઇ હતી, પણ પુરાવાઓ તેનાથી વિપરીત સાબિત થયા છે. તેમણે કહ્યું હતું કે આ કેસ

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈ ભીંજાયું, પણ જળાશયો કોરાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં ચોમાસાના આગમનથી ખુશીની લહેર ફેલાઈ હોવા છતાં મુંબઈને પાણી પૂરું પાડતાં જળાશયો કોરાં જ હોવાનું મહાપાલિકાના અહેવાલ પરથી જણાય છે. બુધવારે પડેલા જોરદાર વરસાદને કારણે મુંબઈમાં ઠેર ઠેર પાણી ભરાયાનાં દૃશ્યો નજરે પડ્યાં હતાં, પરંતુ ઉપરવાસમાં વરસાદનું જોર ઓછું હોવાથી તળાવોમાં પાણીની આવક થઈ નહોતી.

મુંબઈમાં વિધિવત ચોમાસાનું આગમન

(જુઓ પાનું ૪) ▶▶

## ઝાડ નીચે આશરો લેવાનું ટાળો: પાલિકા

મુંબઈ: ચોમાસાની શરૂઆતમાં જ મુંબઈમાં ઝાડ અને ડાળખીઓ તૂટી પડવાની ૧૦૦થી વધુ ફરિયાદો મળતાં પાલિકાએ ધોધમાર વરસાદ અને તોફાની પવન વચ્ચે ઝાડ નીચે આશરો ન લેવાની

(જુઓ પાનું ૪) ▶▶

## કમ્પાઉન્ડ વૉલ તૂટી પડતાં આઠ વાહન દબાયાં

થાણે: થાણેના વાગળે એસ્ટેટ વિસ્તારના ઓપન પ્લોટની કમ્પાઉન્ડ વૉલ તૂટી પડતાં આઠ વાહનને નુકસાન થયું હતું. જોકે આ ઘટનામાં કોઈ

(જુઓ પાનું ૪) ▶▶

### સંજય દિના પાટીલની પત્રકારોને ધમકી-ગાળાગાળી

# શિંદે કડક થતાં સંજય દિના પાટીલે પત્રકારોની માફી માગી



મુંબઈ: ઉદ્ધવ ઠાકરે સાથે છેડો ફાડી તાજેતરમાં શિંદે સેનામાં જોડાયેલા સંસદ સભ્ય સંજય દિના પાટીલે ગુરુવારે કથિત રીતે પત્રકારોને ગાળાગાળી કરી તેમને ધમકી આપી હતી. આ બનાવને પગલે પક્ષના અધ્યક્ષ અને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ તેમને માફી માગવા કહ્યું હતું. આ બાબતને ધ્યાનમાં લેતાં સંજય દિના પાટીલે ગુરુવારે મોડી રાતે પત્રકારોની માફી માગી હતી. તેમણે કહ્યું હતું કે શિવસેનામાં પ્રવેશ (જુઓ પાનું ૪) ▶▶

## સંજય પાટીલને આદિત્ય ઠાકરેની ખુલ્લી ચેલેન્જ

મુંબઈ: શિવસેના ઠાકરે જૂથમાંથી ચૂંટાયા બાદ તેમનો સાથ છોડીને એકનાથ શિંદેની શિવસેનામાં સામેલ થયેલા ઉત્તર-પૂર્વ મુંબઈના સાંસદ સંજય દિના પાટીલ દ્વારા પત્રકારોને જાહેરમાં ગાળો આપવાનો અને જોહુકમી કરવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો. આ સમગ્ર મામલે ઠાકરે જૂથના ધારાસભ્ય આદિત્ય ઠાકરેએ અત્યંત આક્રમક વલણ અપનાવતા સંજય દિના પાટીલને જાહેરમાં રાજીનામું આપવાનું ખુલ્લું આહ્વાન આપ્યું હતું.

થોડા દિવસો પહેલા જ ઠાકરે જૂથના નેતાઓને વળતો જવાબ આપતા સંજય દિના પાટીલે એવી બડાશ

(જુઓ પાનું ૪) ▶▶

### કોઈના ઘરને બૉમ્બથી ઉડાવી દેવા નહીં દઈએ

# ધમકી આપનારાઓને પોલીસ યોગ્ય જવાબ આપશે: દેવેન્દ્ર ફડણવીસ

મુંબઈ: શિવસેના ઠાકરે જૂથથી અલગ થઈને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેનામાં જોડાયેલા સાંસદ સંજય દિના પાટિલ અને સાંસદ સંજય રાઉત વચ્ચેનો વિવાદ હવે ચરમસીમાએ પહોંચી ગયો છે. સાંસદ સંજય રાઉતે મુંબઈ પોલીસ કમિશનર દેવેન ભારતીને પત્ર લખીને સાંસદ સંજય દિના પાટિલ પર ગંભીર આરોપો લગાવ્યા હતા. હવે, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ અંગે પોતાની પહેલી પ્રતિક્રિયા આપી છે.

કોઈનું પણ ઘર અમે બૉમ્બથી ઉડાવવા નહીં દઈએ અને આવી પોકળ ધમકીઓથી કોઈએ ડરવાની પણ જરૂર નથી. જો કોઈ આવી ધમકીઓ આપશે તો પોલીસ તેને યોગ્ય જવાબ આપશે, એવું તેમણે જણાવ્યું છે.

દરમિયાન સાંસદ સંજય રાઉતે સંજય દિના પાટીલ વિરુદ્ધ મુંબઈ પોલીસ કમિશનર દેવેન ભારતીને એક પત્ર લખ્યો હતો, જેમાં તેમણે ગંભીર આક્ષેપો કર્યા હતા. 'શિવસેના (યુબીટી) પક્ષમાંથી પક્ષાંતર કરનારા છ સાંસદો આખા દેશમાં નફરતનો વિષય બન્યા છે. ઉત્તર-પૂર્વ મુંબઈના બળવાખોર સાંસદ સંજય પાટીલે આંદોલનકારીઓને જાનથી મારી નાખવાની ધમકી આપી છે, તેવો આક્ષેપ રાઉતે કર્યો હતો. વધુમાં તેમણે પત્રમાં સંજય પાટીલ સામે તાત્કાલિક હત્યાનો ગુનો નોંધવા અપીલ કરી હતી કારણ કે પાટીલે પોતે જ પાંચ લોકોની હત્યા

(જુઓ પાનું ૪) ▶▶

# 'મને માફ કરજો...'

## નીટની પરીક્ષા આપનારા વિદ્યાર્થીએ માતા માટે વીડિયો રેકોર્ડ કર્યા બાદ જીવન ટૂંકાવ્યું

હિંગોલી: રાજ્યના હિંગોલીમાં ૧૮ વર્ષના વિદ્યાર્થીએ તાજેતરમાં નીટ-યુજીની પુનઃપરીક્ષા આપ્યા બાદ મોબાઇલ પર તેની માતા માટે વીડિયો રેકોર્ડ કરીને આત્મહત્યા કરી હતી.

મૃત વિદ્યાર્થીની ઓળખ સુશીલ ધાગે તરીકે થઇ હતી. સુશીલના પરિવારે દાવો કર્યો હતો કે તેને પુનઃપરીક્ષા મુશ્કેલ જણાઇ હતી. જોકે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) દ્વારા હાથ ધરવામાં આવતી આ રાષ્ટ્રીય સ્તરની તબીબી પ્રવેશ પરીક્ષાને તેની આત્મહત્યા સાથે કોઇ લેવાદેવા છે કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

હિંગોલીના અષ્ટવિનાયક નગર વિસ્તારમાં રહેનારા સુશીલે બુધવારે સવારે ૧૦.૩૦ વાગ્યે કૂવામાં ઝંપલાવી જીવનનો અંત આણ્યો હતો. આત્મહત્યા કરતા પહેલા સુશીલે માતાની માફી માગતો ૩૩ સેકંડનો વીડિયો રેકોર્ડ કર્યો હતો.

'હું આત્મહત્યા કરી રહ્યો છું. તારે (માતા) કોઇ તાણ લેવાની જરૂર નથી. મારા આગામી જીવનમાં હું તારી જ કૂખેથી જન્મ લેવા માગું છું. પછી ભલે સુમેધ તરીકે જન્મ લઉં. મને માફ કરજો, એવું માતાને સંબોધીને તેણે રેકોર્ડિંગ કર્યું હતું.

સુશીલના પરિવારે પોલીસને જણાવ્યું હતું કે તેનું નીટનું પુનઃપરીક્ષાનું પેપર બરોબર ગયું નહોતું. પોલીસે હાલમાં એડીઆર

(જુઓ પાનું ૪) ▶▶

### લોકલ ટ્રેનમાં ખૂની ખેલ

# કોર્ટે આરોપી રોશન સુવર્ણાને ૩૦ જૂન સુધીની પોલીસ કસ્ટડી ફટકારી




મુંબઈ: પશ્ચિમ રેલવેની લોકલના ફર્સ્ટ ક્લાસ કોચમાં મંગળવારે રાતે ગોરેગામ અને મલાડ સ્ટેશન વચ્ચે વરસાદને કારણે દરવાજા બંધ કરવાને મુદ્દે થયેલા વિવાદમાં ૨૨ વર્ષના યુવકની નિર્મમ હત્યા કરવા બદલ ધરપકડ કરાયેલા આરોપીએ ગુરુવારે મેજિસ્ટ્રેટ કોર્ટમાં હાજર કરવામાં આવતાં તેને ૩૦ જૂન સુધીની પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી.

બોરીવલી ગવર્નમેન્ટ રેલવે પોલીસે (જીઆરપી) રોશનને ગુરુવારે મેજિસ્ટ્રેટ કોર્ટમાં હાજર કર્યો હતો અને તેની પોલીસ કસ્ટડીની માગણી કરતાં જણાવ્યું હતું કે આરોપીએ ગુનામાં વાપરેલું શસ્ત્ર જપ્ત કરવા તથા આરોપીનો હેતુ તથા

(જુઓ પાનું ૪) ▶▶

## વિધાનસભામાં ગાજ્યો મુંબઈ ટ્રેન હત્યાકાંડનો મુદ્દો

મુંબઈ : મહારાષ્ટ્ર વિધાનસભામાં ગુરુવારે વિપક્ષે મુંબઈ ઉપનગરીય ટ્રેનમાં એક મુસાફરની હત્યાનો મુદ્દો ઉઠાવ્યો હતો. ત્યારબાદ સ્પીકર રાહુલ નાર્વેકરે સરકારને ૨૯ જૂને ગૃહમાં આ ઘટના પર નિવેદન આપવાનો નિર્દેશ આપ્યો હતો. કૉંગ્રેસના ધારાસભ્ય નાના પટોલેએ આ ઘટનાને ''અત્યંત ગંભીર'' ગણાવી હતી અને કહ્યું હતું કે તેમને મુંબઈના ઉપનગરીય રેલ નેટવર્ક પર દરરોજ મુસાફરી કરતા લગભગ ૮૦ લાખ મુસાફરોની સલામતીની ચિંતા છે. તેમણે ટ્રેન મુસાફરોની સલામતી અને સુરક્ષા

(જુઓ પાનું ૪) ▶▶




# નાગપુર આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી વિદર્ભ અને મધ્ય ભારતનો જબરદસ્ત વિકાસ થશે: ફડણવીસ



નાગપુર: નાગપુરનું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ વિદર્ભ ક્ષેત્ર અને મધ્ય ભારતમાં મોટા પાયે વિકાસ માટે નિમિત્ત બનશે એવો વિશ્વાસ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે વિશ્વાસ વ્યક્ત કરી જણાવ્યું હતું કે નાગપુર એમઆરઓ (જાળવણી, સમારકામ, સુધારણા) ક્ષેત્રનું કેન્દ્ર બની રહ્યું છે.

નાગપુરમાં ડો. બાબાસાહેબ આંબેડકર આંતરરાષ્ટ્રીય વિમાનમથકનું સંચાલન સત્તાવાર રીતે મિહાન ઇન્ડિયા લિમિટેડ પાસેથી જીએમઆર એરોને સોંપવામાં આવતા હવે સુવિધા વધારી એને આધુનિક બનાવવા અંગેના એક કાર્યક્રમમાં ફડણવીસ બોલી રહ્યા હતા. આ પ્રસંગે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન પ્રધાન રામમોહન નાયડુ અને કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ પ્રધાન નીતિન ગડકરી હાજર રહ્યા હતા.

ફડણવીસે કહ્યું કે તેમણે સૂચન કર્યું છે કે આ એમઆરઓ માટે એક મુક્ત વેપાર ક્ષેત્ર બનાવી શકાય જેથી દક્ષિણપૂર્વ એશિયામાંથી ફ્લાઇટ્સ અહીં આવી શકે.

(જુઓ પાનું ૪) ▶▶

## પક્ષપલટાનો સવાલ જ નથી: શરદ પવાર

પુણે: રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી -એસપી)ના અધ્યક્ષ શરદ પવાર અને પક્ષનાં કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુળેએ ગુરુવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમના પક્ષનો કોઈપણ સંસદ સભ્ય હરીફ જૂથમાં જશે નહીં. પિતા - પુત્રી એનસીપીના વિધાન સભ્ય ધર્મરાવ આત્રામના દાવા પર પ્રતિક્રિયા આપી

(જુઓ પાનું ૪) ▶▶

## શિંદેના 'ઑપરેશન ટાઈગર'માં મુખ્ય પ્રધાનની મહત્ત્વની ભૂમિકા?

મુંબઈ: રાજ્યના રાજકારણમાં ખળભળાટ મચાવનાર 'ઓપરેશન ટાઇગર'ની સફળતા બાદ રાજકીય વાતાવરણ અનેક દલીલો, આક્ષેપો અને પ્રતિઆક્ષેપોથી ગરમાયું છે. હવે માહિતી સામે આવી છે કે એકનાથ શિંદેના 'ઓપરેશન ટાઇગર'ને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ તરફથી મહત્ત્વપૂર્ણ મદદ મળી છે. એટલું જ નહીં, દેવેન્દ્ર ફડણવીસના કારણે જ 'ઓપરેશન ટાઇગર' સાચા અર્થમાં સફળ થયું હોવાનું કહેવાય છે.

દરમિયાન, નાગપુર ઇન્ટરનેશનલ એરપોર્ટના જીએમઆર ગ્રૂપને

(જુઓ પાનું ૪) ▶▶

# ૨૦૨૩-૨૪માં મહારાષ્ટ્રમાં જંગલોમાં આગ લાગતાં હજારો હેક્ટર જમીનને અસર થઈ

મુંબઈ: મહારાષ્ટ્રમાં ૨૦૨૩-૨૪ દરમિયાન ૫,૧૦૦ થી વધુ જંગલમાં આગ લાગવાની ઘટનાઓ નોંધાઈ હતી, જેના કારણે ૧૧,૫૮૦.૭૦૭ હેક્ટર જમીનને અસર થઈ હોવાનું, વન પ્રધાન ગણેશ નાઈકે ગુરુવારે વિધાનસભામાં જણાવ્યું હતું. શિવસેના (યુબીટી)ના ધારાસભ્ય ભાસ્કર જાધવ, શિવસેના સભ્ય નીલેશ રાણે અને ભાજપના પ્રશાંત ઠાકુર સહિતના વિધાનસભ્યો દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં તેઓ આ વાત કહી રહ્યા હતા. પ્રધાને એમ પણ કહ્યું કે ફક્ત ગઢચિરોલી જિલ્લામાં જ (જુઓ પાનું ૪) ▶▶

# બિશ્નોઈ ગૅન્ગને નામે બિઝનેસમૅનને ધમકાવ્યા પછી ગોળીબાર: પોલીસને બાઈક મળી આવી

પુણે: કુખ્યાત લૉરેન્સ બિશ્નોઈ ગૅન્ગને નામે પાંચ કરોડ રૂપિયાની ખંડણી માટે ધમકાવ્યા પછી પુણેના બિઝનેસમૅનની ફૅક્ટરી પર ગોળીબાર કરવાના કેસમાં પોલીસને શૂટરની બાઈક મળી આવી હતી. પુણેમાં સ્ટીલનાં ઉત્પાદનોનો વ્યવસાય ધરાવતા અમોલ રાજેન્દ્ર ચમાદાઈએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે સોમવારની સાંજે ૪.૩૦ વાગ્યે તેને અજાણ્યા નંબર પરથી ધમકીભર્યો કૉલ આવ્યો હતો. કૉલ કરનારા શખસે પોતાની ઓળખ આરઝૂ બિશ્નોઈ તરીકે આપી હતી. તેણે બિઝનેસમૅન અને તેના ભાગીદાર પાસેથી પાંચ કરોડ રૂપિયાની માગણી કરી હતી. આ મામલે બિઝનેસમૅને ફુરસુંગી પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધ્યો હતો. બિઝનેસમૅન ફરિયાદ નોંધાવતો હતો ત્યારે તેની ફુરસુંગી વિસ્તારમાં આવેલી

(જુઓ પાનું ૪) ▶▶

# વેલકમ વૈભવઃ ટી-૨૦ ચૅમ્પિયનોની આજથી નવી શરૂઆત

## આયરલૅન્ડ સામે સાંજે ૬.૦૦ વાગ્યાથી પ્રથમ ટી-૨૦ઃ સૂર્યવંશી પર સૌની નજર

બેલફાસ્ટઃ અહીં શુક્રવારે (સાંજે ૬.૦૦ વાગ્યાથી) ટી-૨૦ના વર્લ્ડ ચૅમ્પિયન અને નંબર-વન ભારતનો યુવા ટીમ સાથે એક રીતે નવો આરંભ થઈ રહ્યો છે ત્યાં બીજી તરફ ૧૫ વર્ષના સિક્સર-સ્પેશિયાલિસ્ટ વૈભવ સૂર્યવંશીને આજની મૅચમાં રમવાનો મોકો મળશે તો તે આઇપીએલની જેમ આંતરરાષ્ટ્રીય કરીઅરમાં પણ શરૂઆતથી ધમાકેદાર પર્ફોર્મ કરવા કોઈ કસર બાકી નહીં રાખે.

વૈભવ રમવાનો હોવાથી આયરલૅન્ડમાં આ મૅચની અગત્યતા વધી ગઈ છે અને દેશના ક્રિકેટપ્રેમીઓમાં વૈભવની જ ચર્ચા છે. તાજેતરની આઇપીએલમાં તે હાઇએસ્ટ ૭૭૬ રન બનાવીને આયરલૅન્ડ પહોંચ્યો છે.

જોકે શ્રેયસ ઐયરના નેતૃત્વ હેઠળની ટીમના અન્ય બૅટ્સમેનો અભિષેક શર્મા, સંજુ સૅમસન અને ઇશાન કિશનને પણ આઇરિશ બોલર્સ કાબૂમાં રાખવા કોઈ મોકો નહીં છોડે. વર્તમાન આઇરિશ ટીમના કોઈ પણ બોલરે ટી-૨૦માં ભારતની વિકેટ નથી લીધી. ભારતે ટી-૨૦માં પ્રથમ બૅટિંગ કરી હોય એવી છેલ્લી ત્રણ મૅચમાં ભારતના સ્કોર આ મુજબ હતાઃ ૨૫૬ રન, ૨૫૩ રન અને ૨૫૫ રન.

**આઠેય ટી-૨૦માં ભારતની જીત**

ભારત અને આયરલૅન્ડ વચ્ચે ૨૦૦૯થી અત્યાર સુધીમાં કુલ આઠ ટી-૨૦ મૅચ રમાઈ છે અને એ આઠેય મૅચ ભારતે જીતી છે. છેલ્લે જૂન, ૨૦૨૪માં અમેરિકામાં આયોજિત વર્લ્ડ કપમાં ભારતે હાર્દિક પંડ્યાની ત્રણ વિકેટ તેમ જ અર્શદીપ અને બુમરાહની બે-બે વિકેટ તેમ જ રોહિત શર્મા (બાવન રને રિટાયર્ડ હર્ટ)ની હાફ સેન્ચુરીની મદદથી ભારતે આઠ વિકેટે વિજય મેળવ્યો હતો.

**બન્ને દેશની સંભવિત ઇલેવન**

**ભારતઃ** શ્રેયસ ઐયર (કૅપ્ટન), સંજુ સૅમસન (વિકેટકીપર), અભિષેક શર્મા/વૈભવ સૂર્યવંશી, ઇશાન કિશન, વૉશિંગ્ટન સુંદર, તિલક વર્મા, શિવમ દુબે, અક્ષર પટેલ, અર્શદીપ સિંહ, હર્ષિત રાણા, રવિ બિશ્નોઈ/પ્રસિદ્ધ ક્રિષ્ના/પ્રિન્સ યાદવ.

**આયરલૅન્ડઃ** લૉર્કેન ટકર (કૅપ્ટન, વિકેટકીપર), ટિમ ટેક્ટર, રૉસ ઍડેર, હૅરી ટેક્ટર, બેન કેલિટ્ઝ, ગરેથ ડેલની, જ્યૉર્જ ડૉકરેલ, મૅથ્યૂ હમ્ફ્રેઝ, મૅટ હૉલાર્ડ, રુબેન વિલિયમ્સ, જય મૂન્દ્રા.

# શેફાલીના જીવતદાન પછી ભારતની મહિલા ટીમ જીતીઃ સેમિ માટેની આશા જીવંત

## હવે ભારતની રવિવારે ઑસ્ટ્રેલિયા સામે અત્યંત મહત્ત્વની લીગ મૅચ રમાશે

મૅન્ચેસ્ટરઃ હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતે અહીં ગુરુવારે ટી-૨૦ વર્લ્ડ કપમાં બાંગ્લાદેશને થોડા સંઘર્ષ બાદ પાંચ વિકેટે હરાવીને સેમિ ફાઇનલની આશા જીવંત રાખી હતી. 'નસીબવંતી' ઓપનર શેફાલી વર્મા (૫૩ રન, ૩૪ બૉલ, એક સિક્સર, આઠ ફોર)ની ઇનિંગ્સની મદદથી ભારતે ૧૩૭ રનનો સાધારણ લક્ષ્યાંક ૧૯ બૉલ બાકી રાખીને મેળવી લીધો હતો. હવે ભારતની રવિવારે ઑસ્ટ્રેલિયા સામે અત્યંત મહત્ત્વની લીગ મૅચ રમાશે.

પહેલી જ ઓવરમાં શેફાલીનો કૅચ છૂટ્યો હતો જે બાંગ્લાદેશની ટીમને ભારે પડ્યો. જેમિમા રૉડ્રિગ્સ (૨૬ રન) અને યાસ્તિકા ભાટિયા (૨૩ રન) તેમ જ ખુદ કૅપ્ટન હરમનપ્રીત (૧૩ અણનમ) અને દીપ્તિ શર્મા (પાંચ અણનમ)ના પણ જીતમાં નાના-મોટા યોગદાન હતા.ખાસ કરીને ૭૬ રનના સ્કોર પર જ્યારે એક જ વિકેટ પડી હતી, પરંતુ ત્યાર પછી સમયાંતરે વિકેટ પડતાં ભારતીય ટીમે સંઘર્ષ કરવો પડ્યો હતો. ૯૮મા રને રિચા ઘોષની ચોથી વિકેટ વખતે બાજી બન્ને ટીમની તરફેણમાં એકસરખી મનાતી હતી, પરંતુ પછીથી હરમન-દીપ્તિની જોડીએ ટીમની નૌકા પાર કરાવી હતી.

એ પહેલાં, પ્રથમ બૅટિંગ પસંદ કરનાર બાંગ્લાદેશની ટીમને ભારતે ૨૦મી ઓવરને અંતે ૮/૧૩૬ સુધી સીમિત રાખી હતી. સ્પિનર રાધા યાદવે સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી. બાંગ્લાદેશની ટીમ છ ભારતીય બોલરના આક્રમણ સામે નબળી પુરવાર થઈ હતી. એક પણ હાફ સેન્ચુરી નહોતી થઈ અને જુએરિયા ફરદૌસના ૩૩ રન ટીમમાં હાઇએસ્ટ હતા. સ્પિનર શ્રી ચરનીએ બે તેમ જ રેણુકા ઠાકુર અને નંદની શર્માએ એક-એક વિકેટ મેળવી હતી.

# સુદર્શનની સેન્ચુરીઃ ઇન્ડિયા-એના ચાર વિકેટે ૩૩૩

ગૉલઃ અહીં શ્રીલંકા-એ સામે ગુરુવારે શરૂ થયેલી ચાર દિવસીય બિનસત્તાવાર ટેસ્ટ મૅચમાં ઇન્ડિયા-એ ટીમે પ્રથમ દિવસની રમતના અંત સુધીમાં ચાર વિકેટે ૩૩૩ રન બનાવ્યા હતા જેમાં ઓપનર સાઇ સુદર્શન (૧૩૨ રન, ૧૭૫ બૉલ, ૧૯ ફોર)નું સૌથી મોટું યોગદાન હતું. બીજા બે બૅટ્સમેને હાફ સેન્ચુરી ફટકારી હતી.

આઇપીએલ-૨૦૨૬ના સિતારા સુદર્શને સાથી ઓપનર આયુષ પાન્ડે (૬૪ બૉલમાં પચીસ રન) સાથે ૮૨ રનની અને ત્યાર બાદ ઋતુરાજ ગાયકવાડ (૫૩ બૉલમાં બાવીસ રન) સાથે ૮૫ રનની ભાગીદારી કરી હતી.

૨૧૭ રનના કુલ સ્કોર પર સુદર્શનની ચોથી વિકેટ પડી ત્યાર બાદ કૅપ્ટન-વિકેટકીપર ધ્રુવ જુરેલ (૬૮ નૉટઆઉટ) અને શેખ રાશીદ (૫૩ નૉટઆઉટ)ની જોડીએ બાજી સંભાળી લીધી હતી અને રમતના અંત સુધીમાં તેમણે ક્રીઝમાં ટકી રહીને પાંચમી વિકેટ માટે ૧૧૬ રનની અતૂટ ભાગીદારી કરી હતી.

ભારતે તાજેતરમાં જ શ્રીલંકામાં 'એ' સ્તરની ટીમો વચ્ચેની ટ્રાઇ સિરીઝ જીતી લીધી હતી. શ્રીલંકા-એ સામે કુલ બે ટેસ્ટ રમાવાની છે.

# ધોની, રોહિત, વિરાટને લગ્નમાં કેમ ન બોલાવ્યા? ખુદ આકાશ દીપે કર્યો ખુલાસો

વારાણસીઃ સામાન્ય રીતે ક્રિકેટરોના લગ્નમાં દેશના નામાંકિત ખેલાડીઓ અને ક્રિકેટ જગત સાથે સંકળાયેલી બીજી હસ્તીઓની હાજરી જોવા મળતી હોય છે, પરંતુ બુધવારે પેસ બોલર આકાશ દીપના વેડિંગમાં એમએસ ધોની, રોહિત શર્મા કે વિરાટ કોહલી જેવા દિગ્ગજમાંથી કોઈ પણ નહોતું એટલે લગ્ન સમારોહમાં હાજર કેટલાક મહેમાનોને મનમાં સવાલ થયો હતો જેમાં ખુદ આકાશ દીપે સ્પષ્ટતા કરી આપી હતી.

ગયા વર્ષે બર્મિંગહમની ટેસ્ટમાં કુલ ૧૦ વિકેટ લઈને ભારતને ઇંગ્લૅન્ડ સામે જ્વલંત વિજય અપાવવા ઉપરાંત ૧૦ ટેસ્ટની કરીઅરમાં બીજી કેટલીક ઉપયોગી ઇનિંગ્સ રમનાર આકાશ દીપનો બુધવારે વારાણસીની એક ફાઇવસ્ટાર હૉટેલમાં લગ્ન સમારોહ હતો જેમાં ભોજપુરીનો મશહૂર સિંગર પવન સિંહ હાજર હતો તેમ જ આકાશના ખાસ મિત્ર અને પેસ બોલર મુકેશ કુમારે પણ હાજરી આપી હતી.

આકાશ દીપ માણિકપુરની અક્ષિતા રાજ ડેહરી સાથે લગ્નગ્રંથિથી જોડાયો છે.

એમએસ ધોની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સન્યાસ લઈ ચૂક્યો છે, જ્યારે રોહિત અને વિરાટ ટી-૨૦ ઇન્ટરનૅશનલ છોડી ચૂક્યા છે. જોકે આ બન્ને દિગ્ગજ બૅટ્સમૅન વન-ડે સિરીઝ માટે આવતા મહિને ઇંગ્લૅન્ડ જવાના છે. લગ્ન સમારોહમાં એક શખસથી રહેવાયું નહીં



અને તેણે આકાશને પૂછી લીધું કે 'ધોની, રોહિત કે વિરાટમાંથી કેમ કોઈ દેખાતું નથી?'

પેલા મહેમાને આકાશને પૂછ્યું, 'આપને વિરાટ ભૈયા, ધોની ભૈયા ઔર રોહિત ભૈયા કો બુલાયા નહીં?' જવાબમાં આકાશે હસતાં કહ્યું, 'શાદી હો પાએગા ફિર યહાં બનારસ મેં? ફિર યહાં શાદી નહીં હો પાતી, બાહર કરની પડતી.' આકાશ દીપનો કહેવાનો અર્થ એ હતો કે જો આ ત્રણેય મહારથીઓ સમારોહમાં આવવાના હોત તો તેમના ફૅન્સના એવો જમાવડો થઈ જાત કે એ સ્થિતિને સંભાળવી મુશ્કેલ થઈ ગઈ હોત.'




# ગુરુવાર સુધીમાં ૧૩ દેશ ફિફા વર્લ્ડ કપના નૉકઆઉટ રાઉન્ડમાં પહોંચી ગયા, છ દેશ આઉટ

## બ્રાઝિલ સતત ૧૫મી વખત અને કૅનેડા, સાઉથ આફ્રિકા, બોસ્નિયા પહેલી વાર નૉકઆઉટમાં



બ્રાઝિલ વતી બે ગોલ કરનાર વિનિસિયસ જુનિયર. (એપી)



સાઉથ આફ્રિકા વતી ગોલ્ડન ગોલ થાપેલો માસેકોએ કર્યો હતો.

ન્યૂ યૉર્કઃ ૨૦૨૬ના ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપના વિક્રમજનક ૪૮ દેશમાંથી ૧૩ દેશ નૉકઆઉટ રાઉન્ડમાં પહોંચી ગયા છે અને છ દેશ બહાર થઈ ગયા છે. ખાસ કરીને વિક્રમજનક પાંચ વખત વર્લ્ડ ચૅમ્પિયન બનેલા બ્રાઝિલે લાગલગાટ ૧૫મી વખત ગ્રૂપ સ્ટેજમાં શાનથી વિજયી થઈને નૉકઆઉટ રાઉન્ડમાં પ્રવેશ કર્યો છે. યજમાન કૅનેડાને પહેલી જ વખત અને સાઉથ આફ્રિકાને અને બોસ્નિયાને પણ પ્રથમ વાર નૉકઆઉટમાં રમવાનો મોકો મળ્યો છે.

### કોણ નૉકઆઉટમાં, કોણ આઉટ?

આર્જેન્ટિના, ફ્રાન્સ, બ્રાઝિલ, જર્મની, કોલંબિયા, સાઉથ આફ્રિકા, અમેરિકા, મેક્સિકો, કૅનેડા, બોસ્નિયા, સ્વિટ્ઝરલૅન્ડ, મોરક્કો અને નોર્વે નૉકઆઉટ રાઉન્ડમાં પહોંચી ગયા છે. કતાર, હૈતી, તૂર્કી, ટ્યૂનિશિયા, જોર્ડન અને પનામા સ્પર્ધાની બહાર થઈ ગયા છે.

### કોને નૉકઆઉટમાં જવા મળે છે?

ટૂર્નામેન્ટમાં કુલ ૧૨ ગ્રૂપ છે. દરેક ગ્રૂપની ટોચની બે-બે ટીમ નૉકઆઉટમાં પહોંચે છે. તમામ ગ્રૂપમાં ત્રીજા નંબરે જે ટીમો હોય એમાં જે શ્રેષ્ઠ આઠ ટીમ હોય એને પણ પહોંચવા મળે છે.

### નેમારનું બ્રાઝિલની ટીમમાં ત્રણ વર્ષે કમબૅક

બ્રાઝિલનો સુપરસ્ટાર ખેલાડી નેમાર ત્રણ વર્ષે પહેલી વખત બ્રાઝિલ વતી રમ્યો. ઈજાને કારણે તે આ વર્લ્ડ કપની શરૂઆતમાં પણ નહોતો રમી શક્યો, પરંતુ ગુરુવારે સ્કૉટલૅન્ડ સામેની મૅચથી તેણે ફરી રમવાનું શરૂ કર્યું હતું. તે એકેય ગોલ નહોતો કરી શક્યો, પણ બ્રાઝિલના ૩-૦ના વિજયમાં તેનું આડકતરી રીતે થોડું યોગદાન હતું. બ્રાઝિલ વતી બે ગોલ વિનિસિયસ જુનિયરે સાતમી અને ૪૮મી મિનિટમાં કર્યા હતા, જ્યારે ત્રીજો ગોલ મેથ્યૂઝ કુન્હાએ ૬૦મી મિનિટમાં કર્યો હતો. ગ્રૂપ-સીમાંથી બ્રાઝિલ ૩૨ ટીમવાળા નૉકઆઉટમાં પહોંચી ગયું છે, પરંતુ સ્કૉટલૅન્ડનું ભાવિ અધ્ધરતાલ છે.

### કૅનેડા હારવા છતાં નૉકઆઉટ રાઉન્ડમાં

ગ્રૂપ-બીમાં સ્વિટ્ઝરલૅન્ડ સામે કૅનેડાનો ૧-૨થી પરાજય થયો હોવા છતાં યજમાન કૅનેડાની ટીમ પહેલી જ વખત નૉકઆઉટમાં પહોંચવામાં સફળ થઈ છે. એ સાથે આ વર્લ્ડકપના ત્રણે યજમાન દેશ અમેરિકા, મેક્સિકો, કૅનેડા ૩૨ ટીમવાળા હવે પછીના રાઉન્ડમાં પહોંચી ગયા છે.

### બોસ્નિયાએ કતારને આઉટ કર્યું

કુલ ૪૮માંથી ૩૨ દેશની ટીમમાં નૉકઆઉટમાં રમશે અને એમાં યુરોપના દેશ બોસ્નિયા એન્ડ હરઝેગોવિનાએ પહેલી જ વખત પ્રવેશ મેળવ્યો છે. બુધવારે મોડી રાત્રે ૨૦૨૨ વર્લ્ડ કપના યજમાન કતારને રોમાંચક મુકાબલામાં ૩-૧થી હરાવીને આ ઐતિહાસિક સફળતા મેળવી હતી.

### સાઉથ કોરિયાને ૧-૦થી હરાવી સાઉથ આફ્રિકા આગળ વધ્યું

ગ્રૂપ-એમાં સાઉથ આફ્રિકાએ સાઉથ કોરિયાની મજબૂત ટીમને ૧-૦થી હરાવીને એના વર્લ્ડ કપ ઇતિહાસમાં પહેલી જ વાર નૉકઆઉટ રાઉન્ડમાં પ્રવેશ મેળવ્યો હતો. ટીમ વતી ઐતિહાસિક ગોલ્ડન ગોલ થાપેલો માસેકોએ ૬૩મી મિનિટમાં કર્યો હતો. તેણે ગોલ કર્યો કે પળવારમાં સાથી ખેલાડીઓ તેને ભેટી પડ્યા હતા. ૧૧મી જૂને આ વર્લ્ડ કપના પહેલા જ મુકાબલામાં મેક્સિકો સામે સાઉથ આફ્રિકાનો ૦-૨થી પરાજય થયો ત્યાર પછી પણ સાઉથ આફ્રિકાની ટીમ નૉકઆઉટમાં પહોંચવામાં સફળ થઈ છે.

### મોરક્કો ૪-૨થી અને મેક્સિકો ૩-૦થી જીત્યું

ગુરુવારના બીજા બે મહત્વના મુકાબલામાં ગ્રૂપ-સીમાં મોરોક્કોએ હૈતીની બળવાન ટીમને ભારે લડત પછી ૪-૨થી હરાવી હતી. બીજી તરફ, ગ્રૂપ-એમાં યજમાન મેક્સિકોનો ચેક રિપબ્લિક સામે ૩-૦થી જ્વલંત વિજય થયો હતો. મેક્સિકોની ટીમ નૉકઆઉટમાં પહોંચી ચૂકી છે.

# સલામતી રક્ષકોએ નેમારના પુત્રને ઘૂસણખોર માની લીધો ને મેદાન તરફ જતા અટકાવ્યો



માયામીઃ સલામતી રક્ષકને મોટા ભાગની સેલિબ્રિટીઝના ચહેરા યાદ હોય છે, પરંતુ જો કોઈ સેલિબ્રિટીનો દીકરો કે દીકરી સામે આવે તો સિક્યૉરિટી ગાર્ડ સ્વાભાવિક છે કે ન પણ ઓળખી શકે અને (ભારતીય સમય અનુસાર) ગુરુવારે મળસ્કે અહીં બ્રાઝિલની મૅચ વખતે એવું જ બન્યું હતું.

સ્કૉટલૅન્ડ સામેની રોમાંચક મૅચ બ્રાઝિલે ૩-૦થી જીતી લીધી ત્યાર પછી બ્રાઝિલનો સુપરસ્ટાર ખેલાડી નેમાર મેદાન પર સાથીઓ સાથે જીતની ઉજવણી કર્યા પછી નજીકના સ્ટૅન્ડ પાસે દોડી આવ્યો હતો. નેમાર ખાસ તો તેના ૧૪ વર્ષીય પુત્ર ડાવી લૂકાને મળવા આવી રહ્યો હતો. જોકે પપ્પા પોતાની તરફ આવી રહ્યા છે એ જોઈને ડાવી નીચે ઊતર્યો હતો. જોકે નજીકમાં ઊભેલા સલામતી રક્ષકે જોયું કે આ છોકરો મર્યાદા ઓળંગીને મેદાન પર જવાની પેરવીમાં છે એટલે રક્ષકે તેને રોક્યો હતો.

એક નહીં, પણ બે સિક્યૉરિટી ગાર્ડે ડાવીને અટકાવ્યો હતો. તેમને લાગ્યું કે આ છોકરો મેદાન પર દોડી જવાની તૈયારી કરતો ઘૂસણખોર છે. સલામતી કવચ જોરદાર હતું. ડાવીને બીજા રક્ષકે પણ રોક્યો હતો. પાછળથી આવીને ઊભેલા નેમારને પણ લાગ્યું કે રક્ષકોને કંઈક ગેરસમજ થઈ છે. નેમાર પોતે રક્ષકોને કહેવડાવ્યું અને ફૂટબૉલપ્રેમીઓએ પણ રક્ષકોને કહ્યું કે 'તેને જવા દો, તે નેમારનો દીકરો છે.'

સલામતી રક્ષકોને તરત જ સ્થિતિ સમજાઈ ગઈ અને તેમણે ડાવીને પિતા નેમારની પાસે જવા દીધો હતો. નેમાર પુત્ર ડાવીને ખૂબ ભેટ્યો હતો. ઈજામુક્ત થયા બાદ નેમાર ત્રણ વર્ષે ફરી બ્રાઝિલ વતી ઇન્ટરનૅશનલ મૅચ રમ્યો હતો અને એમાં જીત માણી હતી એટલે ખૂબ ભાવુક થઈ ગયો હતો. નેમારની આંખોમાંથી હર્ષનાં આંસુ આવી ગયાં હતાં. નેમાર અને બ્રાઝિલની ડિજિટલ ક્રીએટર કૅરોલિનાનો પુત્ર ડાવી ૧૪ વર્ષનો છે અને તે પણ ફૂટબૉલ સારું રમે છે.

# બોસ્નિયાના ફૂટબોલરે ગોલ કર્યા પછી ગેલમાં આવીને જર્સી ઉતાર્યું કે તરત જ રેફરીએ યલો કાર્ડ બતાવી દીધું

સીઍટલઃ ક્રિકેટમાં સામાન્ય રીતે કોઈ બૅટ્સમૅન હાફ સેન્ચુરી, સેન્ચુરી કે ડબલ સેન્ચુરી ફટકારે ત્યારે બેહદ ખુશ થઈ જાય છે અને બૅટ ચાહકો કે મિત્રો-પરિવારજનો તરફ બતાવીને એ સિદ્ધિ સેલિબ્રેટ કરે છે. બોલર જ્યારે પાંચ વિકેટ લે કે હૅટ-ટ્રિકની સિદ્ધિ મેળવે ત્યારે પણ આવો સીન જોવા મળતો હોય છે, પરંતુ જર્સી ઉતારીને સેલિબ્રેશન કરવાનો ટ્રેન્ડ એમાં નથી. જોકે ફૂટબૉલમાં તો મેદાન પર ગોલ થતા રહેતા હોવાથી વારંવાર સેલિબ્રેશન થતા હોય છે અને એમાં પણ પ્લેયરને જર્સી ઉતારવાની મનાઈ હોય છે. જો કોઈ ખેલાડી જર્સી ઉતારીને ગોલની કે જીતની ઉજવણી કરે તો તેને યલો કાર્ડ બતાવવામાં આવે છે અને બુધવારે મધરાત બાદ કતાર સામેની બોસ્નિયા ઍન્ડ હર્ઝેગોવિનાની મૅચમાં આવું જ બન્યું.

### બોસ્નિયા જીત્યું, કતાર ટૂર્નામેન્ટની બહાર

બન્યું એવું કે મૅચ પૂરી થવાને ૧૦-૧૫ મિનિટ બાકી હતી. મૅચની ૩૪મી મિનિટ સુધીમાં બોસ્નિયાના બે ગોલ થઈ ચૂક્યા હતા જેમાંથી એક ગોલ એને કતારના ખેલાડીની ભૂલને કારણે ઑન ગોલમાં મળ્યો હતો. ૮૦મી મિનિટમાં બોસ્નિયા ૨-૧થી આગળ હતું અને જીતવાની તૈયારીમાં હતું ત્યાં ૮૦મી મિનિટમાં બોસ્નિયાના એર્મિન માહમિચે ગોલ કરીને ટીમને ૩-૧થી સરસાઈ અપાવી હતી. હવે તો કતારનું જીતવું અસંભવ હતું. આ ગોલના ઉન્માદમાં માહમિચ જર્સી ઉતારીને કૂદ્યો હતો. સ્ટૅન્ડમાં બેઠેલા બોસ્નિયા તરફી હજારો ફૂટબૉલપ્રેમીઓ પણ આનંદિત થઈ ગયા હતા. જોકે રેફરી તરત જ માહમિચ પાસે આવ્યા અને તેને યલો કાર્ડ દેખાડ્યું હતું. બોસ્નિયા ૩-૧થી



જીત્યું અને કતાર ટૂર્નામેન્ટની બહાર થઈ ગયું હતું.

### આ યલો કાર્ડની હવે કોઈ કિંમત નથી

એક તો માહમિચનું ઇનર-ગાર્મેન્ટ મહિલાઓ પહેરે એવું હતું એટલે બીભત્સ તો લાગતું જ હતું, પરંતુ ફૂટબૉલની રમતનો નિયમ જ છે કે જર્સી ઉતારો એટલે યલો કાર્ડ જોઈ જ લો. જોકે બોસ્નિયાના કોચ સેર્ગેજ બાર્બરિઝે પછીથી પત્રકારોને કહ્યું, 'અમે જાણીએ છીએ કે આ ગ્રૂપ સ્ટેજમાં બતાવવામાં આવેલું યલો કાર્ડ હતું અને અમે હવે નૉકઆઉટમાં પહોંચી ગયા છીએ એટલે નિયમ મુજબ ગ્રૂપ સ્ટેજનું આ યલો કાર્ડ શૂન્ય થઈ જશે. માહમિચ પરની પેનલ્ટી દૂર થઈ જશે.'

જોકે પછીથી માહમિચ જર્સી પહેરીને રેફરીને મળ્યો હતો અને તેમની માફી માગી હતી. માહમિચ ત્યારે બેહદ ખુશ હતો, કારણકે બોસ્નિયાનો આ બીજો વર્લ્ડ કપ છે અને એમાં એને પહેલી જ વખત નૉકઆઉટ રાઉન્ડમાં પ્રવેશ મળ્યો છે.

### આજે વર્લ્ડ કપમાં કઈ મૅચ?

**જાપાન વિ. સ્વિડન**
મળસ્કે ૪.૩૦
**ટ્યૂનિશિયા વિ. નેધરલૅન્ડ્સ**
મળસ્કે ૪.૩૦
**તૂર્કી વિ. અમેરિકા**
સવારે ૭.૩૦
**પારાગ્વે વિ. ઑસ્ટ્રેલિયા**
સવારે ૭.૩૦
**ફ્રાન્સ વિ. નોર્વે**
મધરાત બાદ ૧૨.૩૦
**સેનેગલ વિ. ઇરાક**
મધરાત બાદ ૧૨.૩૦

# ફ્રાન્સમાં ફૂટબૉલ ખેલાડી નદીમાં ડૂબી ગયો

પૅરિસઃ એક તરફ ફ્રાન્સની ટીમ ફિફા વર્લ્ડ કપમાં નૉકઆઉટ રાઉન્ડમાં પહોંચી જતાં દેશભરમાં ખુશી છવાઈ ગઈ છે ત્યારે દેશનો જાણીતો ક્લબ-સ્તરનો ખેલાડી રૉન નદીમાં ડૂબી જવાથી મૃત્યુ પામતાં દેશભરના ફૂટબૉલપ્રેમીઓમાં શોકની લાગણી ફરી વળી છે. ફ્રાન્સમાં અસહ્ય ગરમી છે અને હીટવેવથી બચવા ૨૧ વર્ષનો કેન્ઝો કીઝ નદીમાં પડ્યો હતો, પણ અણધારી સ્થિતિને લીધે ડૂબી ગયો હતો. છેલ્લા એક અઠવાડિયામાં ફ્રાન્સમાં ૪૦ જણ અલગ અલગ નદીઓમાં ડૂબી જવાથી મૃત્યુ પામ્યા છે.

# ટી-૨૦ વર્લ્ડ કપમાં પાકિસ્તાની મહિલા ટીમની પ્રૅક્ટિસ શરૂ થઈ એ પહેલાં એક ખેલાડી પતિ સાથે ફરવા જતી રહી!

## આલિયા રિયાઝની રૂમમાં હસબન્ડ પણ રહેતો હતો એટલે કૅપ્ટન ફાતિમા સનાએ વિરોધ કર્યો, હેડ-કોચ સાથે ઝઘડો કર્યો

લાહોરઃ પાકિસ્તાનના પુરુષ ક્રિકેટરો ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપ અને ૨૦૨૪ના ટી-૨૦ વિશ્વ કપ વખતે અંદરોઅંદર ઝઘડી પડ્યા હતા અને ડ્રેસિંગ-રૂમમાં જૂથબંધી ચાલતી હતી એવું જ કંઈક હાલમાં પાકિસ્તાનની મહિલા ટીમમાં ચાલી રહ્યું છે જે વિશે કહેવાય છે કે ઇંગ્લૅન્ડમાં ચાલતા વિમેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ દરમ્યાન આ ટીમને આંતર કલહ નડી રહ્યો છે. ટીમની એક સિનિયર પ્લેયરના શિસ્તભંગને લીધે ટીમમાં વિખવાદ વધી ગયો છે. ટીમમાં જૂથ પડી ગયા છે અને કોચ કહે છે કે તેમના પ્લાન પ્રમાણે ખેલાડીઓ રમતી જ નથી. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ત્રણ-ચાર વર્ષમાં મહિલા ટીમના વારંવાર કોચ બદલ્યા છે.

એક અહેવાલમાં જણાવાયું છે કે પાકિસ્તાનની ટીમ આ વર્લ્ડ કપમાં ભારત સામેના મુકાબલા સહિત ચારેય મૅચ હારી એનું મોટું કારણ એ છે કે કૅપ્ટન ફાતિમા સના અને બિન-સત્તાવાર હેડ-કોચ વહાબ રિયાઝ વચ્ચે નથી બનતું. મંગળવારે પાકિસ્તાનની ટીમ સતત ચોથી મૅચ હારી હતી. શનિવારે બાંગ્લાદેશ સામેની મૅચ પહેલાં કૅપ્ટન સનાએ ટીમ મૅનેજમેન્ટ સમક્ષ વાંધો ઉઠાવતા કહ્યું હતું કે 'ટીમની હૉટેલમાં આપણી ટીમની વરિષ્ઠ ખેલાડી આલિયા રિયાઝની રૂમમાં તેનો પતિ અલી યુનિસ પણ રહે છે એ જરાય નહીં ચલાવી લેવાય.'

સનાના જોરદાર વિરોધને પગલે જ અલી યુનિસને પત્ની આલિયાની રૂમમાંથી જતા રહેવાની ફરજ પાડવામાં આવી હતી.

જોકે શનિવારે બાંગ્લાદેશ સામેની મૅચના આગલા દિવસે પાકિસ્તાનની વિમેન્સ ટીમ પ્રૅક્ટિસ માટે મેદાન પર ઊતરી ત્યારે એમાં આલિયા નહોતી. થોડી વાર પછી ખબર પડી હતી કે ટીમ પ્રૅક્ટિસ નક્કી થઈ હોવા છતાં આલિયા તેના પતિ સાથે સાઇટ-સીઇંગ પર જતી રહી હતી.

બીજા દિવસે બાંગ્લાદેશ સામેની મૅચ માટેની ટીમમાં ૨૦૦ આંતરરાષ્ટ્રીય મૅચની અનુભવી ૩૩ વર્ષીય ઑલરાઉન્ડર આલિયાના સમાવેશ સામે કૅપ્ટન સનાએ વિરોધ કર્યો હતો, પણ હેડ-કોચ વહાબ રિયાઝે તેને ધરાર ટીમમાં લેવડાવી હતી. આલિયા એમાં ઝીરોમાં આઉટ થઈ હતી અને પાકિસ્તાનની ટીમ હારી ગઈ ત્યાર પછી ડ્રેસિંગ-રૂમમાં કૅપ્ટન સનાએ હેડ-કોચ વહાબને બધાની હાજરીમાં કહ્યું કે 'તમે ટીમના પ્રૉટોકૉલ્સનો ભંગ કર્યો એટલે આ પરાજય માટે તમે જ જવાબદાર છો.'

# મૅટિની

# હાય રામ, કુડિયોં કા હૈ ઝમાના...

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

**રાની મુખરજી, તાપસી પન્નુ, ક્રીતિ સેનન, રશ્મિકા મંદાના, આલિયા ભટ્ટ એન્ડ કંપનીની ફિલ્મો વર્ષના પ્રમુખ આકર્ષણ છે**


આલિયા ભટ્ટ


દીપિકા પાદુકોણ


ક્રીતિ સેનન

વીસમી સદીના અંતિમ દાયકામાં સૂરજ બડજાત્યાની 'હમ આપકે હૈં કૌન' ફિલ્મના એક ખૂબ જ મશહૂર થયેલા ગીત 'દીદી તેરા દેવર દીવાના'ની પંક્તિ હતી 'હાય રામ, કુડિયોં કા હૈ ઝમાના'. આ લાઈન એકવીસમી સદીના પ્રારંભથી જ અને ખાસ તો ૨૦૨૬માં હિન્દી ફિલ્મોની જાણે કે સૂચક બની ગઈ હોય એવું ચિત્ર ઉપસી રહ્યું છે.

છઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૦૦ના દિવસે રિલીઝ થયેલી મહેશ માંજરેકર દિગ્દર્શિત 'અસ્તિત્વ' (તબુ)થી શરૂ કરી ગયા અઠવાડિયે રિલીઝ થયેલી 'કોકટેલ ૨' (ક્રીતિ સેનન, રશ્મિકા મંદાના), આવતા અઠવાડિયે આલિયા ભટ્ટની 'આલ્ફા', ત્યારબાદ ઓગસ્ટમાં કિયારા અડવાણી, શ્રદ્ધા કપૂર, તમન્ના ભાટિયાની ફિલ્મો અને દીપિકા પાદુકોણ અને મૃણાલ ઠાકુર પણ લાઈનમાં ઊભાં છે. એકવીસમી સદીના અઢી દાયકા પછીના વર્ષમાં નારી પ્રભુત્વ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી ઉપરાંત અન્ય ક્ષેત્રોમાં પ્રભાવીપણે નજરે પડી રહ્યું છે.

આ વર્ષે મહિલા ફોજની સફળ શરૂઆત રાની મુખર્જીની 'મર્દાની ૩'થી શરૂ થઈ. અલબત્ત, 'ધુરંધર'ના આંખો આંજી દેનારા બોક્સ ઓફિસ કલેક્શન સામે અન્ય ફિલ્મોનો વકરો સામાન્ય લાગે એવી હાલત છે, પણ રાનીની ફિલ્મ રોકાણના હિસાબે વળતરની ગણતરીમાં સારો દેખાવ કરવામાં સફળ રહી હતી. ત્યારબાદ અનુભવ સિંહાની 'અસ્સી'માં ક્રિમિનલ લોયરના રોલમાં તાપસી પન્નુના પરફોર્મન્સને બિરદાવવામાં આવ્યું. કમનસીબે ફિલ્મ ફ્લોપ થઈ. ત્યારબાદ 'ધ કેરળ સ્ટોરી ૨' અને 'એક્યુઝ્ડ' આવી, જેના વિષયમાં મહિલાને પ્રાધાન્ય હતું. એકતા કપૂરની સૌથી સફળ ફિલ્મ 'ભૂત બંગલા'માં તબુ એક મહત્ત્વના રોલમાં હતી. 'પતિ પત્ની ઔર વો દો'માં આયુષ્માન ખુરાના સાથે ત્રણ ત્રણ નાયિકા હતીઃ સારા અલી ખાન, વામિકા ગબ્બી અને રકુલ પ્રીત સિંહ. સોનાક્ષી સિંહાની 'સિસ્ટમ'માં તો હીરોની હાજરી જ નહોતી. આ મહિને રિલીઝ થયેલી 'ભારત ભાગ્ય વિધાતા'ની કથાના હાર્દમાં ૨૦૦૮માં મુંબઈમાં થયેલો આતંકવાદી હુમલો હતો, પણ ફિલ્મએ નર્સ સહિતના આરોગ્ય સેવકોની આસપાસ આકાર લીધો હતો. ક્રીતિ સેનન અને રશ્મિકા મંદાનાની 'કોકટેલ ૨'ની ધમાકેદાર શરૂઆત થઇ છે. 'તેરી બાતોં મેં ઐસા ઉલઝા જિયા', 'ક્રૂ' અને 'તેરે ઈશ્ક' પછી લાગલગાટ ચોથી ફિલ્મમાં ક્રિતીએ સામર્થ્ય દેખાડ્યું છે. સાથે રશ્મિકા પણ હિન્દીમાં પગ જમાવી રહી છે.

આમ સન્નારીઓ ૨૦૨૬ પર પ્રભુત્વ સાબિત કરવા અને દર્શકો પર છવાઈ જવા થનગની રહી છે. આ અભિનેત્રીઓનું કૌશલ અને લોકપ્રિયતા હિન્દી ફિલ્મો પ્રત્યે સીમિત ન રહેતા 'પેન ઈન્ડિયા અપીલ' ધરાવે છે મતલબ કે ભારતભરમાં આવકાર મેળવી રહ્યા છે. મજબૂત કથાવસ્તુ, મહત્ત્વ ધરાવતી ભૂમિકા અને બિગ બજેટની ફિલ્મને પગલે નવું સ્ટારડમ મેળવી રહી છે. આ વર્તમાન ભારતીય ચલચિત્ર જગતને નવો આકાર આપશે એવી ગણતરી મુકાઈ રહી છે. એક નજર નારી પ્રધાન ફિલ્મોની નાનકડી ફોજ પર.

**આલિયા ભટ્ટઃ** 'સ્ટુડન્ટ ઓફ ધ યર' (૨૦૧૨)થી શરૂઆત કરનારી અભિનેત્રીએ 'રાઝી', 'ગંગુબાઈ કાઠિયાવાડી', 'જિગરા' જેવી નારીલક્ષી ફિલ્મોમાં દમદાર પરફોર્મન્સ આપી વિવેચકો અને દર્શકો એમ બંને પક્ષ તરફથી વાહ વાહ મેળવી છે. હિન્દી ફિલ્મના દર્શકો ઉપરાંત દેશમાં અન્યત્ર અને દેશાવરમાં પણ આલિયાની લોકપ્રિયતા છે. આવતા અઠવાડિયે રિલીઝ થનારી યશરાજની 'આલ્ફા' મહિલાને કેન્દ્રમાં રાખી તૈયાર થયેલી સ્પાય થ્રિલર છે. આ સિવાય સુપર નેચરલ હોરર કોમેડીમાં હથોટી ધરાવતા અમર કૌશિકની 'ચામુંડા', 'બ્રહ્માસ્ત્રઃ પાર્ટ ૨' તેમજ 'લવ એન્ડ વોર'માં આલિયા ચમકવા તૈયાર છે.

**દીપિકા પાદુકોણઃ** માતૃત્વ ધારણ કર્યા પછી દીપિકા ફિલ્મોમાં ફરી છવાઈ જવા ઉત્સુક છે. દર્શકો પણ એને જોવા આતુર હશે જ. શાહરુખની અતિ ઉત્સુકતા ધરાવતી 'કિંગ', એટલી દિગ્દર્શિત અલુ અર્જુન સાથેની 'રાકા' (જેમાં રશ્મિકા મંદાના, મૃણાલ ઠાકુર અને જહાન્વી કપૂર પણ છે), સંજય લીલા ભણસાલીની 'લવ એન્ડ વોર', બે ફિલ્મ પ્રિ પ્રોડક્શનમાં છે અને અન્ય ફિલ્મમેકર સાથે વાતચીત ચાલી રહી છે.

**રશ્મિકા મંદાનાઃ** અલુ અર્જુનની 'પુષ્પાઃ ધ રાઈઝ'ના શ્રીવલ્લીના મોહક નૃત્યથી દેશભરમાં ગાજેલી રશ્મિકા મંદાનાની હિન્દી ફિલ્મ ઈનિંગ્સનો પ્રારંભ (વિકાસ બહલની 'ગુડબાય') કંગાળ ફિલ્મથી થયો પણ ત્યારબાદ 'મિશન મજનુ' અને વિશેષ તો રણબીર કપૂર સાથેની ભવ્ય સફળતાને વરેલી 'એનિમલ' ફિલ્મથી રશ્મિકાના પગ હિન્દી ચિત્રપટ સૃષ્ટિમાં જામી ગયા. 'એનિમલ પાર્ક' અને 'પુષ્પા ૩' તેમ જ સાઉથની હિન્દીમાં ડબ થનારી અન્ય ફિલ્મોમાં એ દર્શકો સમક્ષ રજૂ થશે. આગામી ચિત્રપટોમાં એ વૈવિધ્યપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે જેમાં રોમેન્સ, એક્શન અને ઐતિહાસિક પાર્શ્વભૂમિ ધરાવતી ફિલ્મોનો સમાવેશ થાય છે.

**સાઈ પલ્લવીઃ** ગયા મહિને રિલીઝ થયેલી આમિર પુત્ર જુનૈદ ખાન સાથેની 'એક દિન' સુપરફ્લોપ સાબિત થઇ પણ સાઈ પલ્લવી મોટા બેનરની મહત્ત્વાકાંક્ષી ફિલ્મોમાં જોવા મળવાની છે. અત્યંત પ્રતિભાશાળી ગણાતી અભિનેત્રી નિતેશ તિવારીના ભવ્યાતીત ભવ્ય પ્રોજેક્ટ 'રામાયણઃ પાર્ટ વન'માં સીતા મૈયાના રોલમાં જોવા મળશે. આ સિવાય મણિ રત્નમની આગામી ફિલ્મમાં પણ કામ કરવાની છે. તમિલ, તેલુગુ અને હિન્દીમાં બની રહેલી 'ઓમઃ ચેપ્ટર ૧'માં પણ એની હાજરી છે.

ઉપરાંત શ્રદ્ધા કપૂર, કિયારા અડવાણી અને વિદ્યા બાલનની અને 'સૈયારા'થી ફેમસ થયેલી અનીત પડ્ડાની ફિલ્મો પણ દર્શકોના દિલ પર સવાર થવા આવી રહી છે.

આ માહોલમાં હિન્દી ફિલ્મના હીરો લોકોની માનસિકતા શું હશે? 'હમ આપકે હૈં કૌન'ના પેલા ગીતની આગળની પંક્તિ જેવા – 'રબ્બા મેરે મુઝકો બચાના'.... રાઈટ?! ■

છેલ્લી કૉલમ

## આવજો, અરવિંદભાઈ...

**રંગભૂમિ સાથે સંકળાયેલા અદાકારમાં શિસ્ત-સજ્જતા આપોઆપ સંકળાઈ જતી હોય છે... કલાકાર તરીકેના એ બન્ને ગુણ કોલમકાર તરીકે પણ અરવિંદભાઈમાં હતા. ક્યારેય ડેડલાઈન ચૂક્યા વગર એમની નાટ્યજગતના અનુભવોની લેખમાળા (સળંગ લેખ : ૩૪૮) આજ સુધી અવિરત 'મુંબઈ સમાચાર'માં ક્રમશઃ રહી. 'દાદુ'ના હુલામણા નામે જાણીતા અરવિંદભાઈની આ લેખમાળાને અચ્છી દાદ પણ મળતી રહી. નાટ્યજીવનના એમના સારા-નરસા અનુભવો એ પ્રામાણિકતાથી રજૂ કરતાં, પણ એમની કોલમમાં ક્યારેય કડવાશ ન રહેતી.**

**આવા 'દાદુ'નો આ છેલ્લો લેખ એમણે એમની પૌત્રી વૃષ્ટિ દ્વારા મોકલાવ્યો પછી પુત્ર-(લોકપ્રિય અભિનેતા) તન્મયનો ફોન આવ્યોઃ 'પપ્પા ICUમાં છે, પણ એમનો જીવ લેખમાં છે. મને કહે છેઃ 'ભરતભાઈને પૂછ લેખ બરાબર મળી ગયોને?' મેં હા પાડીઃ 'પપ્પાને કહો બધુ ઓલરાઈટ છે... લેખમાળાની ચિંતા ન કરો. જલદી તાજામાજા થઈને પાછા આવો...' ... પણ આજે પ્રગટ કરલો લેખ એમનો અંતિમ બની રહ્યો. ગયા અઠવાડિયે પ્રગટ થયેલા લેખમાં અંતે એમણે આ વાક્ય લખ્યું હતું : 'હવે નવી ગિલ્લી... નવો દાવ!'**

**દાદુ, આ 'નવી ગિલ્લી... નવો દાવ' શોધવાની એટલી બધી ઉતાવળ કે આ જીવનનાટકના શ્વાસ પણ અચાનક આટલા જલદી સંકેલી લીધા?!**

■ ભરત ઘેલાણી

સાત્વિકમ્ શિવમ્

# ...ફક્ત પ્રભુની મૂર્તિ જ જાણે છે કે પૂજારી કેટલો ઈમાનદાર છે!

અરવિંદ વેકરિયા

છેલ્લાં બે -ત્રણ લેખમાં મને મળેલી હિન્દી-સિરિયલની તક અને પછી સંસ્થાનાં નિયમોને કારણે કરવી પડેલી એની પીછેહઠ તેમ જ દિનુમામા અને એમના સરળ સ્વભાવની વાત મેં કરી. રંગભૂમિ પરની મોટી સંસ્થા એટલે આઈ.એન.ટી. એમાં જો કામ ન કર્યું હોત તો વસવસો રહીએ જાત, પણ જો કે અનુભવે લાગ્યું કે સંસ્થાના નિયમો કલાકારના સ્વમાનને થોડા ઠેસ પહોંચાડનારા પણ હતા... સંસ્થાના નિયમો એના મોવડી મંડળને આકરા નહી લાગતા હોય, પણ ફક્ત .....ફક્ત મંદિરમાં પ્રભુની મૂર્તિ જ જાણે છે કે પૂજારી કેટલો ઈમાનદાર છે!

ખેર, એક સારા નાટકનો ધી એન્ડ આવી ગયો. 'બે દુની..' લગભગ બંધ થઈ ગયું, મારા આવતાં કવર બંધ થઈ ગયા. જો કે નાટકની 'ઉંમર' થઈ નહોતી. હું પાછો ઘર ભેગો થઈ ગયો. હા, એક વાતનો નાનકડો સંતોષ હતો કે પહેલી અને છેલ્લીવાર મેં એ સંસ્થા સાથે કામ કરી લીધું.


ખેર, અનુભવ નામની બહુ મોટી જણસ મને મળી. નાનાં હતા ત્યારે અંધારાથી ડર લાગતો હતો મોટા થયા પછી કોઈ અંધારામાં રાખવાવાળાથી ડર લાગે છે. આ પરિપક્વતા અનુભવ વધારે છે.

હવે નાટક વિશે વિચારવું પડશે, અમૃત પટેલ(હયાત નથી) સાથે ડોલર પટેલની સિરિયલ 'ધૂપછાંવ' કરી ત્યારે મેં આછડતી વાત કરેલી કે 'તમારી સાથે મારે નાટક કરવાની ઈચ્છા છે. ત્યારે એમણે કહેલું કે 'મને સ્ક્રીપ્ટ વંચાવ પછી નક્કી કરીએ.' સ્વાભાવિક છે તે હિન્દી-ફિલ્મોમાં ખાસ્સા બીઝી ઉપરાંત પોતાના નાટ્ય-નિર્માણમાં પણ. આખ્ખા બોલા, પણ સ્વભાવ મળતાવડો. એમનો વિચાર આવ્યો પણ મેળ બેસતો નહોતો.

એમાં થયું એવું કે અમિત દિવેટિયાનું એવરગ્રીન અને વિક્રમસર્જક નાટક 'પ્રીત,પીયુ ને પાનેતર' જોવાનો મોકો મળી ગયો. હું જોવા ગયો. એ નાટકમાં એક પાત્રમાં જમુના હિંગુ પણ હતાં. આ જમુના હિંગુ એટલે જાણીતાં ફિલ્મ અભિનેતા દિનેશ હિંગુનાં પત્ની. એ શોમાં દિનેશ હિંગુ પણ આવેલા. નાટકને કારણે મને ઓળખતાં હશે. અમિતભાઈ એ મારી ઓળખાણ કરાવી. પછી કહ્યું કે સારો રોલ હોત તો એને નાટક પણ કરવું છે. મને અમૃત પટેલ અને દિનેશ હિંગુની બત્તી એક સાથે ઝબકી ગઈ. આ 'ઓફર' તો અચાનક આવી ગઈ. મેં એમનો ફોન નંબર અને એડ્રેસ લઇ લીધા. દિનેશભાઈએ ખરેખર રસ બતાવ્યો. શરત એટલી હતી કે મળતી ફિલ્મોના એડજસ્ટમેન્ટમાં આપણો પ્રોજેક્ટ શરૂ કરવો. મેં એમને અમૃત પટેલની પણ વાત મૂકી એ રાજી થયા. દિનેશભાઈની વાત મને 'બોનસ' રૂપે મળી. હું કઈક એ દિશામાં જ વિચારતો હતો. કોઈ તમારી મદદ લેવા આવ્યા હશે, પણ ભગવાને તમારું સરનામું આપ્યું હશે. વિનોદ જાનીની કૃતિ 'પ્રીત. પીયુ ને પાનેતર' બધાને ફળી એમ જાણે મને પણ ફળવાની હોય એવી પ્રતીતિ અંદરથી થઈ રહી હતી. વિનોદ જાનીનો પુત્ર રાગી જાની અત્યારે ગુજરાતી ફિલ્મોમાં સફળતાની સીડીઓ ચડી જ રહ્યો છે. આ આગળ મેં 'હરણફાળ' નાટક ડિરેક્ટ કરેલું ત્યારે મેં વિચારેલું કે કોઈ સેલિબ્રિટીને નાટકમાં લઉં . મેં ટીકુ તલસાણીયાને કાસ્ટ કરેલા. થોડા જ દિવસના રિહર્સલ પછી ટીકુને મહેશ ભટ્ટની 'દિલ હૈ કી માનતા નહિ' મળી અને એમણે નાટક છોડ્યું. પછી મિત્ર અજિત વાછાનીએ એ પાત્ર ભજવેલું.

બીજી તરફ, મારે દિનેશ હિંગુ અને અમૃત પટેલનું 'ચોકઠું' ગમે તેમ બેસાડવું હતું. સેલિબ્રિટી મોંઘી પડે પણ એના નામ પર બુકિંગ સારું મળે એવી હકીકત હતી...

આમાં મારો હંમેશનો સંકટ મોચન લેખક જ મને મદદ કરી શકે. હું રાજેન્દ્ર શુક્લ પાસે પહોંચી ગયો ને મારી ઈચ્છા મેં દર્શાવી અને... ■



**ડબલ રિચાર્જ**

*છોકરો જજ છે એમ કહીને સગપણનું નક્કી કર્યું. પંદર દિવસ પછી ખબર પડી કે પ્રાયવેટ ડિસ્કો દાંડિયામાં એ નવ દિવસ પુરતો જજ હતો.*

હેન્રી શાસ્ત્રી

ફ્લૅશ બૅક

# અભિનેત્રી નલિની: જયવંત, સરાફ કે...

## હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના પ્રારંભિક દોરમાં એક જ નામ ધરાવતા કલાકારોની ઓળખ અટકથી જ થઈ શકતી હતી

હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં નામનો અનેરો મહિમા છે. રસપ્રદ ઇતિહાસ છે. મજેદાર કહાણી છે. યાદગાર પ્રસંગો છે. પડદા પર નામ સારું લાગે એટલા માટે અહીં યુસુફ ખાન દિલીપ કુમાર બની જાય છે, મેહઝબીન મીના કુમારી, ભાનુરેખા ગણેશન રેખા, રાજીવ ભાટિયા અક્ષય કુમાર બની જાય છે. બીજાં અનેક ઉદાહરણ છે. વહિદા રેહમાન જેવા પણ છે જે કોઈ કાળે મૂળ નામ બદલવા તૈયાર નથી. જોકે, નામ મુસીબત ઊભી ન કરે, લોકોમાં મૂંઝવણ પેદા ન થાય કે આ કઈ આલિયા? એટલે આલિયા અડવાણી કિયારા અડવાણી બની જાય છે. હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીના પ્રારંભિક દોરમાં એક જ નામ ધરાવતા એકથી વધુ કલાકાર હોવાથી તેમની સાચી ઓળખ તેમની અટક જાણ્યા પછી જ થઈ શકતી હતી.





નલિની જયવંત અને નલિની સરાફ (સીમા દેવ)

સરખા નામને કારણે ઘણી વાર ગજબનાક ગોટાળા થયા હોવાના કેટલાક મજેદાર પ્રસંગ હિન્દી ફિલ્મ ઇતિહાસના ચોપડે નોંધાયા છે. હવે જો તમને કોઈ એમ કહે કે નૂર મોહમ્મદ ચાર્લીની ફિલ્મ ‘ઠોકર’માં માધુરી કેવી સરસ લાગે છે તો તમે ચોંકી જશો, કારણ કે માધુરી નામ પડતાં જ તમારી સામે ‘એક દો તીન’ કે પછી ‘ધક ધક ગર્લ’ માધુરી દીક્ષિતનો ચહેરો આવી જાય. ‘ઠોકર’ ફિલ્મ તો ૧૯૩૯માં બની હતી અને માધુરી દીક્ષિતનો જન્મ જ ૧૯૬૭માં થયો હતો. તો પેલી માધુરી કઈ? એનું મૂળ નામ હતું Beryl Yvonne Claessen અને એ એંગ્લો ઇન્ડિયન હતી. અંગ્રેજી નામ હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં મેળ નહીં ખાય એ કારણસર નામ માધુરી રાખવામાં આવ્યું હતું. ચંદુલાલ શાહના રણજિત સ્ટુડિયોની કેટલીક ફિલ્મોમાં વૈવિધ્યપૂર્ણ ભૂમિકા તેણે ભજવી હતી.

એક ઉદાહરણ સંગીત ક્ષેત્ર સાથે સંકળાયેલું છે. ૧૪ ઑગસ્ટ, ૧૯૯૮ના દિવસે સમાચાર આવ્યા કે ‘ગઝલ ગાયિકા શમશાદ બેગમનું અવસાન થયું.’ તરત જ વિવિધ સાઇટ્સ પર સમાચાર વહેતા થયા કે ‘લોકપ્રિય ગાયિકા શમશાદ બેગમનું નિધન’. એક પછી એક ‘લેકે પેહલા પેહલા પ્યાર’, ‘બડી મુશ્કિલ સે દિલ કી બેકરારી કો કરાર આયા’, ‘સૈયાં દિલ મેં આના રે’ વગેરે એમનાં યાદગાર ગીતો વાગવા લાગ્યાં. એમનાં ગીતોની યાદી મુકાવા લાગી... ખુદ શમશાદ બેગમે પોતાના અવસાનની જાણ થઈ અને ‘મૈં જિંદા હૂં’ની બૂમ પાડી ત્યારે ખબર પડી કે નિધન શમશાદ બેગમનું જ થયું હતું, પણ એ શમશાદ બેગમ એટલે સોહરાબ મોદીની ‘પુકાર’ સહિત ઘણી ફિલ્મોનાં હીરાઇન નસીમ બાનોનાં મમ્મી અને સાયરા બાનોનાં નાની. આ શમશાદ બેગમ છમિયા બેગમ તરીકે પણ જાણીતાં હતાં.

અભિનેત્રી નંદાના પિતાશ્રી માસ્ટર વિનાયકે ૧૯૩૯માં ‘બ્રાન્ડી કી બૉટલ’ નામની હિન્દી ફિલ્મનું નિર્માણ અને દિગ્દર્શન કર્યું હતું. નૈતિક મૂલ્યો અને શિસ્તના આગ્રહની થીમ ધરાવતી આ ફિલ્મ મશહૂર મરાઠી બહુમુખી પ્રતિભા પી. કે. અત્રે - આચાર્ય અત્રેની સફળ મરાઠી ફિલ્મ ‘બ્રાન્ડીચી બાટલી’ની રી-મેક હતી. એકાદી વેબસાઇટ પર ફિલ્મના કલાકારોની યાદીમાં હીરોઇનનું નામ હતું મીનાક્ષી શેષાદ્રી. હે? આવો સવાલ થવો સ્વાભાવિક છે. ૧૯૩૯માં રિલીઝ થયેલી ફિલ્મની નાયિકા ૧૯૬૩માં જન્મેલી મીનાક્ષી શેષાદ્રી? અન્ય ઠેકાણે ‘બ્રાન્ડી કી બૉટલ’ની હીરોઇન તરીકે ફક્ત મીનાક્ષી નામ છે. ખણખોદ કરતાં જાણવા મળે છે કે ૧૯૩૯ની ફિલ્મનાં હીરોઇન હતાં હિન્દી ફિલ્મોની અભિનેત્રી મીનાક્ષી શિરોડકર. શિલ્પા શિરોડકર અને નમ્રતા શિરોડકરનાં દાદી...!

મહારાષ્ટ્રીયન અભિનેત્રીઓને અટક સાથે નામ લખવાની આદતને કારણે ગૂંચવાડો થવાની સંભાવના ઓછી રહે છે. અમુક સન્નારી તો પિયર અને સાસરાની એમ બંને અટક જાળવી રાખે છે. હિન્દી ફિલ્મોમાં એક-બે નહીં, પણ નવ નલિની નામની અભિનેત્રી કામ કરી ચૂકી છે. હવે તમને જો કહેવામાં આવે કે જ્યોતિ સ્વરૂપની ‘મિયાં બીબી રાજી’ (૧૯૬૦)માં નલિની હતી તો તમને સ્વાભાવિકપણે નલિની જયવંતનું જ સ્મરણ થાય... પણ ના, નલિની જયવંતે આવી કોઈ ફિલ્મમાં કામ કર્યું જ નથી. ૧૯૬૦ની ફિલ્મની અભિનેત્રી હતી નલિની શરાફ જે પછી સીમા દેવ (રમેશ દેવની પત્ની) તરીકે વધુ જાણીતાં બન્યાં. રાજેશ ખન્નાની ‘આનંદ’ નૂતનની ‘સરસ્વતીચંદ્ર’ સહિત અનેક ફિલ્મોમાં તેમની અભિનય પ્રતિભાનો પરિચય સિને રસિકોને થયો. ૧૯૬૦ના દાયકાની મ્યુઝિકલ હિટ ફિલ્મનો ‘પારસમણિ’ તેમજ ‘રાની રૂપમતી’માં નલિની ચોનકર નામની મરાઠી અભિનેત્રીની હાજરી હતી. અન્ય સાત નલિની હતી - નલિની તારખડ (વી, શાંતારામની હિન્દી અને મરાઠીમાં સાથે બનેલી અમૃત મંથન ફિલ્મની નાયિકા), નલિની નાગપુરકર, નલિની બોરકર, નલિની ઢેરે, નલિની ગુપ્તે, નલિની મુળગાંવકર, નલિની રાવ. નલિની કાફલામાં સૌથી પ્રતિભાશાળી અને નામવંત હતાં નલિની જયવંત જેમની ‘કાલા પાની’, ‘સમાધિ’, ‘મુનીમજી’ વગેરે ફિલ્મો લોકોને આજે પણ યાદ હશે. હિન્દી ફિલ્મ સૃષ્ટિના ઇતિહાસમાં એક જ નામ સૌથી વધુ વાર ચમકવાનો વિક્રમ નલિનીના નામે નોંધાયેલો છે.

એ મિનિટ... નલિની અધ્યાય હજી પૂરો નથી થયો. એક અત્યંત રસિક અને આશ્ચર્યજનક હિસ્સો હજી બાકી છે. એક પુરુષ અભિનેતાનું નામ હતું નલિની રંજન રૉય...! અભિનયમાં બેહદ રુચિ હોવાથી ભાઈશ્રી ૧૯૪૦ના દાયકાના પ્રારંભમાં જ બંગાળથી બૉમ્બે આવી પહોંચ્યા. બંગાળી ફિલ્મમેકર અમિયા ચક્રવર્તીની ‘બસંત’ (મુમતાઝ શાંતિ - ઉલ્હાસ) ફિલ્મમાં પહેલી તક મળી. એમનું નામ છોકરીનું હોય એવું લાગતું હતું અને એ સમયે અનેક નલિની ફિલ્મોમાં વ્યસ્ત હોવાથી નલિની રંજન રૉયે કનુ રૉય નામ ધારણ કરી લીધું. મજાની વાત તો એ છે કે સંગીતકાર કનુ રૉય (અનુભવ, આવિષ્કાર, સ્પર્શ) સાથે એમના નામની ભેળસેળ ઘણીવાર થઈ હતી. ■


શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# ‘મૈં વાપસ આઉંગા’: કિસ્સા કમબેક કા...

## પાછા ફરવાની વાર્તાઓ લોકોના દિલ સુધી કેમ પહોંચે છે?

સિનેમામાં લવ સ્ટોરીઝ આવે છે, ઍક્શન ફિલ્મ્સ આવે છે, થ્રિલર આવે છે, હોરર આવે છે... દરેક પ્રકારની ફિલ્મ્સના પોતાના ચાહકો હોય છે, પરંતુ એક એવી વાત છે જે લગભગ દરેક પ્રકારની ફિલ્મમાં કામ કરે છે અને દર્શકોને હંમેશાં આકર્ષે છે. એ છે ‘વાપસી’. કોઈ વ્યક્તિ બધું ગુમાવી બેસે, લોકો તેનો સાથ છોડી દે, પરિસ્થિતિ તેની સામે થઈ જાય અને પછી તે ફરી ઊભી થાય, ફરી પોતાનું સ્થાન બનાવે તો એવી વાર્તાઓ લોકો સુધી ઝડપથી પહોંચે છે, કારણ કે વાપસીની વાત માત્ર ફિલ્મની નથી હોતી, એ જીવનની વાત હોય છે.




‘મૈં વાપસ આઉંગા’નું શીર્ષક સાંભળતાં જ આવી લાગણી જન્મે છે. એવું લાગે છે કે કોઈ જણ ક્યાંક ગયો છે, કંઈક ખોવાઈ ગયું છે અથવા કંઈક અધૂરું રહી ગયું છે અને હવે તે ફરી પાછો ફરવાનો છે. ફિલ્મની અંદર પણ આ ભાવના પ્રેમીની વાપસી સાથે જોડાયેલી છે. પ્રેમકથાઓમાં મળવા કરતાં ઘણી વખત વિખૂટા પડવાની અને ફરી મળવાની ક્ષણ વધુ અસરકારક બની જાય છે, કારણ કે રાહ જોવી-કોઈની ખોટ અનુભવવી અને પછી ફરી તેને મળવું... આ લાગણીઓ સાથે મોટા ભાગના દર્શકો કોઈને કોઈ રીતે જોડાઈ શકે છે.

જોકે રસપ્રદ વાત એ છે કે ‘મૈં વાપસ આઉંગા’ની વાપસી માત્ર ફિલ્મની વાર્તા સુધી સીમિત નથી રહી. ફિલ્મની પોતાની સફર પણ એક પ્રકારની વાપસીની કહાની બની ગઈ. આજના સમયમાં ફિલ્મનું ભવિષ્ય ઘણી વખત પહેલા જ અઠવાડિયામાં નક્કી થઈ જાય છે. પહેલા દિવસના આંકડા, પહેલા વીક-એન્ડના આંકડા અને સોશ્યલ મીડિયા પર આવતી પ્રતિક્રિયાઓના આધારે તરત નિર્ણય થઈ જાય છે કે ફિલ્મ ચાલી કે નહીં. ઘણી ફિલ્મ્સને પોતાનો દર્શક શોધવાનો સમય જ મળતો નથી.



ઈમ્તિયાઝ અલી

‘મૈં વાપસ આઉંગા’ માટે પણ શરૂઆત બહુ સરળ નહોતી. પહેલા અઠવાડિયામાં કલેક્શન ઘટ્યાં. બીજી તરફ ‘હોન્ટેડ ૩ડી’ જેવી અણઘડ ફિલ્મે અપેક્ષા કરતાં વધારે ચર્ચા મેળવી અને બજારનું ધ્યાન ખેંચ્યું. સામાન્ય રીતે આવી સ્થિતિમાં લોકો માની લે કે હવે ફિલ્મ માટે આગળ વધવું મુશ્કેલ છે, પરંતુ ઘણી વખત દર્શકોનો નિર્ણય શરૂઆતના આંકડાથી અલગ હોય છે.

અહીંથી ફિલ્મ માટે સૌથી મહત્ત્વની બાબત શરૂ થઈ. જેમ જેમ લોકો ફિલ્મ જોતા ગયા તેમ તેમ તેની ચર્ચા વધતી ગઈ. દર્શકોને ફિલ્મની અંદર રહેલી અતિશય લાગણી સ્પર્શી ગઈ, જે તેમણે થિયેટરમાં રડતાં-રડતાં મહેસૂસ કરી. અને તે સૌએ પોતાની રીતે ફિલ્મને બીજા સુધી પહોંચાડી. સિનેમામાં આજે પણ દર્શકોની ભલામણ જેટલી અસરકારક કોઈ બાબત નથી. મોટા પ્રચારથી લોકો થિયેટર સુધી આવી શકે, પરંતુ ફિલ્મને લાંબો શ્વાસ દર્શકો જ આપે છે.

એ જ કારણ છે કે બીજા અઠવાડિયામાં આ ફિલ્મે જોરદાર વૃદ્ધિ નોંધાવી. લગભગ ૧૩૦ ટકાનો ઉછાળો અને બીજા શુક્રવારે પહેલા શુક્રવાર કરતાં બમણાથી વધુ કમાણી. શરૂઆતમાં જે લોકો રાહ જોઈ રહ્યા હતા, તેમણે પણ ફિલ્મ તરફ ધ્યાન આપવાનું શરૂ કર્યું. ફિલ્મ વિશેની ચર્ચાનો સ્વર બદલાઈ ગયો.

કદાચ આ જ કારણ છે કે આવી ઘટનાઓ લોકોનું ધ્યાન ખેંચે છે, કારણ કે વાસ્તવિક જીવનમાં પણ મોટા ભાગના લોકોની સફર સીધી નથી હોતી. દરેકને તરત સફળતા મળતી નથી. ઘણી વખત મહેનત છતાં પરિણામ મોડું આવે છે. ક્યારેક લોકો વિશ્વાસ ગુમાવી દે છે, પરંતુ જીવનમાં સૌથી મહત્ત્વની ક્ષણ ઘણી વખત એ હોય છે જ્યારે માણસ ફરી એક વાર પ્રયાસ કરે છે. વાપસીનો અર્થ માત્ર પાછા આવવો નથી. વાપસીનો અર્થ છે ફરીથી પોતાની જગ્યા બનાવવી.

આ આખી વાતમાં એક વધુ રસપ્રદ વાપસી જોવા મળે છે અને એ છે દિગ્દર્શક ઇમ્તિયાઝની. કોઈ પણ નિર્દેશકની કારકિર્દી હંમેશાં એકસરખી નથી રહેતી. ક્યારેક સતત સફળતા મળે છે તો ક્યારેક એવી ફિલ્મ્સ પણ આવે છે જે અપેક્ષા પ્રમાણે કામ નથી કરતી. એવા સમયે એક સફળ ફિલ્મ માત્ર કમાણીનો વિષય નથી રહેતી. આ ફિલ્મ સાથે ઈમ્તિયાઝ અલીની બૉક્સ ઑફિસ પર સફળતાની વાપસી પણ છે. ઇમ્તિયાઝ અલીની છેલ્લી અમુક ફિલ્મ્સ જેવી કે ‘જબ હેરી મેટ સેજલ’ અને ‘લવ આજ કલ’ (૨૦૨૦) બૉક્સ ઑફિસ પર ધારી સફળતા મેળવી શકી નહોતી. અને એ પહેલાં પણ તેની ‘તમાશા’ જેવી અમુક ફિલ્મ્સ માટે એવું કહેવાયું છે કે તે સારી હોય છે, પણ દર્શકો તેને મોડી સ્વીકારે છે. વર્ષો પછી દર્શકોને સમજાય છે એટલે એ પણ અમુક વર્ગને ખૂબ ગમવા છતાં બૉક્સ ઑફિસ પર સુપરહિટ નીવડી નહોતી.

આ રીતે જોવામાં આવે તો ‘મૈં વાપસ આઉંગા’માં વાપસીના ત્રણ અલગ રંગ જોવા મળે છે. વાર્તામાં પ્રેમીની વાપસી છે. બૉક્સ ઑફિસ પર ફિલ્મની વાપસી છે. અને નિર્દેશક તરીકે ઇમ્તિયાઝની સફળતાભરી વાપસી છે. કદાચ આ જ કારણ છે કે ફિલ્મનું શીર્ષક માત્ર એક નામ કરતાં વધારે બની જાય છે.

‘મૈં વાપસ આઉંગા’ જેવી એક સરળ વાત એટલી અસર કરે છે, કારણ કે એ એવી લાગણી છે જેને જીવનમાં કોઈ ને કોઈ સમયે લગભગ દરેક વ્યક્તિએ અનુભવી છે અને કદાચ એ માટે જ વાપસીની વાર્તાઓ ક્યારેય જૂની થતી નથી!■

**લાસ્ટ શૉટ**

*‘મૈં વાપસ આઉંગા’ પહેલાંની ઇમ્તિયાઝની ફિલ્મ ‘અમર સિંઘ ચમકીલા’ સીધી ઓટીટી પર રિલીઝ થઈ હતી અને તેને પણ ખૂબ સારો પ્રતિસાદ મળ્યો હતો.*

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

## આજે બધે જંગલ જ જંગલ





ફિલ્મ ડિસ્ટ્રીબ્યુશનનું આખું ગણિત જ બદલાઈ ગયું છે. હવે મોટા પ્રોડ્યુસર્સ અને ડિસ્ટ્રીબ્યુટર્સ શક્ય હોય એટલા વધુ સ્ક્રીન્સ પર કબજો જમાવી લેવામાં જ સમજદારી માને છે. હા, આ ‘કબજો જમાવી લેવો’ એ શબ્દો સમજી વિચારીને જ લખ્યાં છે. કારણ છે સબ સે બડા રૂપૈયા. તમારી પાસે રૂપિયા છે તો તમે ઈચ્છો એટલા સ્ક્રીન બુક કરાવી શકો છો અને વધુ લોકો ફિલ્મ જોઈ શકે એવી વ્યવસ્થા કરાવી શકો છો. જો તમારી પાસે પૈસાની છૂટ નથી તો એ તમારો વાંક છે અને આથી જે દિવસે મોટી ફિલ્મ રીલીઝ ન થતી હોય એની તમારે રાહ જોવી પડે.

આજે અક્ષય કુમારની ‘વેલકમ ટુ ધ જંગલ’ રિલીઝ થઇ રહી છે. આ ફિલ્મના ડિસ્ટ્રીબ્યુટર છે ‘સ્ટાર સ્ટુડિયો ૧૮.’ પાર્ટી તગડી છે એટલે રિલીઝ પણ મોટેપાયે જ કરશે. તેમણે તમામ સિંગલ સ્ક્રીન રોકી લેવાની યોજના બનાવી છે. જ્યાં બે સ્ક્રીન છે ત્યાં દિવસના સાત થી આઠ શો રાખવાની માગણી કરી છે. જે મલ્ટિપ્લેક્સમાં ચાર, પાંચ, છ કે તેથી વધારે સ્ક્રીન્સ છે ત્યાં રોજનાં ૧૧થી માંડીને અધધધ ૧૬ શો રાખવાની એમની તીવ્ર ઈચ્છા છે એટલે આખા ઉત્તર, પૂર્વ અને પશ્ચિમ ભારતમાં તો બધે જંગલ જ જંગલ દેખાશે...!

હવે ‘સ્ટાર’વાળાની આ ઈચ્છા પૂર્ણ થશે કે મલ્ટિપ્લેક્સ અને સિનેમા માલિકોએ ‘કાકા’ કહીને એ પૂરી કરવી પડશે એ તો ઉપર વાળો જાણે. હા, એટલી ખબર જરૂર છે કે ફિલ્મો બનાવવાથી માંડીને, સ્ટાર્સની પસંદગી અને છેક રિલીઝ સુધી બોલિવૂડમાં ક્યાંય લેવલ પ્લેઇંગ ફિલ્ડ નથી.

## એમની તો ઊલટી ગંગા...




એક વણલખી પ્રથા અનુસાર ફિલ્મ થિયેટરમાં રિલીઝ થાય એટલે થોડા મહિના પછી એ ઓટીટી પર આવે. આનાથી આપણી પ્રજાને એક ટેવ એવી પડી ગઈ છે કે એ ટ્રેલર જોઇને નક્કી કરે છે કે ફિલ્મ રિલીઝ થાય ત્યારે જોવી કે ત્રણ મહિના પછી ઓટીટી પર જોવી. ઓટીટી રિલીઝ પછી પણ ‘ધુરંધર’નાં બંને ભાગ જેટલાં ઓટીટી પર ચાલ્યાં છે એવો પ્રેમ ભાગ્યે જ કોઈ ફિલ્મને મળ્યો હશે. આમીર ખાને તો એક નવો ચીલો ચાતર્યો છે.

વાત આપણે આમીરની કે પછી ‘ધુરંધર’ની નથી કરવી. વાત આપણે કરવી છે ‘ઇક્કા’ની. ‘ઇક્કા’ એક કોર્ટરૂમ ડ્રામા છે.

ફિલ્મમાં સન્ની દેઓલ અને અક્ષય ખન્ના છે. આ ફિલ્મ ૧૦ જુલાઈએ ‘નેટફ્લિક્સ’ પર રિલીઝ થવાની છે. રહેમાન ડકૈતના કિલર પરફોર્મન્સ પછી હવે અક્ષયને વકીલના રૂપમાં જોવા મળશે એની જબરી હાઈપ છે.

જોકે મૂળ વાત હવે આવે છે. વાત એવી છે કે આ ફિલ્મ ભલે એક ઓટીટી ફિલ્મ હોય પણ ‘નેટફલિક્સ’ ને લાગે છે કે એનું પ્રમોશન આપણે અલગ રીતે કરવું જોઈએ. એટલે ૮ જુલાઈએ તેણે ઊલટી ગંગા વહેવડાવવાનું નક્કી કર્યું છે. ૮ જુલાઈએ ‘ઇક્કા’નું પસંદગીનાં શહેરોમાં સ્ક્રીનિંગ ગોઠવાય એવી શક્યતા છે. જો એવું થાય તો કદાચ ‘ઇક્કા’ એવી પહેલી ફિલ્મ બની રહેશે જે ઓટીટીની ફિલ્મ હોવા છતાં પહેલાં થિયેટરમાં દેખાડવામાં આવશે. થઇ ને ઊલટી ગંગા?!

## વિવેકની ‘અગ્નિપરીક્ષા’




વિવેક અગ્નિહોત્રી

ઉપર ઊલટી ગંગાની વાત કરી, હવે વહેતી ગંગામાં હાથ ધોવાની વાત કરીએ. પહલગામ હુમલા બાદ પાકિસ્તાનમાં રહેલા આતંકવાદી આકાઓને ખતમ કરવા ભારતીય સેના દ્વારા ‘ઓપરેશન સિંદૂર’ લોન્ચ કરવામાં આવ્યું હતું. બોલિવૂડ ફિલ્મ બનાવવા માટે બસ આવી જ મોટી અને મહાન ઘટનાની રાહ જોતું હોય છે. આ ઓપરેશનની સફળતા પછી અનેક નિર્માતા- દિગ્દર્શકોએ એનાં પર ફિલ્મ બનાવવાનું મનોમન નક્કી કરી લીધું, જેમાં વિવેક અગ્નિહોત્રી પણ સામેલ હતા. તેમણે અને ટી-સિરીઝના ભૂષણ કુમારે ગત માર્ચ મહિનામાં આ વિષય પર ફિલ્મ બનાવશે એવી જાહેરાત કરી દીધી, પરંતુ કહાની મેં ટ્વિસ્ટ હવે આવે છે... જ્યારે તે આ ફિલ્મનું ટાઈટલ એટલેકે ‘ઓપરેશન સિંદૂર’ રજિસ્ટર કરવા ગયા ત્યારે તેમનાં માથા ઉપર બ્રહ્મોસ મિસાઈલથી હુમલો થયો હોય એવો આઘાત લાગ્યો. વાત એમ બની કે આ ટાઈટલ ઓલરેડી રજિસ્ટર થઇ ગયું હતું. ફિલ્મ પ્રોડ્યુસર્સની સંસ્થા ‘ઈમ્પા’નો નિયમ છે ‘વહેલો તે પહેલો’ એ અનુસાર ઘણાં મહિના પહેલાં કોઈ બિહાર ફિલ્મ કંપનીએ આ ટાઈટલ પોતાનાં નામે નોંધાવી દીધું હતું.!

સાવ નવીસવી કંપનીના નામે આવું લોકપ્રિય ટાઈટલ રજિસ્ટર થયું છે એનું આશ્ચર્ય મારી તમારી જેમ વિવેકભાઈ અને ભૂષણભાઈને પણ થયું, પણ હવે ‘ઈમ્પા’નો નિયમ તો ફોલો કરવો પડે એટલે પછી ‘ઈમ્પા’એ જ તેમને બે વિકલ્પ આપ્યા : કાં તો આ ફિલ્મ ‘ધ કાશ્મીર ફાઈલ્સ ટુ’નાં નામે બને કે પછી ‘ધ નાઈટ ઓફ ઓપરેશન સિંદૂર’નાં નામે. જોકે, જેમ કોર્ટની બહાર સમાધાન થતાં હોય છે એમ ટી - સિરીઝ પાસે આ બિહાર ફિલ્મ કંપનીને થોડીઘણી (થોડીમાં તો નહીં જ માને એટલે ઘણી) રકમ આપીને આ પ્રાઈમ ટાઈટલ પોતાનું બનાવી શકે છે. છેવટે તો ધાર્યું તો પેલી બિહાર ફિલ્મ કંપનીનું જ થશે. ■

## કટ એન્ડ ઓકે...

*સમાચાર એવા છે કે તાજેતરમાં પોતાને એનાયત થયેલો ‘પદ્મશ્રી’ એવોર્ડ રાષ્ટ્રપ્રમુખ મુર્મૂજીના હસ્તે સ્વીકરવા અભિનેતા આર. માધવન ગયો ત્યારે એણે કાંડે ૧૮ કેરેટ ગોલ્ડ રોઝની ઘડિયાળ પહેરી હતી, જેના કિંમત ‘માત્ર’ ૪૦ લાખ હતી!*



આર. માધવન

**સ્ટાર-યાર-કલાકાર**
**સંજય છેલ**

# જે. બી. પ્રિસ્ટલીઃ સસ્પેન્સ ને સામાજિક નાટકોનો બાદશાહ

ગુજરાતી રંગભૂમિના સૌથી મોટા સ્ટાર અને અદ્ભુત નિર્દેશક પ્રવીણ જોશીએ મધુ રાય લિખિત એક કમાલનું નાટક ભજવેલુંઃ ‘કુમારની અગાશી’. એ નાટક બોલ્ડ, કલાત્મક ને ખાસ તો લખાણની દૃષ્ટિએ ખૂબ વખણાયેલું. મધુ રાયના સંવાદો કાવ્યાત્મક ઉંચાઈના હતા, જેમ કે ‘હા, મેં એ છોકરાના ગળામાં સ્ટ્રો નાખીને એનું લોહી ચાખ્યું છે, એવી જાનલેવા મહોબ્બત હતી મને! બોલો કોઈએ કંઈ કહેવું છે?’ (સ્મૃતિ આધારે આ લખ્યું છે) એમાં લેજેંડરી અભિનેત્રી સરિતાબેન જોશીનો અભિનય પણ એવો જ અદ્ભુત. એ નાટક પરથી મધુ રાયે ‘સભા’ નામની નોવેલ લખેલી અને એ નાટક હિંદીમાં ટીવીફિલ્મ અભિનેતા શફી ઇનામદારે ‘નીલા કમરા’ નામે ભજવેલું જેનું રૂપાંતર કરેલું ઉર્દૂનાં ખ્યાતનામ લેખિકા ઇસ્મત ચુગતાઇએ કરેલું, જેમાં આ નાચીઝ લેખકે એક રોલ પણ ભજવેલો. લેકિન- કિંતુ- પરંતુ ઘણા કહે છે કે એ નાટક કોઈ અંગ્રેજી નાટક ‘ડેંજરસ કૉર્નર’ પરથી આધારિત કે પ્રેરિત હતું.

શું ખરેખર એવું હતું?

ચલો, એ નાટક વિશે પછી વાત કરીશું પણ એ મૂળ નાટકના લેખક, જે.બી. પ્રિસ્ટલી એક પ્રસિદ્ધ અંગ્રેજી લેખક, નવલકથાકાર, નાટ્યકાર, પટકથા લેખક ને રેડિયો પર સામાજિક પ્રવચનો માટે મશહૂર હતા.

૧૮૯૪માં ઇંગલેંડના બ્રેડફોર્ડ શહેરમાં સામાન્ય પરિવારમાં જન્મેલા, માત્ર બે જ વરસની ઉંમરે માતાને ગુમાવેલી, પિતા ફરી પરણેલા. ૧૬મા વરસે ઊનની કંપનીમાં ક્લાર્ક તરીકે કામે લાગ્યા ને રાત જાગીને લેખન શરૂ કર્યું. શરુઆતમાં અખબારો કે મૅગેઝિનોમાં લેખ છપાતા. પ્રથમ વિશ્વયુદ્ધમાં પ્રિસ્ટલીએ સેનામાં જોડાવું પડ્યું, યુદ્ધમાં ઘાયલ થયા ને લાંબા સમય સુધી હૉસ્પિટલમાં રહ્યા.


પ્રિસ્ટલીની પહેલી નવલકથા ‘બેનાઇટેડ’ ૧૯૨૭માં આવી ને ૧૯૩૨માં તેના પરથી ફિલ્મ પણ બની.

જોકે પ્રિસ્ટલીની પહેલી મોટી સફળતા ૧૯૨૯માં ‘ગુડ કમ્પેનિયન્સ’ નવલકથાથી મળી. અને પછી ૧૯૩૨માં આવે છે બ્રિટિશ કે વિશ્વ રંગમંચ પર ભજવાયેલું ‘ડેન્જરસ કૉર્નર’ નામનું મૉડર્ન નાટક અને પ્રિસ્ટલી એક આગવા નાટ્યકાર તરીકે છવાઈ ગયા. કારણ? પ્રિસ્ટલીનાં નાટકોમાં ‘કાળ’ કે ‘સમય’ની કલ્પનાને એક ભૂમિકા કે પાત્ર તરીકે મૂકવામાં આવતી! આ નાટકમાં એક પાર્ટીમાં અલગ અલગ લોકો ભેગા થઈને એક મજાક શરૂ કરે છે ને વાત એકમેકના ચારિત્ર્ય સુધી જાય છે અને દરેક દ્વારા એક જુવાન છોકરાના ‘શારીરિક શોષણ’ની વાત બહાર આવે છે. ‘કુમારની અગાશી’માં આવું કશું નથી, એમાં ભાભી અને દિયર ‘કુમાર’ના સંબંધની વાત હતી અને હીરો કુમાર, અગાશી પરથી આપઘાત કરે છે, પછી નાટકના બીજા ભાગમાં અચાનક જીવંત પાત્ર તરીકે દેખા દે છે! મધુ રાયના કહેવા મુજબ તેમણે એ મૂળ અંગ્રેજી નાટક વાંચ્યુ પણ નહોતું અને ઑફકોર્સ બેઉ નાટકની વાર્તા અલગ છે. એક જ કૉમન વાત છેઃ પાર્ટીમાં થતી વાતો, મજાકો અને પછી એમાંથી ઉખળતી નીકળતી ચોંકાવનારી ઘટનાઓ ને પછી એકમેક પર આક્ષેપબાજી! (ખરેખર તો અંગ્રેજી નાટકનું સીધું રૂપાંતર કરેલું બાબુભાઈ ભૂખણવાલા નામના લેખકે ‘રજનું ગજ’ નામે.)



એની વે, બીજા વિશ્વયુદ્ધ દરમિયાન રેડિયો પર પ્રિસ્ટલીનાં ભાષણો વડા પ્રધાન ચર્ચિલ પછી લોકપ્રિયતામાં બીજા નંબરે આવતા ને પછી અચાનક સરકારે ભાષણોનું પ્રસારણ અટકાવ્યું! લેખક પ્રિસ્ટલીએ ૧૯૪૨માં ‘સોશ્યાલિસ્ટ કૉમનવેલ્થ પાર્ટી’ની સ્થાપના કરી. યુદ્ધ પછીની ચૂંટણીમાં મજૂર પક્ષને જે ભવ્ય સફળતા મળી તેમાં પ્રિસ્ટલીનાં ભાષણોનો મોટો ફાળો હતો પણ પ્રિસ્ટલી રાજકારણથી દૂર જ રહ્યા.

પ્રિસ્ટલીનાં સૌથી હિટ નાટકોમાં ‘એન ઇન્સ્પેક્ટર કૉલ્સ’ આવે. આજે પણ જગભરમાં ભજવાતા આ નાટકનો વિષય સસ્પેંસ સાથોસાથ સમાજને વિચારતા કરી મૂકનારો છેઃ બ્રુમ્લી નામના કાઈ કાલ્પનિક શહેરમાં આર્થર બર્લિંગ નામનો




એક પ્રતિષ્ઠત ઉદ્યોગપતિ છે. જેના ડ્રૉઇંગ રૂમમાં ૩ અંકનું નાટક ભજવાય જેમાં આર્થર બર્લિંગ, તેની પત્ની, તેનો પુત્ર, તેની પુત્રી શીલા અને શીલાનો થનાર પતિ સ્ટેજ પર છે. શીલાની સગાઈ નિમિત્તે ઘરમાં ડિનર પાર્ટી હોય છે. શીલાનો થનાર પતિ પણ સમૃદ્ધ પરિવારનો છે ને તેના પિતાનો મોટી ઇન્ડસ્ટ્રીઓ છે. આ લગ્નથી અત્યાર સુધી એકબીજા સાથે સ્પર્ધામાં રહેલા આ બે ઉદ્યોગપતિના અનેક બિઝનેસો ભવિષ્યમાં સાથે મળીને આગળ વધશે એવાં પણ છૂપાં સમીકરણો છે. આવા આનંદના પ્રસંગે અચાનક એક પોલીસ ઇન્સ્પેક્ટર ઘરમાં આવીને કહે છે કે એ જ સાંજે એક યુવતીએ ફૅક્ટરીના દવાખાનામાં ઝેર પીને આત્મહત્યા કરી છે અને તેની તપાસ માટે ઇન્સ. બર્લિંગ ફૅમલીને મળવા આવ્યો છે. પણ બર્લિંગ પરિવારને તો એ યુવતી વિશે કંઈ ખબર જ નથી!

બર્લિંગ પરિવારજનોને પૂછવામાં આવેલા પ્રશ્નો પછી કેટલીક બાબતો સ્પષ્ટ થવા લાગે છે. એ યુવતી થોડા મહિના અગાઉ બર્લિંગના કારખાનામાં કામ કરતી હતી જ્યાં બે મહિના અગાઉ પગારવધારા માટે હડતાળ થઈ હતી ને તેમાં આ યુવતીએ ખાસ્સી ચળવળ કરેલી! બર્લિંગ આ હડતાળને દબાવી દે છે અને પછી યુવતીને નોકરીમાંથી કાઢી મૂકે છે. ઇન્સ્પેક્ટરની પૂછપરછ પછી વધુ ઘણી બાબત બહાર આવે છે અને તે ડ્રૉઇંગ રૂમમાં બેઠેલા બર્લિંગ પરિવારના દરેક સભ્યનો તે યુવતી સાથે કોઈ ને કોઈ સંબંધ હતો એ વાત ઉઘાડી પડે છે, સસ્પેન્સ ગહેરાય છે. અંતે શું બને છે તે નાટક વાંચ્યા કે જોયા પછી જ સમજાશે.

‘એન ઇન્સ્પેક્ટર કૉલ્સ’ને વિશ્વસાહિત્યમાં એક ક્લાસિક નાટક તરીકે માન મળે છે. કારણ? કારણ કે આ

નાટકનો કાળ ૧૯૧૨નો છે. ઔદ્યોગિક ક્રાંતિને કારણે તે સમયે પશ્ચિમી સોસાયટીમાં અનેક બદલાવ આવી રહ્યા હતા. ઇંડસ્ટ્રીઝને લીધે સ્ત્રીઓને રોજગારની તકો મળી હતી, પરંતુ તેમનું શોષણ પણ મોટા પ્રમાણમાં થતું. વળી નાટકનાં અમીર પાત્રો, સમાજના અમીરોની જેમ પોતાની જ નાનકડા સુખાળવી મખમલી દુનિયામાં રેવા ટેવાયેલા સ્વાર્થી લોકો છે. આસપાસના મજૂરો કે ગરીબો માટે કેવા બેદરકાર ને ક્રૂર હોય છે, એની વાસ્તવિકતા આ નાટકમાં છે. અમીર-ગરીબ સમાજમાં રહેલ આ વિરોધાભાસ અને અમીરોના દંભ પર આ નાટકમાં તીક્ષ્ણ ટીકા કે કટાક્ષ તો છે જ, પરંતુ સામન્ય કે ગરીબોથી એમનો અલગાવની ક્રુણતાને સસ્પેંસ સાથે દેખાડી છે! એ જ એક લેખક તરીકે જે.બી.ની કમાલ છે. પ્રિસ્ટલીના ડ્રામામાં સમય કે ‘કાળ’ને રજૂ કરવાની એક આગવી સ્ટાઇલ હતી. અને હા, મધુ રાય લિખિત, ‘કુમારની અગાશી’ નાટક પર જે.બી. પ્રિસ્ટલીના નાટક ‘ડેંજરસ કૉર્નર’નો પ્રભાવ હતો કે નહીં એ પણ સમય કે કાળ જ કહેશે, જ્યારે કોઈ વિદ્વાન મૂળ નાટકને ધ્યાનથી પાને પાને વાંચશે- ચકાસશે.

આમેય જે.બી. પ્રિસ્ટલી આવાં સસ્પેંસ વત્તા સામાજિક નાટકો માટે, ગરીબ મજૂરોની ચળવળ માટે અને અણુબૉંબ વિરોધી આંદોલન માટે અને એ વિશેનું સત્તાવિરોધી સાહિત્ય રચવા માટે સદાસર્વદા યાદગાર લેખક છે ને રહેશે. ■

## ક્વિક ફિલ્મી ક્વિઝ

**નીલા સુનીલ મહેતા**

### ક્વિઝ (૧૮૫)

**દેવ આનંદની આ હીરોઇન સાથે અંગ્રેજી નામ વાળી ફિલ્મ કઈ હતી?**



૧) કલ્પના કાર્તિક
૨) પરવીન બાબી
૩) ઝીનત અમાન
૪) ઝાહીદા
૫) વૈજયંતિમાલા
૬) માલા સિન્હા
૭) નૂતન

### ક્વિઝ (૧૮૬)

**આ ગીતો કઈ ફિલ્મના છો ?**

૧) દુનિયા મેં હમ આયે હૈ તો જીના હી પડેગા જીવન હૈ અગર
૨) દુનિયા કરે સવાલ તો હમ ક્યા જવાબ દેં તુમકો ના હો ખ્યાલ તો
૩) દુનિયાવાલો સે દૂર જલનેવાલો સે દૂર આજા આજા ચલે કહી દૂર
૪) દુનિયા મેં લોગો કો ધોકા કભી હો જાતા હૈ આંખો હી આંખો મેં
૫) દુનિયા બનાને વાલે ક્યા તેરે મન મેં સમાયી કાહે કો દુનિયા બનાયી
૬) દુનિયા હસીનો કઈ મેલા મેલે મેં એ દિલ અકેલા ઇક દોસ્ત ઢૂંઢતા હું
૭) દુનિયા મેં આયે હો તો લવ કરલો થોડા સા જીલો થોડા થોડા મર લો

જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

**મનોરંજનનું મેઘધનુષ**
**ઉમેશ ત્રિવેદી**

# રવિના ટંડન

## આ ‘મસ્ત-મસ્ત ગર્લ’એ પોતાની અભિનય ક્ષમતા પણ મસ્ત સાબિત કરી છે...

**રવિના ટંડન,** માતા-પિતા બંનેનાં નામ જોડવાથી બનેલાં નામવાળી અભિનેત્રી રવિના ટંડનનો જન્મ ૨૬ ઑક્ટોબર, ૧૯૭૨ના રોજ મુંબઈમાં થયો છે. ફિલ્મસર્જક રવિ ટંડનનો ‘રવિ’ અને માતા વીનાનો ‘ના’ લઈને રવિનાનું નામકરણ કરવામાં આવ્યું છે. રવિ ટંડન એક જાણીતા ફિલ્મસર્જક છે અને તેમણે ૧૯૭૩થી ૧૯૮૭ સુધી અનેક ફિલ્મોનું દિગ્દર્શન કરી સફળતા મેળવી છે.

માત્ર ૧૯ વર્ષની ઉંમરે રવિનાએ બોલિવૂડમાં પદાર્પણ કર્યું હતું. ૧૯૯૧માં આવેલી ‘પત્થર કે ફુલ’ એ રવિનાની પહેલી ફિલ્મ, પણ તે બૉક્સ ઑફિસ પર નિષ્ફળ ગઈ હતી. સલમાન ખાન અભિનિત આ ફિલ્મનાં ગીતો ખૂબ લોકપ્રિય થયાં હતાં, પણ બૉક્સ ઑફિસ પર આ ફિલ્મ ચાલી નહોતી.

૧૯૯૧થી ૧૯૯૪ સુધીનાં ત્રણ વર્ષમાં રવિનાએ ૧૪થી ૧૫ ફિલ્મ કરી હતી, પણ તેને જોઈતી સફળતા મળી નહોતી. એક સમયે અજય દેવગણ, સૈફ અલી ખાન, સની દેઓલ જેવા કલાકારો સાથે કામ કર્યું હોવા છતાં તેની ફિલ્મો સતત ફ્લૉપ જતી હતી. જોકે ૧૯૯૪નું વર્ષ રવિના માટે સારું સાબિત થયું. એક સમયે ‘કમનસીબ’ અને ‘ફ્લૉપ અભિનેત્રી’ તરીકે તેની ગણના થવા લાગી હતી, પણ ૧૯૯૪માં ‘લાડલા’, ‘અંદાજ અપના અપના’ અને ‘મોહરા’ જેવી ફિલ્મોમાં તેને ભરપૂર સફળતા મળી હતી.

અક્ષય કુમાર સાથેની રવિનાની પહેલી ફિલ્મ હતી ‘મોહરા’. આ ફિલ્મનાં બે ગીત : ‘ટીપ ટીપ બરસા પાની...’ તથા ‘તૂ ચીજ બડી હૈ મસ્ત-મસ્ત’ ખૂબ જ લોકપ્રિય થયાં એ પછી રવિનાને ‘મસ્ત મસ્ત ગર્લ’નું ટાઇટલ મળ્યું. તે સમયે અક્ષય કુમાર સાથેના રોમાન્સની અફવા પણ ખૂબ ચગી હતી. ‘મોહરા’ ફિલ્મે રવિનાની જિંદગી આખી પલટાવી નાખી હતી.

અક્ષય કુમાર અને રવિનાએ ‘મોહરા’ સહિત સાત ફિલ્મ સાથે કરી હતી. તેમાં ‘ખિલાડિયો કા ખિલાડી’, ‘દાવા’, ‘કિંમત’, ‘બારૂદ’, ‘પોલીસ ફોર્સ’ અને ‘આન : મેન ઍટ વર્ક’નો સમાવેશ થાય છે. હવે અક્ષય અને રવિના ‘મલ્ટી-મલ્ટી સ્ટારર’ ફિલ્મ ‘વેલકમ ટુ ધ જંગલ’માં ફરી એક વાર સાથે દેખાવાનાં છે. લગભગ બાવીસ વર્ષ પછી અક્ષય કુમાર અને રવિના ફરી એક ફિલ્મમાં સાથે દેખાવાનાં છે. ૨૦૦૪માં અક્ષય અને રવિના ‘આનઃ૨ મેન એટ વર્ક’માં સાથે દેખાયાં હતાં અને ૨૦૦૪માં જ રવિના અનિલ થડાનીને પરણી ત્યાર પછી તે અક્ષય સાથે દેખાઈ નહોતી.

અનિલ થડાની ફિલ્મના વિતરક છે અને ૨૦૦૩માં ‘સ્ટમ્પ્ડ’ નામની ફિલ્મના શૂટિંગ દરમિયાન રવિના અને અનિલ થડાનીની મુલાકાત થઈ હતી. તે અગાઉ રવિના અને અક્ષય કુમારનું બ્રેકઅપ થઈ ગયું હતું. રવિનાનાં લગ્ન ૨૨ ફેબ્રુઆરી, ૨૦૦૪ના રાજસ્થાનના ઉદયપુરમાં પહેલાં પંજાબી વિધિથી અને પછી સિંધી વિધિથી થયાં હતા.

૨૦૦૫માં રવિનાએ રાશાને જન્મ આપ્યો જે અત્યારે બોલિવૂડમાં અભિનેત્રી તરીકે આવી રહી છે અને ૨૦૦૮માં તેણે રણબીરવર્ધન નામના પુત્રને જન્મ આપ્યો છે. આ સિવાય તેણે બે પુત્રીને દત્તક લીધી છે. ૨૦૦૫થી ૨૦૧૧ સુધી તેણે એક માતાની ફરજ નિભાવી અને બાળકો પર ધ્યાન આપ્યું હતું. ૨૦૧૧માં અમિતાભ બચ્ચન સાથેની ફિલ્મ ‘બુઢા હોગા તેરા બાપ’થી કમબૅક કર્યું. પણ હવે તે વર્ષે માંડ એક-કે બે ફિલ્મ કરે છે.



જોકે હવે તેને મુખ્ય અભિનેત્રીની ભૂમિકા મળતી નથી, પણ ઓટીટી પર સફળ નીવડેલી વેબ સિરીઝ : ‘અરન્યક’ અને ‘કર્મા કોલિંગ’માં રવિનાનો અભિનય વખાણાયો હતો. તાજેતરમાં ‘વેલકમ ટુ ધ જંગલ’ની એક ઇવેન્ટ હતી ત્યારે અક્ષય કુમારે રવિનાનાં ખૂબ જ વખાણ કર્યાં હતાં અને જૂના કિસ્સા યાદ કરીને પોતાની આ સહઅભિનેત્રીના ‘પ્રોફેશનાલિઝમ’ વિશે પણ જણાવ્યું હતું.

રવિના ખૂબ પ્રતિભાશાળી અભિનેત્રી છે, અગાઉ તે હીરોઈન હતી અને હવે એ હીરોઈનની માતા છે એમ જણાવી અક્ષયે સમય કેટલો ઝડપથી બદલાય છે એમ કહ્યું હતું. (જોકે, પોતે હજીય ‘હીરો’ તરીકે જ આવે છે એ વિશે એણે કાંઈ જણાવ્યું નહોતું.!)

રવિના માટે અક્ષયે જે કહ્યું તે ખરું, પણ ૧૯૯૮માં રવિનાએ સિમી ગરેવાલના એક કાર્યક્રમમાં સ્પષ્ટપણે અક્ષય પર આરોપ મૂકતાં જણાવ્યું હતું કે ‘અક્ષયે મારો ઉપયોગ કર્યો અને હવે તેને બીજું કોઈ મળી જતાં મને પોતાની જિંદગીમાંથી પડતી મૂકી દીધી છે.’

બોલિવૂડમાં પ્રેમપ્રકરણ ગાજવાં અને ‘બ્રેકઅપ’ થવા એ કાંઈ નવી વાત નથી, પણ રવિના જેટલી સ્પષ્ટ વાત પોતાના ‘બ્રેકઅપ’ પછી કોઈ જ અભિનેત્રીએ કરી નથી.

રવિનાએ ૧૯૯૧થી કારકિર્દી શરૂ કરી ત્યારથી જ તે ‘ગ્લૅમર ગર્લ’ અને ‘મસ્ત ગર્લ’ જેવી ભૂમિકાઓ કરતી રહી હતી, પણ ૧૯૯૯, ૨૦૦૦ અને ૨૦૦૧માં આવેલી ત્રણ ફિલ્મે તેને અભિનેત્રી તરીકે નામના અપાવી હતી. ૧૯૯૯માં ઈ. નિવાસ દિગ્દર્શિત ફિલ્મ ‘શૂલ’માં રવિના અને મનોજ બાજપેયીની જોડી હતી. આ ફિલ્મમાં રવિનાનું કામ ખૂબ જ વખાણાયું હતું. ત્યાર પછી સન, ૨૦૦૦માં આવી ‘બુલંદી’, તેમાં અનિલ કપૂરનો ડબલ રોલ હતો અને રજનીકાંત તેમ જ રેખા જેવાં બીજાં કલાકારો પણ હતાં. એ ફિલ્મમાં પણ રવિનાના અભિનયનાં ખૂબ વખાણ થયાં હતાં. ત્યાર પછી ૨૦૦૧માં આવી ‘દમન’. કલ્પના લાજમી લિખિત અને દિગ્દર્શિત આ ફિલ્મે રવિના ટંડનને ઉત્કૃષ્ટ અભિનેત્રી તરીકે સફળતા તો અપાવી, પણ સાથે જ તેને ‘નૅશનલ એવૉર્ડ’ પણ અપાવ્યો હતો. આમ, વર્ષો વિતવાની સાથે રવિના અભિનયમાં ઝળકવા લાગી હતી. રવિનાએ પોતાની કારકિર્દી દરમિયાન જેટલી પણ ફિલ્મો કરી છે, એમાંથી મોટા ભાગની ફિલ્મોમાં બે અભિનેત્રી હતી. તે છતાં તેની ભૂમિકા અને તેના અભિનયનાં વખાણ જ થયાં છે.

આજે (શુક્રવારે) ‘વેલકમ ટુ ધ જંગલ’ રિલીઝ થઈ રહી છે. તેમાં કુલ ૨૬ કલાકાર છે અને દિશા પટણી, જેકલીન ફર્નાન્ડીસ, લારા દત્તા, ઉર્વશી રૌતેલા જેવી ચાર-ચાર અભિનેત્રીઓ છે અને સાથે રવિના છે. આ ‘મલ્ટિ-સ્ટારર’ ફિલ્મમાં તેને ફાળે કેટલી ભૂમિકા આવી છે એ તો રસપ્રદ સાબિત થશે, પણ લોકોની નજર અક્ષય-રવિનાનાં કેટલાં દૃશ્યો સાથે છે એના પર ટકેલી હશે એમ કહી શકાય. ■

## ૨૭ જૂનથી ચોથી જુલાઈ શું જોશો?

**OTTનું હોટસ્પોટ**

અત્યારે રમતગમતના પ્રેમીઓને તો જલસા જ છે. એક બાજુ ફૂટબૉલના વર્લ્ડકપની મૅચ, બીજી તરફ વિમ્બલડન અને ત્રીજી બાજુ ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે વન-ડે અને ટી-૨૦ સિરીઝ શરૂ થવાની છે. ફૂટબૉલ-ટેનિસ - ક્રિકેટની આવી ત્રિવિધ મજા આ દરમિયાન માણવા મળશે. તો આવો હવે એક નજર ઓટીટી પર રિલીઝ થનારી વેબ સિરીઝ અને ફિલ્મો પર નાખીએ.




ચારથી છ જુલાઈએ એમેઝોન પ્રાઇમ માટે મહત્ત્વના છે. ‘પ્રાઇમ ડે’ તરીકે ઓળખાતા આ ત્રણ દિવસમાં અનેક નવી ફિલ્મો અને સિરીઝનું પ્રસારણ શરૂ થવાનું છે, પણ આ ઓટીટી ચૅનલ તરફથી કોઈ પણ પ્રકારની જાહેરાત કરવામાં આવી નથી.

### * એમેઝોન પ્રાઈમ

અહીં ૨૮મી જૂને ‘ઇન ધ આઇ ઑફ ધ સ્ટોર્મ’ની ચોથી સિઝન શરૂ થશે અને પહેલી જુલાઈએ ‘એલે’ નામની સિરીઝની પહેલી સીઝન શરૂ થશે.

### * જિયો હૉટસ્ટાર

અહીં ત્રીજી જુલાઈએ રાજકુમાર હિરાની નિર્મિત-દિગ્દર્શિત ફિલ્મ ‘પ્રીતમ એન્ડ પેડ્રો’ રજૂ થશે. જેના મુખ્ય કલાકારો અર્શદ વારસી, વીર હિરાની (રાજકુમાર હિરાનીના પુત્ર-વીર)ની આ પહેલી જ ફિલ્મ છે. તેમની સાથે બોમન ઈરાની, સંજય દત્ત, વિક્રાંત મેસ્સી અને મોનાસિંહ જેવાં કલાકારો છે.

### * નેટફ્લિક્સ

આ ઓટીટી ચૅનલ પર શનિવાર, ૨૭ જૂને ‘લૉકઅપ’ની બીજી સિઝન શરૂ થઈ રહી છે. જેમાં મુખ્ય ભૂમિકા કંગના રનૌતની અને બીજી અનેક સેલિબ્રીટી જોવા મળશે. અહીં પહેલી જુલાઈએ ‘એનોલિયો હોમ્સ’ની ત્રીજી સિઝન પણ શરૂ થઈ રહી છે. ■



# મલંગગઢ સુધી બે કલાકની ચઢાણ માત્ર ૧૦ મિનિટમાં

મહારાષ્ટ્રઃ કલ્યાણ નજીક મલંગગઢ પહોંચવું હવે યાત્રાળુઓ અને પ્રવાસીઓ માટે ઘણું સરળ બની ગયું છે, જ્યાં પહેલા હજારો સીડીઓ ચડવામાં બે કલાક લાગતા હતા, હવે ત્યાં ફક્ત ૭થી ૧૦ મિનિટમાં પહોંચી શકો છો. ટેકરીઓમાંથી પસાર થતી રોમાંચક મુસાફરી અમુક મિનિટોમાં પૂર્ણ થઈ જાય છે. મહારાષ્ટ્ર સરકારની આધુનિક પરિયોજનાએ પર્વતોની મુશ્કેલીઓને સુવિધામાં બદલી દીધી છે.

મલંગગઢ એક ઐતિહાસિક કિલ્લો અને પવિત્ર સ્થળ છે. જે હિન્દૂ અને મુસ્લિમ એમ બંને સમુદાયો માટે મહત્વ ધરાવે છે. હિંદુઓ આ સ્થળને મલંગગઢ કહે છે, મુસ્લિમો તેને હાજી મલંગ શાહ બાબાની દરગાહ તરીકે ઓળખે છે. દર વર્ષે અહીં શ્રદ્ધાળુઓ હજારો સીડીઓ ચડીને પહોંચતા હતા. આવા ઢાળવાળા ચઢાણો પર ચઢવું વૃદ્ધો, બાળકો અને શારીરિક રીતે નબળા લોકોને થકવી દેતું હતું. ઘણા લોકો થાક લાગવાના કારણે અધવચ્ચે જ અટકી જતા હતા, પરંતુ હવે ભારતના સૌથી લાંબા ફ્યુનિક્યુલર રેલવેના કારણે આ યાત્રા હવે સરળ બની ગઈ છે. નોંધનીય છે કે ભારતની સૌથી લાંબી ફ્યુનિકયુલર રેલવે ૧.૨ કિલોમીટર સુધી ફેલાયેલી આ ટ્રેન જાન્યુઆરી, ૨૦૨૬થી જ શરૂ કરવામાં આવી છે. ફ્યુનિકયુલર રેલવે એ એક વિશિષ્ટ પ્રકારની કેબલ સંચાલિત ટ્રેન છે, જે કઠિન ઢોળાવ પર સરળતાથી ચાલી શકે છે. આ ટ્રેનમાં કેબલ દ્વારા જોડાયેલા બે ડબ્બા હોય છે. ફ્યુનિક્યુલર રેલવે પરની મુસાફરી ફક્ત ઝડપી જ નહીં પણ ખૂબ જ રોમાંચક પણ છે. લીલાછમ પર્વતો, ખીણો અને વિશાળ દૃશ્યો મુસાફરોને મોહિત કરે છે. આ ટ્રેનની ગતિ અને ઢાળવાળા ઢોળાવના કારણે આ મુસાફરી પણ રોમાંચક છે. લોકો હવે નાના બાળકો, વૃદ્ધો અને પોતાના પરિવાર સાથે સરળતાથી મલંગગઢ પહોંચી શકે છે. ભારતની સૌથી લાંબી ફ્યુનિક્યુલર રેલવે સુવિધા કલ્યાણ રેલવે સ્ટેશનથી આશરે ૧૫-૨૦ કિલોમીટર દૂર સ્થિત છે. ■

# ભારતમાં પાકિસ્તાન જેવા ઈસ્લામી કાયદા લાગુ કરોઃ એનસીપી વિધાનસભ્યનું ચોંકાવનારું નિવેદન

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભામાં અજિત પવાર જૂથ એનસીપી(રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી)નાં વિધાનસભ્ય સના મલિકના વિવાદાસ્પદ નિવેદનથી ખળભળાટ મચી ગયો હતો. સના મલિકે યુસીસી પર આપેલા નિવેદનથી સૌ કોઈ હાજર નેતાઓ ચોંકી ઊઠ્યા હતા. સના મલિકે ભારતમાં કુરાન આધારિત કાયદો લાગુ કરવાની માગ કરી હતી. એની સાથે ટ્રિપલ તલાકનું પણ સમર્થન આપ્યું હતું. એનસીપીનાં વિધાનસભ્યએ પાકિસ્તાન, કુરાન અને મુસ્લિમ પર્સનલ લોનો ઉલ્લેખ કરતા ભારતમાં ઇસ્લામિક કાયદાને લાગુ કરવાની માગ કરી હતી. તેમણે કહ્યું કે પાકિસ્તાનના માફક ભારતમાં પણ ઇસ્લામિક કાયદો લાગુ કરવો જોઈએ અને અમે તેની માગ કરીએ છીએ.

## ટ્રિપલ તલાક અંગે શું કહ્યું?

સના મલિકે તીન તલાકનું સમર્થન આપતા કહ્યું કે તલાક અલગ અલગ પ્રકારના હોય છે. તલાક ત્રણ પ્રકારના હોય છે- તલાક-એ-હસન, તલાક-એ-અહસન, તલાક-એ-બિદ્દત. આ ત્રિપલ તલાકને લઈને જે કાયદો બનાવવામાં આવ્યો, તે એવી વ્યવસ્થા પર આધારિત છે, જે વ્યવહારમાં પહેલાથી વ્યાપક રૂપથી લાગુ થયો નહોતો. તેનો ક્યાંય પણ ઉલ્લેખ નહોતો. ત્યાર બાદ તેમણે બહુપત્નીત્વ પર કહ્યું; પોલીગામી ફક્ત એક ધર્મમાં નથી, પરંતુ દરેક ધર્મમાં છે. મુસ્લિમોમાં પોલીગેમીની પદ્ધતિ શિખવાડી છે અને તેનું પાલન કરવું જોઈએ. જેના માટે એક કાયદો જરૂરી છે.

## એકસ પર પોસ્ટ કર્યો વીડિયો

આ નિવેદન પછી સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ એકાઉન્ટ પર એક વીડિયો પોસ્ટ કરીને લખ્યું હતું કે 'મેં આજે વિધાનસભામાં ટ્રિપલ તલાક એક્ટને લાગુ કરવા મારું પ્રેઝન્ટેશન આપ્યું હતું. કેટલાય ધર્મોમાં એકથી વધુ લગ્નની પ્રથા છે, જેથી કોઈ પણ કાયદો લાગુ કરતા સમયે તેને બંધારણ આધારિત હોવું જોઈએ. તેમાં કોઈ પણ ધર્મ પ્રત્યે વિરોધની ભાવના હોવી જોઈએ નહીં. ગૃહ રાજ્ય પ્રધાન યોગેશ કદમે મારા સવાલોનો સકારાત્મક જવાબ આપ્યો હતો અને તેમણે કહ્યું કે કાયદો લાગુ થયા પછી આ દરેક ધર્મો પર લાગુ થશે.'

## નિતેશ રાણે બોલ્યા- રાજીનામું આપો અને પાકિસ્તાન જાઓ

આ વિવાદાસ્પદ નિવેદન પછી ભાજપના નેતાઓએ તેમના પર આકરા પ્રહારો કર્યા હતા. મહારાષ્ટ્ર સરકારમાં પ્રધાન અને ભાજપના વિધાનસભ્ય નિતેશ રાણેએ કહ્યું કે ટ્રિપલ તલાકના સંબંધમાં કેન્દ્ર સરકાર અગાઉ નિર્ણય લઈ ચુકી છે, પરંતુ વિધાનસભામાં રહેલા અમુક લોકો આજે પણ કુરાન અને મુસ્લિમ ધાર્મિક ગ્રંથોને ટાંકીને સમાન નાગરિક સંહિતા (યુસીસી)નો વિરોધ કરે છે.

તેમણે જણાવ્યું કે, યુસીસીનો ઉલ્લેખ બંધારણમાં કરવામાં આવ્યો છે પણ અમુક લોકો બંધારણની વાત ફકત ત્યારે કરતા હોય છે જયારે તેમને પોતાના ગેરકાયદે કાર્યોને સાચા સાબિત કરવાના હોય છે.

જો કોઈ વ્યક્તિને દેશના કાયદાઓનું અને બંધારણનું પાલન ન કરવું હોય, તો તેઓને પોતાના પદ પરથી રાજીનામું આપીને પાકિસ્તાન જતા રહેવું જોઈએ. ■

# મુંબ્રામાં ૧૮ મહિનાની દીકરીની હત્યા કરવાના કેસમાં માતાને જનમટીપ

## શબને દાટી દઈ પુરાવા સગેવગે કરનારા પિતાને પણ ચાર વર્ષની કેદ

થાણેઃ મુંબ્રામાં ૧૮ મહિનાની દીકરીની હત્યા કરવાના ૨૦૨૪ના કેસમાં થાણેની સેશન્સ કોર્ટે માતાને જનમટીપની સજા ફટકારી હતી. દીકરીના શબને દાટી દઈને પુરાવાનો નાશ કરવાના આરોપસર કોર્ટે પિતાને પણ ચાર વર્ષની કેદ સંભળાવી હતી.

સેશન્સ જજ આર. ડી. સાવંતે બાળકીનું મૃત્યુ જવલ્લેજ જોવા મળતી ચામડીની બીમારીથી થયું હોવાની બચાવ પક્ષની દલીલ ફગાવી દીધી હતી.

'રૅરેસ્ટ ઑફ રૅર' કેસ હોવાની તપાસકર્તા પક્ષની દલીલને નકારી કાઢતાં કોર્ટે માન્યું હતું કે આકરા કારાવાસની સજા ન્યાય માટે પૂરતી રહેશે. મૃત્યુદંડની સજાની આવશ્યકતા નથી.

કોર્ટે નૂરાની (ખાતૂન) જાહિદ શેખ (૨૮)ને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ (હત્યા) હેઠળ કસૂરવાર ઠેરવી હતી. બાળકીના પિતા જાહિદ સલામત શેખ (૩૮)ને પુરાવાનો નાશ કરવા બદલ આઈપીસીની કલમ ૨૦૧ હેઠળ દોષી ઠેરવાયો હતો.

ઘટના ૧૮ અને ૧૯ માર્ચ, ૨૦૨૪ દરમિયાન થાણે નજીકના મુંબ્રા ખાતે દંપતીના નિવાસસ્થાને બની હતી. પોલીસને તસવીરો સાથે નનામી ફરિયાદ મળતાં આ ઘટના પ્રકાશમાં આવી હતી. પોલીસે સ્થાનિક કબ્રસ્તાનમાંથી બાળકીનો મૃતદેહ પાછો કાઢીને ફોરેન્સિક તપાસ માટે મોકલાવ્યો હતો. વળી, દંપતીની બે મોટી પુત્રીએ તેમની માતાને બાળકી પર છરીથી હુમલો કરતી જોઈ હતી. તેમાંથી એક છોકરી ઘરેલુ હિંસાનો ભોગ પણ બની હતી.

બચાવ પક્ષે દાવો કર્યો હતો કે બાળકી જવલ્લેજ જોવા મળતી ત્વચાની બીમારીથી પીડાતી હતી અને તેને કારણે જ મૃત્યુ પામી હતી. જોકે કોર્ટે ઓટોપ્સી પોસ્ટમોર્ટમ કરનારા ડૉક્ટર દ્વારા રજૂ કરાયેલા પુરાવાને આધારે બચાવ પક્ષની દલીલો નકારી કાઢી હતી.

પોસ્ટમોર્ટમના અહેવાલમાં બાળકીની ખોપડી અને ગરદન પર ધારદાર શસ્ત્રના ૧૪ ઘા હોવાનું જણાવાયું હતું.

કોર્ટે એવી પણ નોંધ કરી હતી કે જો અપરાધ ઘરની ચાર દીવાલની અંદર ગુપ્ત રીતે આચરાયો હોય તો એવા કેસમાં આરોપ પુરવાર કરવા માટે રજૂ કરાયેલા પુરાવા સાંયોગિક પુરાવા જેવા ન હોઈ શકે. આરોપી ગેરવાજબી અને અસંભાવ્ય ખુલાસા કરીને છટકી ન શકે.

આ હુમલા પછી પિતાએ તુરંત પુત્રીને તબીબી ઉપચાર મળે તેના પર ધ્યાન આપવું જોઈતું હતું, ગુનાનો ઢાંકપિછોડો કરવો જોઈતો નહોતો. તેણે નવજાતને કોઈ ઇજા પહોંચાડી હોય તેવા પુરાવા નથી. જોકે ઘટનાની જાણ પોલીસને ન કરવી અને પુરાવાનો નાશ કરવાનો તેના પર આરોપ છે. તેણે ખોટી માહિતીને આધારે મૃત્યુનો દાખલો મેળવવામાં અને શબને દફનાવીને પત્નીને મદદ કરી હતી.

એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર રશ્મી ક્ષીરસાગરે આરોપ સિદ્ધ કરવા માટે ૧૬ સાક્ષી તપાસ્યા હતા.

(પીટીઆઈ) ■

# મીરા-ભાયંદર જમીન ખરીદી કેસમાં ભાજપના ધારાસભ્ય નરેન્દ્ર મહેતા આરોપી

## આદિવાસી જમીન વિવાદ, ધારાસભ્ય નરેન્દ્ર મહેતાની મુશ્કેલીઓ વધશે

મીરા-ભાયંદરઃ મીરા-ભાયંદર વિસ્તારમાં આદિવાસીઓની જમીનોની ખરીદ-વેચાણના વ્યવહારોમાં ગંભીર ગેરરીતિઓ અને અનિયમિતતાઓ થઈ હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી છે. થાણેના કલેક્ટર શ્રીકૃષ્ણ પંચાલે આ અંગેનો તપાસ અહેવાલ મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેને સુપરત કર્યો હતો, જેમાં ભાજપના સ્થાનિક ધારાસભ્ય નરેન્દ્ર મહેતા અને તેમની કંપની પર ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા. આ અહેવાલને કારણે રાજકીય વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો હતો.

થાણેના કલેક્ટર શ્રીકૃષ્ણ પંચાલના અધ્યક્ષપદ હેઠળની તપાસ સમિતિએ મૌજે વરસાવા ખાતેના વિવિધ ગટ નંબરોની જમીનોના વ્યવહારોના દસ્તાવેજોની ઝીણવટભરી તપાસ કરી હતી, જેમાં આદિવાસીઓની જમીનોની ગેરકાયદેસર ટ્રાન્સફર, જમીન વ્યવહારોમાં મોટી ગેરરીતિઓ અને મહેસૂલી રેકોર્ડમાં ગંભીર ત્રુટીઓ તરફ સીધો આંગળી ચીંધવામાં આવી છે. અરજદારોની જમીનો આદિવાસીઓ પાસેથી બિન-આદિવાસી વ્યક્તિઓ અને કંપનીઓ હસ્તક ગેરકાયદે રીતે ટ્રાન્સફર થઈ હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

મીરા રોડના કાશીમીરા વિસ્તારમાં સંજય ગાંધી નેશનલ પાર્ક નજીક આવેલા વરસાવા ગામના જૂના આદિવાસી જમીનધારકોએ તેમની જમીનો ગેરકાયદે રીતે પચાવી પાડી હોવાની ફરિયાદ કરી હતી. અરજદારોની ફરિયાદ મુજબ, સંબંધિત જમીનો પર ભાજપના ધારાસભ્ય નરેન્દ્ર મહેતાની માલિકીની 'સેવન ઇલેવન હોટેલ પ્રાઇવેટ લિમિટેડ' તેમજ અન્ય સંબંધિતો દ્વારા કબજો કરવામાં આવ્યો હતો. અરજદારોની ફરિયાદ મુજબ, સંબંધિત જમીનો પર ભાજપના ધારાસભ્ય નરેન્દ્ર મહેતાની માલિકીની 'સેવન ઇલેવન હોટેલ્સ પ્રાઇવેટ લિમિટેડ' અને અન્ય સંબંધિત પક્ષો દ્વારા કબજો કરવામાં આવ્યો હતો.

સ્થાનિક વહીવટીતંત્ર તરફથી કોઈ પ્રતિભાવ ન મળવાથી આખરે હતાશ થયેલા આદિવાસી પરિવારોએ મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેનો સંપર્ક કર્યો હતો. આ ફરિયાદને ગંભીરતાથી લેતા, મહેસૂલ પ્રધાન બાવનકુળેએ આ મામલે એક સ્વતંત્ર તપાસ સમિતિની રચના કરી હતી અને થાણે જિલ્લા કલેક્ટરને સંપૂર્ણ તપાસનો આદેશ આપ્યો હતો.

તપાસ અહેવાલમાં જમીન ખરીદી પર સીધા આક્ષેપો થવાથી ધારાસભ્ય નરેન્દ્ર મહેતાની મુશ્કેલીઓ વધી શકે છે. હવે મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળે આ બાબતે શું નિર્ણય લે છે અને દોષિતો સામે શું કાર્યવાહી કરે છે, તેના પર સૌની નજર ટકેલી છે. ■

# એપીકે ફાઈલથી મોબાઈલ હૅક કરી ત્રણ હજારથી વધુ લોકો સાથે છેતરપિંડીઃ ટોળકીના છ પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એપીકે ફાઈલની મદદથી મોબાઈલ હૅક કરીને દેશભરમાં ત્રણ હજારથી વધુ લોકો સાથે કથિત છેતરપિંડી કરનારી સાયબર ઠગ ટોળકીના છ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આ ટોળકીએ અત્યાર સુધીમાં ૪૩ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હોઈ તેમની પાસેથી વિવિધ પ્રકારના ડિજિટલ પુરાવા મળી આવ્યા હતા.

વેસ્ટ રિજન સાયબર પોલીસે પકડી પાડેલા આરોપીઓની ઓળખ આરિફ અસ્તુન અન્સારી (૨૮), શેખ બેલાલ નૌશાદ (૨૮), મેહબૂબ નૌશાદ આલમ (૨૬), સાજિદ મન્સૂર અલી (૨૯), મોહન કુશલ મહતો (૨૩) અને સુનીલ કુમાર દશરથ સોરેન (૨૫) તરીકે થઈ હતી. આરોપીઓને દિલ્હી, બિહાર અને ઝારખંડમાંથી તાબામાં લેવાયા હતા.

મહાનગર ગૅસ લિમિટેડને નામે કરાયેલી છેતરપિંડીના એક કેસની તપાસમાં પોલીસ આરોપીઓ સુધી પહોંચી હતી. ફરિયાદીના મોબાઈલ ફોન પર એમજીએલ ગૅસ અનબ્લૉક ફાઈલ નામનો બોગસ મેસેજ મોકલવામાં આવ્યો હતો. મેસેજમાં એપીકે ફાઈલ હતી, જે ઈન્સ્ટોલ કરવાની ફરિયાદીને ફરજ પડાઈ હતી. બાદમાં ફરિયાદીનો મોબાઈલ હૅક કરી તેની બૅન્ક ખાતાની વિગતો પ્રાપ્ત કરવામાં આવી હતી અને ખાતામાંથી ૨.૩૫ લાખ રૂપિયાની ઉચાપત કરાઈ હતી.

આ પ્રકરણે સાયબર પોલીસે ગુનો નોંધી ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કર્યો હતો. ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| दिक्कत | ભેજું |
| दिगंत | સૂર્ય |
| दिनकर | તારીખ |
| दिनांक | ક્ષિતિજ |
| दिमाग | મુશ્કેલી |

## જાણવા જેવું

કારકિર્દીના પ્રારંભમાં પ્રાણસાબે ચાર વર્ષમાં બાવીસ ફિલ્મમાં કામ કર્યું હતું. પ્રાણને હિન્દી ફિલ્મમાં પ્રથમ વાર ચમકવાનો મોકો ૧૯૪૨માં આવેલી 'ખાનદાન' ફિલ્મમાં મળ્યો હતો. ગુજરાતી ફિલ્મમેકર દલસુખ પંચોલીની આ ફિલ્મમાં તેમની હિરોઈન હતી નૂરજહાં. ૧૯૪૮ની 'જિદ્દી'થી તેમને ખલનાયકની ઓળખ મળી હતી.

## ગુજરાત મોરી મોરી રે

ચુનીલાલ વર્ધમાન શાહ લિખિત નવલકથા 'જીગર અને અમી' પરથી બનેલી જાણીતી ગુજરાતી ફિલ્મમાં હીરો કોણ હતો?

અ) શ્રીકાંત સોની બ) ઉપેન્દ્ર ત્રિવેદી ક) જયંત વ્યાસ ડ) સંજીવ કુમાર

## નોંધી રાખો

*ઇન્દુલાલ યાજ્ઞિકે દેશસેવાનું કામ છોડી થોડા વખત ફિલ્મક્ષેત્રમાં જંપલાવી 'પાવાગઢનું પતન' નામની ફિલ્મનું નિર્માણ કર્યું હતું.*

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | | ૩ | ૪ | | ૫ | | ૬ |
| ૭ | | | | ૮ | | | | | |
| ૯ | | | | | | | ૧૦ | | |
| | | | | | ૧૧ | | | | |
| | ૧૨ | | ૧૩ | ૧૪ | | | ૧૫ | ૧૬ | |
| ૧૭ | | ૧૮ | | ૧૯ | | | | | |
| | | ૨૦ | | | | | ૨૧ | | ૨૨ |
| ૨૩ | | | | | ૨૪ | | ૨૫ | ૨૫અ | |
| | | | ૨૬ | ૨૭ | | | ૨૮ | | |
| ૨૯ | | | | ૩૦ | | | | | |

### આડી ચાવી


૧. મોટાની સાથેનો સંબંધ (૫)
૫. --- ગગન વિશાલ નીચે ગહરા પાતાલ (૩)
૭. વાણીના પ્રહાર (૩)
૮. ઈચ્છા, આતુરતા (૩)
૯. છેક નાની કકડી (૩)
૧૦. અખંડ, ઈજા પામ્યા વિનાનું (૩)
૧૧. કાળજી, સંભાળ (૩)
૧૩. જે દૂરથી જ રળિયામણાં લાગે (૩)
૧૫. માછલી જેવી આંખોવાળી (૩)
૧૭. અંકુશ, દાબ (૩)
૧૯. શોક, રડારોળ (૩)
૨૦. નિરૂપાય, વિવશ (૩)
૨૩. વ્યાકુળ (૩)
૨૫. સોગટાં બાજી (૩)
૨૬. પાર વિનાનું, બેહદ (૩)
૨૮. બદબોઈ, નિંદા (૩)
૨૯. --- કરવી=વચ્ચે પડવું (૩)
૩૦. અવલોકન કરનાર (૫)

### ઊભી ચાવી

૧. બાળબચ્ચાં, પરિવાર (૩)
૨. જરા ગળપણના સ્વાદવાળું (૪)
૩. જુલમ (૩)
૪. રૂંવું, રોમ (૨)
૬. રૂપું (૩)
૭. આવ બલા --- ગલા (૩)
૧૦. નનામું (૩)
૧૧. સખાવત, દાન (૩)
૧૨. બળવો, હુલ્લડ (૨)
૧૪. બેવકૂફ, મૂર્ખ (૩)
૧૬. જમાઉધારનો હિસાબ (૨)
૧૮. ખાખરો, એક ઝાડ (૩)
૨૧. ખીચોખીચ, ગિરદી થાય તેમ (૪)
૨૨. આપણો દેશ (૩)
૨૩. નિર્મળ, શ્વેત (૩)
૨૪. સરખામણી (૩)
૨૫અ. પાઠ, ઘડો (૩)
૨૭. મહિનો (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ર | ૨ ખા | ૩ મ | ણી | | ૪ હે | સિ | ૫ ય | ૬ ત |
| તી | | ૭ બો | લ | | ૮ લા | વા | | ૯ શો | ક |
| | | ચી | | ૧૦ ટી | | ત | | દા | |
| ૧૧ પ | ૧૨ રા | યું | | ૧૩ ખ | જા | ન | ૧૪ ચી | | ૧૫ શ |
| ૧૬ ર | વ | | ૧૭ શૂ | ળ | | | ૧૮ લો | ૧૯ કો | ક્તિ |
| ૨૦ મા | ણ | ૨૧ સ | | | ૨૨ પ | ત્તો | | ૨૩ મ | હિ |
| થે | | ૨૪ મ | ૨૫ હા | કા | લી | | ૨૬ પા | લ | ન |
| | ૨૭ સુ | | લ | | તો | | ન | | |
| ૨૮ સ | વા | | ૨૯ ચા | રો | | ૩૦ કા | ખ | | ૩૧ ક્ષિ |
| ૩૨ જા | ણ | ત | લ | | ૩૩ ન | ગ | ર | પ | તિ |



## ઓળખાણ પડી?

વિજય આનંદ દિગ્દર્શિત મજેદાર ફિલ્મ 'તેરે ઘર કે સામને'માં નૂતનના પિતાની ભૂમિકા કરનારા અભિનેતાની ઓળખાણ પડી?

અ) ઓમ પ્રકાશ
બ) સજ્જન કુમાર
ક) સુરેન્દ્ર નાથ
ડ) હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | ૧ | | | | | |
| ૭ | ૨ | ૪ | | ૫ | | | | |
| ૬ | ૩ | | | | ૨ | | | ૭ |
| | | ૬ | | ૨ | | | ૫ | |
| | | | ૪ | | ૬ | | | |
| | ૯ | | | ૩ | | ૨ | | |
| ૮ | | | ૨ | | | | ૬ | ૩ |
| | | | | ૮ | | ૭ | ૯ | ૫ |
| | | | | | ૩ | | | ૪ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૧ | ૭ | ૨ | ૯ | ૩ | ૬ | ૫ | ૪ |
| ૪ | ૫ | ૩ | ૭ | ૧ | ૬ | ૯ | ૮ | ૨ |
| ૯ | ૬ | ૨ | ૪ | ૫ | ૮ | ૧ | ૩ | ૭ |
| ૨ | ૪ | ૫ | ૧ | ૮ | ૭ | ૩ | ૬ | ૯ |
| ૧ | ૯ | ૮ | ૩ | ૬ | ૨ | ૪ | ૭ | ૫ |
| ૩ | ૭ | ૬ | ૯ | ૪ | ૫ | ૮ | ૨ | ૧ |
| ૫ | ૩ | ૪ | ૬ | ૭ | ૯ | ૨ | ૧ | ૮ |
| ૬ | ૮ | ૯ | ૫ | ૨ | ૧ | ૭ | ૪ | ૩ |
| ૭ | ૨ | ૧ | ૮ | ૩ | ૪ | ૫ | ૯ | ૬ |

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| गुलनार | દાડમનું ફૂલ |
| गुलशन | બાગ - બગીચો |
| गुलबदन | ફૂલ જેવા કોમળ અંગોવાળું |
| गुलदस्ता | પુષ્પગુચ્છ, બુકે |
| गुलेल | ગોફણ |

**ગુજરાત મોરી મોરી રેઃ** બાગબાન

**ઓળખાણ પડી?** કાર્તિક આર્યન

**માઈન્ડ ગેમ :** ફૂલ ઔર કાંટે

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** નિમરત કૌર

## ચતુર આપો જવાબ માથું ખંજવાળો

અમિતાભ બચ્ચન સાથે કેટલીક ફિલ્મો કરનારા વિનોદ મેહરાએ રાજ કુમાર સાથે કઈ ફિલ્મ કરી હતી એનું નામ જણાવો.

અ) બુલંદી બ) લાલ પથ્થર ક) તિરંગા ડ) ક્રાંતિવીર

## માઈન્ડ ગેમ

મિસ વર્લ્ડ બન્યા પછી ફિલ્મોમાં ઍક્ટિંગ શરૂ કરનારી ઐશ્વર્યા રાયની બૉબી દેઓલ સાથેની પહેલી હિન્દી ફિલ્મનું નામ જણાવો.

અ) જીન્સ બ) તાલ ક) ઔર પ્યાર હો ગયા ડ) જોશ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) વિપીન શાહ (૩) નૂતન વિપીન શાહ (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભરત કજરિયા (૭) ધીરેન્દ્ર મુલરાજ (૮) પ્રતિમા પમાણી (૯) ભામિની સંપટ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) ભારતી બુચ (૧૨) હર્ષા મહેતા (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) મીનળ કાપડિયા (૧૫) નિતીન જયંતીલાલ કાપડિયા (૧૬) કમલ માતલિયા (૧૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૮) મહેશ સંઘવી (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) ભાવના કર્વે (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) નિખિલ બંગાળી (૨૪) અમીશી બંગાળી (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) વિણા સંપટ (૨૭) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ડાયના સંતોકે (૩૦) અલકા વાણી (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) વિજય આસર (૩૩) અરવિંદ કામદાર (૩૪) પ્રિતીબેન ઉદય શેઠ (૩૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૬) સુભાષ મોમાયા (૩૭) નીતા દેસાઈ (૩૮) પુષ્પા પટેલ (૩૯) લજિતા ખોના (૪૦) તાહેર ઔરંગાબાદવાલા (૪૧) શીરીન ઔરંગાબાદવાલા (૪૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૩) રમેશભાઈ દલાલ (૪૪) હિનાબેન દલાલ (૪૫) ઈનાક્ષીબેન દલાલ (૪૬) જ્યોત્સના ગાંધી (૪૭) મહેશ દોશી (૪૮) પ્રવીણ વોરા (૪૯) ભાવિબેન અંતિમભાઈ શેઠ (૫૦) વિજય આસર

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ ૧૮૫ જવાબ ૧) ટેક્સી ડ્રાઇવર, હાઉસ નં.૪૪ ૨) બુલેટ ૩) વોરંટ, ડાર્લિંગ ડાર્લિંગ ૪) ગેમ્બ્લર ૫) જ્વેલ થિફ ૬) લવ મેરેજ ૭) પેઇન્ગ ગેસ્ટ

ક્વિઝ ૧૮૬ ૧) મધર ઇન્ડિયા ૨) બહુ બેગમ ૩) ઉજાલા ૪) અપના દેશ ૫) તીસરી કસમ ૬) ગુપ્ત ૭) જુડવા

# વ્યાજદરમાં વધારાની ભીતિ હેઠળ વૈશ્વિક સોનાએ ૪૦૦૦ ડૉલરની સપાટી ગુમાવી

## સ્થાનિક સોનામાં ₹ ૨૩૦૫ની અને ચાંદીમાં ₹ ૫૪૯૪ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ તાજેતરમાં ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલા વધારાને કારણે વધતા ફુગાવાને અંકુશમાં રાખવા માટે અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનામાં જ વ્યાજદરમાં વધારો કરે તેવી ભીતિ સપાટી પર આવતા ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી આજે લંડન ખાતે હાજરમાં સોનાના ભાવે ૦.૫ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૪૦૦૦ ડૉલરની સપાટી ગુમાવી હતી અને ભાવ સાત મહિનાની નીચી સપાટીની નજીક પહોંચ્યા હતા. તેમ જ ચાંદીના ભાવમાં પણ ૦.૩ ટકાનો ઘટાડો આવ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૯૬થી ૨૩૦૫ની અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૫૪૯૪ની પીછેહઠ જોવા મળી હતી.

બજારનાં સાધનોનાં જણાવ્યાનુસાર આજે વિશ્વ બજાર પાછળ ૯૯૯ ટચ ચાંદીમાં ભાવઘટાડાના માહોલમાં રોકાણકારો અને સ્ટોકિસ્ટોનો નવી લેવાલીનો અભાવ હતો. તેમ જ જ્વેલરી ઉત્પાદકો અને ઔદ્યોગિક વપરાશકારોની માગ પણ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૫૪૯૪ ઘટીને રૂ. ૨,૧૬,૫૪૧ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ વધુ ભાવઘટાડાના આશાવાદે રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૨૨૯૬ ઘટીને રૂ. ૧,૩૯,૩૧૩ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૩૯,૮૭૩ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સની મજબૂતી સાથે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૩૯૮૨.૪૯ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા ઘટીને ૩૯૯૭.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૫૭.૨૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી ફેડરલ રિઝર્વે ગત ૧૬-૧૭ જૂનની નીતિવિષયક બેઠકના અંતે તંગ નાણાનીતિ અપનાવવાનો નિર્દેશ આપ્યો હોવાથી ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ જોવા મળી રહ્યું છે અને આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો આગામી સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં વધારો કરે તેવી ૬૬ ટકા શક્યતા વ્યક્ત થઈ રહી હતી. તેમ જ ડૉલર ઈન્ડેક્સ વધીને ૧૩ મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યો હોવાથી સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું જેફરીઝની માલિકીની ટ્રેડુ ડૉટ કૉમના વિશ્લેષક નિકોસ ત્ઝુબોરસે જણાવ્યું હતું.

વધુમાં સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં બાહ્યપ્રવાહ અને ઈક્વિટીમાં રોકાણકારોના આંતરપ્રવાહની પણ સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુ પર અસર જોવા મળી રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

અત્રે નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહની ફેડરલ રિઝર્વની બેઠક પશ્ચાત્ સોનાના વૈશ્વિક ભાવમાં છ ટકા જેટલો ઘટાડો નોંધાઈ ગયો છે અને ગઈકાલે નવેમ્બર, ૨૦૨૫ પછી પહેલી વખત સોનાના ભાવ ઔંસદીઠ ૪૦૦૦ ડૉલરની અંદર ઊતરી ગયા હતા. તેમ જ ગત ૨૯મી જાન્યુઆરીના રોજની સોનાની સર્વોચ્ચ ઔંસદીઠ ૫૫૯૪.૮૨ ડૉલરની સપાટીએથી ભાવમાં ૨૮ ટકા જેટલો કડાકો બોલાઈ ગયો છે.

# બ્રેન્ટના ભાવ યુદ્ધ પહેલાના સ્તરે નીચા ઉતરતા બેન્ચમાર્કે આગેકૂચ જારી રાખી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ક્રૂડ ઓઇલના ભાવ પ્રતિ બેરલ ૭૩ ડોલરથી નીચે સરકવા સાથે સાનુકૂળ વૈશ્વિક સંકેતોએ બજારમાં સેન્ટિમેન્ટ સર્જાતા ગુરુવારે ભારતીય શેરબજારોમાં તેજીનો માહોલ રચાયો હતો અને સેન્સેક્સ અને નિફ્ટી ૦.૯% સુધી આગળ વધ્યા હતા. સેન્સેક્સ ૧૦૯.૨૫ પોઇન્ટ અથવા ૦.૧૪ ટકા વધીને ૭૭,૧૦૦.૪૭ પર બંધ થયો હતો અને નિફ્ટી ૩૪.૩૫ પોઇન્ટ અથવા ૦.૧૪ ટકા વધીને ૨૪,૦૫૬ પોઇન્ટ પર બંધ થયો હતો.

મોટાભાગના ક્ષેત્રોમાં તેજી જોવા મળી હોવાથી રોકાણકારોનો સેન્ટિમેન્ટ ઉત્સાહિત રહ્યો, જે વ્યાપક બજાર ભાગીદારીનો સંકેત આપે છે. રિયલ્ટી, ઓટો, નાણાકીય સેવાઓ અને સિમેન્ટ શેરોએ સારો દેખાવ કર્યો, જે આર્થિક રીતે સંવેદનશીલ સેગમેન્ટમાં સતત રસ દર્શાવે છે. બેંકિંગ શેરોએ પણ તેજીમાં ફાળો આપ્યો, જેને સકારાત્મક રોકાણકારોના દૃષ્ટિકોણથી ટેકો મળ્યો. તેનાથી વિપરીત, પસંદગીનાપ્રોફિટ બુકિંગ વચ્ચે મેટલ અને મીડિયા પાછળ રહ્યા, જ્યારે એકંદર બજારનો મૂડ મજબૂત રીતે હકારાત્મક રહ્યો હતો. ઇન્ટરગ્લોબ એવિએશન ૪.૮૨ ટકા ઉછળીને ટોપ ગેઇનર રહ્યો હતો. અન્ય વધનારા શેરોમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, સ્ટેટ બેન્ક, આઇસીઆઇસીઆઇ બેન્ક અને હિંદુસ્તાન યુનિલીવરનો સમાવેશ હતો, જ્યારે સેન્સેક્સના ઘટેલા શેરોમાં પાવરગ્રીડ, ભારત ઇલેક્ટ્રોનિક્સ, ટેક મહિન્દ્રા, ઇન્ફોસિસ અને ભારતી એરટેલનો સમાવેશ હતો. પ્રાઇમરી માર્કેટમાં આસ્થા સ્પિન્ટેક્સનો રૂ. ૧૭૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૯ જૂન, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને પહેલી જુલાઈ, ૨૦૨૬ના રોજ બંધ થશે. પ્રાઇસ બેન્ડ રૂ.૧૨૫થી રૂ.૧૩૬ પ્રતિ શેર અને અરજી માટે લોટ સાઈઝ ૧૧૦ શેર છે. શેરની ફાળવણી બીજી જુલાઈના રોજ અને એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ છઠ્ઠી જુલાઈએ થશે.

ઇન્ટરગ્લોબ એવિએશને નિફ્ટીમાં ટોચનો વધારો નોંધાવ્યો હતો, ક્રૂડ ઓઇલના ભાવ યુદ્ધ પહેલાના સ્તરે ગબડતાં શેર લગભગ પાંચ ટકા વધીને રૂ. ૫,૪૬૨ પર બંધ થયો. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ચાર ટકા વધીને રૂ. ૩,૧૮૫ પર સ્થિર થયો.મારુતિ સુઝુકી, મેક્સ હેલ્થકેર, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, નેસ્લે ઇન્ડિયા, ડો. રેડ્ડીઝ લેબ્સ અને શ્રીરામ ફાઇનાન્સ પણ ૧.૧૬ ટકા અને ૩.૯૪ ટકાની વચ્ચે વધ્યા હતા. બીજી તરફ, નિફ્ટીમાં ઓએનજીસી, હિન્ડાલ્કો, પાવર ગ્રીડ, ટેક મહિન્દ્રા, ભારતી એરટેલ, એસબીઆઇ લાઇફ અને કોલ ઇન્ડિયા સૌથી વધુ ઘટ્યા હતા. એનએસઇ પર ૨,૦૬૯ શેર ઘટીને બંધ થયા હતા જ્યારે ૧,૨૩૧ શેર વધીને બંધ થયા હતા, એકંદરે માર્કેટબ્રેથ નકારાત્મક રહી હતી.

ગુરુવારના રોજ ભારતીય ઇક્વિટી બેન્ચમાર્ક સતત બીજા સત્રમાં વધ્યા હતા, પરંતુ રોકાણકારોએ દિવસની ટોચની નજીકપ્રોફિટ બુકિંગ કર્યું હોવાથી બંને બેન્ચમાર્ક ઇન્ટ્રાડે હાઇ પરથી ઉતરીને ફ્લેટ નોટ પર બંધ થયા હતા. સત્ર દરમિયાન સેન્સેક્સ ૮૧૨ પોઇન્ટ સુધી વધ્યો હતો અને નિફ્ટી ઇન્ડેક્સ ૨૪,૨૬૨ની ઇન્ટ્રાડે હાઇને સ્પર્શ્યો હતો, પરંતુ ભારતી એરટેલ, ઇન્ફોસિસ, પાવર ગ્રીડ, બજાજ ફાઇનાન્સ અને એનટીપીસીમાં નબળાઈને કારણે બેન્ચમાર્કે મોટાભાગની ઇન્ટ્રાડે ગેઇન ગુમાવી દીધી હતી. આંતરરાષ્ટ્રીય બજારોમાં ક્રૂડના ભાવ ઘટવાથી રોકાણકારોના સેન્ટિમેન્ટને વેગ મળ્યો હતો. એક અઠવાડિયામાં વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઇલના ભાવ આઠ ટકાથી વધુ ઘટ્યા છે, જે સત્ર દરમિયાન યુદ્ધ પહેલાના સ્તર ૭૨ ડોલરની નજીક પહોંચી ગયા છે, કારણ કે રોકાણકારોએ યુએસ-ઈરાન સંઘર્ષના નજીકના અંતના આશાવાદ અને હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા દરિયાઈ વેપારમાં વધારો થવાના અહેવાલો પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

નેશનલ સ્ટોક એક્સચેન્જ દ્વારા સંકલિત ૧૫ મુખ્ય સેક્ટર ગેજમાંથી નવ ઇન્ડેક્સ પોઢિટીવ જોનમાં બંધ રહ્યા હતા. નિફ્ટી ઓટો ઇન્ડેક્સ ૨.૨૫ ટકા ઊછળ્યો હતો. નિફ્ટી એફએમસીજી અને રિયલ્ટી ઇન્ડેક્સ પણ અનુક્રમે ૦.૭ ટકા અને ૦.૩ ટકા વધ્યા હતા. બીજી બાજુ, આઇટી, મેટલ, ફાર્મા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને ઓઇલ અને ગેસ શેરોએ વેચાણ દબાણનો સામનો કરવો પડ્યો હતો. નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૫૫ ટકા ઘટ્યો અને નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૪૭ ટકા ઘટ્યો હોવાથી વ્યાપક બજારોએ તેમના સાર્જ કેપ કરતાં નબળું પ્રદર્શન કર્યું હતું. ટાટા મોટર્સ કોમર્શિયલ વ્હીકલના શેર ૫.૭૩ ટકા વધીને રૂ. ૪૩૫ પર પહોંચી ગયા હતા. સ્થાનિક બજાર દિવસનો અંત ફ્લેટ રહ્યો, કારણ કે શરૂઆતના ઇન્ટ્રાડે જોવા મળેલો સુધારો પ્રોફિટ બુકિંગ દ્વારા સરભર થઇ ગયો હતો, એમ જણાવતાં જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના રિસર્ચ હેડ વિનોદ નાયરે કહ્યું હતું કે, ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર ઘટાડાએ રૂપિયાને ટેકો આપ્યો હતો અને થોડી રાહત આપી હતી, પરંતુ તે ઉપરની ગતિ જાળવી રાખવા માટે અપર્યાપ્ત છે.

ક્ષેત્રીય મોરચે, ઓટો શેરોએ સારો દેખાવ કર્યો, જેનું મુખ્ય કારણોમાં ધાતુના ભાવમાં નરમાઈ અને સપ્લાય ચેઇન અવરોધોહળવા થવા સાથે મહિના દરમિયાન છૂટક વપરાશી માગમાં જોવા મળેલા સુધારાનો સમાવેશ હતો. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૧.૨૬ ટકા ઘટીને ૭૨.૮૧ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

વૈશ્વિક સ્તરે એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ૫.૪૨ ટકા, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ ૪.૬૧ ટકા વધ્યો, જ્યારે શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ નજીવો ઊંચો રહ્યો હતો. હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ નીચો રહ્યો હતો. એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ બુધવારે રૂ. ૧,૮૪૩.૪૦ કરોડના ઇક્વિટી શેર વેચ્યા હતા. બુધવારે સેન્સેક્સ ૭૯૦.૫૪ પોઇન્ટ અથવા તો ૧.૦૪ ટકા વધીને ૭૬,૯૯૧.૨૨ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો, જ્યારે નિફ્ટી ૧૯૭.૫૫ પોઇન્ટ અથવા તો ૦.૮૩ ટકા વધીને ૨૪,૦૨૧.૬૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

# ક્રૂડ તેલના ભાવઘટાડાને ટેકે રૂપિયામાં વધુ ૧૦ પૈસાની આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં અને ડૉલર ઈન્ડેક્સમાં ઘટાડાતરફી વલણ જળવાઈ રહેવાની સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં પણ સુધારો આગળ ધપ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં વધુ ૧૭ પૈસાની આગેકૂચ જોવા મળી હતી અને રૂપિયો ૯૪.૪૫ના મથાળે બંધ રહ્યો હતો.

જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૮૪૩.૪૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલોને ધ્યાનમાં લેતા સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૪.૫૫ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૪.૩૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઉપરમાં ૯૪.૧૩ અને નીચામાં ૯૪.૫૬ સુધી ઘટ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૦ પૈસા વધીને ૯૪.૪૫ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૨૧ પૈસા મજબૂત થયો હતો.

વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવ ઘટી આવતા અન્ય કૉમૉડિટીના ભાવમાં ઘટાડાતરફી વલણ અને ડૉલર ઈન્ડેક્સમાં પણ વધ્યા મથાળેથી ઘટાડો આવવાની સાથે ઈક્વિટી માર્કેટમાં સુધારાનો રૂપિયાને ટેકો મળ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે આગામી દિવસોમાં ક્રૂડતેલના ભાવ ઘટી આવતા વધતા ફુગાવાની ચિંતા હળવી થતાં રૂપિયામાં ધીમો સુધારો જળવાઈ રહેશે અને ૯૪.૨૦થી ૯૪.૮૦ આસપાસની રેન્જમાં જોવા મળે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૪ ટકા ઘટીને ૧૦૧.૫૭ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૧.૩૩ ટકા ઘટીને બેરલદીઠ ૭૨.૭૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૧૦૯.૨૫ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૩૪.૩૫ પૉઈન્ટ વધી આવ્યા હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો.

# ખાંડમાં માગને ટેકે ₹ છથી ૩૪નો ચમકારો

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં મથકો પર સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૭૦થી ૩૯૦૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની નવી લેવાલી પાંખી રહી હોવા છતાં રિટેલ સ્તરની માગ પ્રબળ રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. છથી ૩૪નો ચમકારો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડના ભાવમાં ક્વિન્ટલે રૂ. છથી ૧૦ અને મિડિયમ ગ્રેડના ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦થી ૩૪ વધી આવ્યા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે માગને ટેકે ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ વધી આવ્યા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો, પરંતુ રિટેલ સ્તરની એકંદરે માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો.

## દેશ-વિદેશ

# શિવરાજ-પુત્રની બદનક્ષીઃ રાહુલ ગાંધીએ કોર્ટમાં ખેદ વ્યક્ત કર્યો

નોએડા : કૉંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ મધ્ય પ્રદેશ હાઇ કોર્ટમાં અરજી દાખલ કરીને કેન્દ્રીય પ્રધાન શિવરાજસિંહ ચૌહાણના પુત્ર કાર્તિકેય સિંહ દ્વારા દાખલ કરાયેલા બદનક્ષીના કેસનો વિષય બનેલા નિવેદન પર ખેદ વ્યક્ત કર્યો છે.

આ ઘટનાક્રમ ઝાબુઆમાં ૨૦૧૮ની ચૂંટણી રેલી દરમિયાન ગાંધી દ્વારા કથિત રીતે કરવામાં આવેલી ટિપ્પણી સાથે જોડાયેલા કેસમાં આવ્યો છે, જ્યાં તેણે કાર્તિકેય સિંહનું નામ લેતા પનામા પેપર્સ લીકનો ઉલ્લેખ કર્યો હતો.

કાર્તિકેય સિંહે કોર્ટમાં અરજી કરી આરોપ કર્યો હતો, જેમાં રાહુલની ટિપ્પણીઓ માનહાનિકારક હોવાનો આરોપ લગાવ્યો હતો.

ફરિયાદ પર કાર્યવાહી કરતા, ટ્રાયલ કોર્ટે ગાંધીને આ મામલે વ્યક્તિગત રીતે હાજર રહેવાનો નિર્દેશ આપતા સમન્સ જારી કર્યા હતા.

સમન્સ બાદ, રાહુલે સમન્સ અને માનહાનિની કાર્યવાહી બંનેને રદ કરવાની માગ સાથે મધ્ય પ્રદેશ હાઇ કોર્ટમાં અરજી કરી હતી.

રાહુલે બુધવારે વકીલ દ્વારા દાખલ કરાયેલી અરજીમાં, જણાવ્યું હતું કે એણે કરેલી ટિપ્પણીઓનો હેતુ કાર્તિકેય સિંહનો ઉલ્લેખ કરવાનો નહોતો.

કોર્ટમાં રજૂ કરાયેલા નિવેદન મુજબ, અરજીમાં નિવેદન પર ખેદ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ મામલો ન્યાયાધીશ પ્રમોદ કુમાર અગ્રવાલ સમક્ષ મૂકવામાં આવ્યો હતો. કાર્યવાહી દરમિયાન ફરિયાદી વતી એડવોકેટ સંકલ્પ કોચર હાજર રહ્યા હતા.

ભાજપ આઈટી સેલના વડા અમિત માલવિયાએ આ અંગે તીવ્ર રાજકીય પ્રતિક્રિયા આપી હતી અને પોતાની પોસ્ટમાં, રાહુલની ટીકા કરતા જણાવ્યું હતું કે, રાહુલ ગાંધીએ કદાચ 'માફ કરશો' ને પોતાનું મધ્યમ નામ બનાવવું જોઈએ. તેણે કેટલી વાર માફી માંગવી પડી, દિલગીરી વ્યક્ત કરવી પડી, અથવા તેમના બદનક્ષીભર્યા અને બેજવાબદાર નિવેદનો પાછા ખેંચવા પડ્યા તેની ગણતરી થઈ ગઈ છે.

તાજેતરનો દાખલામાં રાહુલ ગાંધીએ હવે મધ્ય પ્રદેશ હાઈ કોર્ટમાં ખેદ વ્યક્ત કર્યો છે, અને કહ્યું છે કે પ્રશ્નમાંની ટિપ્પણીઓ કાર્તિકેય સિંહ સાથે સંબંધિત નહોતી. રાહુલ ગાંધી માટે, માનહાનિ એક આદત બની ગઈ હોય તેવું લાગે છે અને માફી માંગવી એક વારંવારની વિધિ છે. દેશ એવા નેતા કરતાં વધુ લાયક છે જે બોલે છે પહેલા અને પછી વિચારે છે.

# જૅક્લીન ફર્નાન્ડીઝે સુપ્રીમ કોર્ટમાંથી અરજી પાછી ખેંચી

નવી દિલ્હીઃ બોલિવૂડ અભિનેત્રી જૅક્લીન ફર્નાન્ડીઝને સુપ્રીમ કોર્ટ તરફથી કોઇ રાહત મળી નથી. કોર્ટે ૨૦૦ કરોડ રૂપિયાના મની લોન્ડરિંગ કેસમાં દિલ્હી કોર્ટના તેના વિરુદ્ધ આરોપો ઘડવાના આદેશને પડકારતી અરજી પાછી ખેંચવાની મંજૂરી આપી દીધી છે.

ન્યાયાધીશ બી. વી. નાગરત્ના અને જોયમાલ્યા બાગચીની ખંડપીઠે જણાવ્યું કે અરજદાર(ફર્નાન્ડીઝ)ના વકીલે કાયદા અનુસાર યોગ્ય ઉપાયો અપનાવવાની સ્વતંત્રતા સાથે આ સ્પેશિયલ લીવ પિટિશન(એસએલપી) પાછી ખેંચવાની પરવાનગી માગી છે. સુપ્રીમ કોર્ટે અરજદારને માગણી મુજબ અરજી પાછી ખેંચવાની મંજૂરી આપી દીધી છે.

દિલ્હીની એક કોર્ટે ૩૦ મેના રોજ આ કેસમાં અભિનેત્રી, કથિત ઠગ સુકેશ ચંદ્રશેખર અને અન્ય ૧૫ લોકો સામે આરોપો ઘડવાનો આદેશ આપ્યો હતો. આ આદેશ વિરુદ્ધ અભિનેત્રીએ સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા.

શહેર પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા દાખલ અન્ય એક કેસમાં ટ્રાયલ કોર્ટે ચંદ્રશેખર અને અન્ય ૨૦ લોકો સામે કડક મકોકા જોગવાઇઓ સહિત વિવિધ ગુનાઓ માટે આરોપો ઘડવાનો નિર્દેશ આપ્યો હતો.

ઇડીનો આરોપ છે કે ચંદ્રશેખરે ખંડણી, છેતરપિંડી, ખોટી ઓળખ અને ગુનાહિત ધાકધમકી દ્વારા ૨૦૦ કરોડ રૂપિયાથી વધુની ગેરકાયદેસર કમાણી કરી હતી અને બાદમાં તેના સાથીઓની મદદથી આ રકમને છુપાવી, કબજામાં રાખી, ટ્રાન્સફર કરી, વિવિધ લેયર્સમાં ફેરવી અને સફેદ નાણાં તરીકે રજૂ કરી હતી.

# ટીએમસીની કમાન હજુય મમતાના હાથમાં

## પક્ષે હોદ્દેદારોની યાદી ચૂંટણી પંચને મોકલાવી

નવી દિલ્હીઃ વીસ સંસદસભ્યોના બળવા અને પશ્ચિમ બંગાળ વિધાનસભામાં પણ આવી હિલચાલને પગલે તૃણમૂલ કૉંગ્રેસ (ટીએમસી) તેના હોદ્દેદાર અને રાષ્ટ્રીય કારોબારીના સભ્યોના નામની તાજી યાદી ચૂંટણી પંચને મોકલાવી છે. ટીએમસીએ ભારપૂર્વક જણાવ્યું છે કે મમતા પક્ષમાં અધ્યક્ષાં છે.

સૂત્રોએ મંગળવારે કહ્યું હતું કે ચૂંટણી પંચને અપાયેલી યાદીમાં ૨૬ જૂન ૨૦૨૬ પ્રમાણેના પક્ષના સંગઠન માળખાની વિગતો છે. એમાં સંગઠનના અધિકારીઓનાં નામ અને તેમના હોદ્દા છે. યાદી પ્રમાણે મમતા બેનરજી ઓલ ઈન્ડિયા તૃણમૂલ કૉંગ્રેસના અધ્યક્ષાં છે, જ્યારે સુબ્રતા બક્ષી ઉપપ્રમુખ અને અભિષેક બેનરજી રાષ્ટ્રીય મહામંત્રી (લોકસભાના નેતા) છે. હોદ્દેદારની યાદીમાં ડેરીક ઓબ્રિયેન (રાજ્યસભાના સંસદસભ્ય) અને ડોલા સેનને સંયુક્ત સચિવ અને સુભાશિષ ચક્રવર્તીને ખજાનચી બતાડવામાં આવ્યા છે.

રાષ્ટ્રીય કારોબારીના સભ્યોમાં મમતા બેનરજી, સુબ્રતા બક્ષી, અભિષેક બેનરજી, જેરીક ઓબ્રિયેન અને સુભાશિષ ચક્રવર્તીનો સમાવેશ થાય છે. બીજા સભ્યોમાં ચંદ્રીમા ભટ્ટાચાર્ય, અમિત મિત્રા, રાજેશ પતિ ત્રિપાઠી, અસિમા પાત્રા, મોલોય ઘટક, ગૌતમ દેવ, સોભનદેવ ચટ્ટોપાધ્યાય, બુલુ ચિક બરૈક, મુકુલ સંગમા, બૈશ્વનર ચટ્ટોપાધ્યાય, બિરબાહા હંસદા. કલ્યાણ બેનરજી, નંદીમુલ હક, મદમ મિત્રા, મહુઆ મોઈત્રા અને કુણાલ ઘોષનો સમાવેશ થાય છે. બળવાખોર જૂથે કોલકતામાં ખાસ સત્ર બોલાવીને સમાં તર સંગઠન માળખું જાહેર કર્યું ત્યાર બાદ ટીએમસીએ આ યાદી મોકલાવી છે.

# નિયંત્રિત ઈમિગ્રેશન નીતિ માટે ટ્રમ્પનો માર્ગ મોકળો કર્યો કોર્ટે

વૉશિંગ્ટન : અમેરિકા-મેક્સિકો સરહદ પર આશરો માગતા વસાહતીઓને પાછા મોકલવાની વસાહતી નીતિને ફરી કાર્યરત કરવાનો માર્ગ સુપ્રીમ કોર્ટે મોકળો કર્યો છે. ન્યાયમૂર્તિઓએ ઓબામા વહીવટીતંત્ર અને પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની પહેલી મુદત દરમિયાન આશરો માગતા લોકોની સંખ્યાને સીમિત કરવાની પ્રણાલીને રદ કરતા નીચલી અદાલતના ચુકાદાને પલટાવ્યો હતો.

વકીલોએ દલીલ કરી હતી કે આ પ્રણાલીને લીધે માનવ કટોકટી ઊભી થઈ છે કારણ કે હજારો લોકો તેમનો વારો આવે એ માટે તંબૂમાં રહે છે. ટ્રમ્પ વહીવટીતંત્રે દલીલ કરી હતી કે સરહદ પર વધી રહેલા આશરો માગનારા લોકોને હાથ ધરવા માટે આ અંકુશ જરૂરી છે.

આ નીતિ હવે અમલમાં નથી, પરંતુ સત્તાવાળાઓએ આશરો માગનારા પર બીજા અંકુશો મૂક્યા છે.

વહીવટીતંત્રે દલીલ કરી હતી કે આશરો માગનારની સંખ્યા સીમિત કરવી જરૂરી ઓજાર છે અને બન્ને પક્ષના ચૂંટાયેલા પ્રમુખોએ આનો ઉપયોગ કર્યો છે. ફેડરલ એટર્નીએ કહ્યું હતું કે જે લોકોને જાકારો દેવામાં આવ્યો છે એ પાછા સરહદે આવી શકે છે. (એજન્સી)

# એમેઝોનના સીઈઓએ મોદીને મળ્યા બાદ ભારતમાં વધુ ૧૩ અબજ ડૉલરનું રોકાણ કરવાની ખાતરી આપી

નવી દિલ્હીઃ એમેઝોન ૨૦૨૬થી ૨૦૩૦ સુધીમાં ભારતમાં ૪૮ અબજ અમેરિકન ડૉલરનું રોકાણ કરશે. એમેઝોનના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર એન્ડી જસીએ ગુરુવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા બાદ ભારતમાં વધુ તેર અબજ ડૉલરનું રોકાણ કરવાની જાહેરાત કરી હતી. એન્ડીએ ભારતને મહત્ત્વની વિકાસ બજાર ગણાવીને ભારતમાં રોકાણની પ્રતિબદ્ધતા વધારી હતી.

તેમણે કહ્યું હતું કે એમેઝોનનો ભારતનો ધંધો ઝડપથી વિકસી રહ્યો છે. ગ્રાહકોમાં ઈ-કોમર્સ અને તેના ક્લાઉડ કોમ્પ્યુટિંગ ડિવિઝન એમેઝોન વેબ સર્વિસીસની ભારે મજબૂત માગ છે.

વૈશ્વિક ટેક્નોલોજી ફર્મ એમેઝોનનો ભારતમાં ગ્રાહકોનો પાયો વધતા અને તેની ક્લાઉડ અને એઆઈ સર્વિસની માગ વધતા ભારતમાં રોકાણ વધારવાનો નિર્ણય લીધો હતો.

એમેઝોને છેલ્લા દાયકામાં ભારતમાં જંગી રોકાણ કર્યું છે. એમેઝોને લોજિસ્ટિક્સ નેટવર્ક, ટેક્નોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિજિટલ સર્વિસીસ વિકસાવી છે. એમેઝોન વિશ્વની ઝડપી વિકસી રહેલા અર્થતંત્રમાં તેની હાજરી વધારવા માગે છે. જેસીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે એમેઝોન ભારત પ્રત્યે લાંબા ગાળાની પ્રતિબદ્ધતા ધરાવે છે. કંપનીનો ભારતમાં બિઝનેસ જોરદાર વિકાસ પામી રહ્યો છે અને મજબૂત ગ્રાહકની માગ પર આધારિત છે. ભારતીયોમાં ઈ-કોમર્સ અને એમેઝોન વેબ સર્વિસીસની જોરદાર માગ છે.

મોદીએ એક્સ પર પોસ્ટ મૂકીને લખ્યું હતું કે શ્રી એન્ડી જેસી સાથે ભવ્ય મુલાકાત કરી. એમેઝોનના ભારતમાંના ૪૯ અબજ કરોડ ડૉલરના વિક્રમી રોકાણને હું આવકારું છું. આનાથી યુવાનો માટે નવી તક ઊભી થશે. આ ભારતમાં રોકાણ કરવાનો વિશ્વમાં વધતો વિશ્વાસ બતાડે છે. (એજન્સી)

# ચાર મહિનાથી પગાર નહીં

# સિંગાપોરમાં ભારતીય કામદારોની વહારે ત્યાંની સરકાર

સિંગાપોરઃ ભારત અને બાંગ્લાદેશથી સ્થળાંતર કરીને આવેલા અને જેમને માલિકો છેલ્લાં ચાર મહિનાથી પગાર નથી આપ્યો એવા ૪૦૦ જેટલા કામદારોને સિંગાપોર સરકાર મદદ કરશે અને તેમના દૈનિક જીવનનિર્વાહ માટે તેમને ૨૦૦ સિંગાપોર ડૉલર (એસજીડી) રોકડા અને વાઉચર આપશે એવી જાહેરાત બુધવારે કરવામાં આવી હતી. ધ નેશનલ ટ્રેડ યુનિયન કૉંગ્રેસ (એનટીયુસી)ના મહામંત્રી અને શ્રમ વિભાગના વડા ન્જી ચી મૅન્ગે કહ્યું હતું કે એનજીઓ માઈગ્રન્ટ વર્કર્સ સેન્ટર (એમડબ્લ્યુસી) કામદારો તેમની દૈનિક જરૂરિયાતને પહોંચી વળે તે માટે તેમને ૧૦૦ ડૉલર રોકડા અને ૧૦૦ ડૉલરના ફૅર પ્રાઈસ (સુપર માર્કેટ)ના વાઉચર આપશે.

છેલ્લાં બે દિવસમાં એનટીયુસીએ બાંધકામ ક્ષેત્રમાં ૧૫૦ જેટલી નોકરી પણ ઊભી કરી હોવાનું તેમણે કહ્યું હતું.

આ કામદારોની પગારની બાકી નીકળતી રકમ મેળવી આપવા મિનિસ્ટ્રી ઑફ મૅન પાવર સાથે પણ વાત કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)

# અમેરિકા-ઇરાન મંત્રણા ફરી આવતા સપ્તાહે શરૂ થશેઃ પાકિસ્તાન

ઇસ્લામાબાદઃ પાકિસ્તાને કહ્યું છે કે અમેરિકા અને ઇરાન વચ્ચે વાટાઘાટો આવતા અઠવાડિયે ફરી શરૂ થવાની અપેક્ષા છે. બુધવારે મોડી રાત્રે જારી કરાયેલા એક નિવેદનમાં, પાકિસ્તાનના વિદેશ કાર્યાલયના પ્રવક્તા તાહિર અંદ્રાબીએ કહ્યું કે પક્ષો મંત્રણાની મેજ પર છે અને પ્રક્રિયા ચાલુ છે.

અમેરિકા અને ઇરાને ગયા અઠવાડિયે પશ્ચિમ એશિયામાં શાંતિ પુનઃસ્થાપિત કરવાના હેતુથી સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ અઠવાડિયાની શરૂઆતમાં, તેઓ સ્વિટ્ઝર્લૅન્ડના બર્ગનસ્ટોકમાં મધ્યસ્થી પાકિસ્તાન, જેણે ગેરંટર તરીકે મેમોરેન્ડમ પર હસ્તાક્ષર કર્યા છે અને કતારની હાજરીમાં ટેકનિકલ સ્તરની વાટાઘાટોમાં જોડાયા હતા, જેના પગલે તેઓ ૬૦ દિવસમાં અંતિમ શાંતિ કરાર તરફના રોડમેપ માટે સંમત થયા હતા. વાટાઘાટો ચાલુ છે. મારું માનવું છે કે વાટાઘાટો આવતા અઠવાડિયે ફરી શરૂ થશે, કદાચ મંગળવારે. મૂળભૂત રીતે, આ એક કામચલાઉ અંતર છે, અને તે આટલો વિરામ નથી, તેવું નિવેદનમાં અંદ્રાબીને ટાંકીને કહેવામાં આવ્યું હતું.

અમારું પ્રતિનિધિમંડળ બાવીસ જૂનના રોજ બર્ગનસ્ટોકમાં વાટાઘાટો માટે હાજર હતું. હું સમજું છું કે આવતા અઠવાડિયે વાટાઘાટો ફરી શરૂ થશે ત્યારે પણ અમારું પ્રતિનિધિમંડળ ત્યાં હાજર રહેશે, એવું તેમણે ઉમેર્યું હતું.

તેમણે એમ પણ કહ્યું કે આવતા અઠવાડિયે અમેરિકા અને ઇરાન વચ્ચે વાટાઘાટો ફરી શરૂથવાની અપેક્ષા એક સકારાત્મક વિકાસ છે.

# ભારત અને યુએઈના સંરક્ષણ સહયોગથી ગુજરાતના દરિયાકાંઠે પેટ્રોલિંગ સઘન કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગુજરાતના પશ્ચિમના દરિયાકાંઠા પરની સરહદની સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે ભારત અને સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) વચ્ચે ભાગીદારીની શરૂઆત થઈ છે. જે અંગે નવી દિલ્હી ખાતે એક ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકની સહ-અધ્યક્ષતા ભારત તરફથી આંતરાષ્ટ્રીય સહકાર વિભાગના સંયુક્ત સચિવ અમિતાભ પ્રસાદ અને યુએઈ તરફથી બ્રિગેડિયર સ્ટાફ જમાલ ઇબ્રાહિમ મોહમ્મદ ઇબ્રાહિમ અલમરઝૂકીએ કરી હતી. આ દ્વિ-પક્ષીય સહયોગની સીધી અને હકારાત્મક અસર ગુજરાતના ભારત-પાકિસ્તાન સરહદે આવેલા અત્યંત સંવેદનશીલ 'સરક્રીક' જળક્ષેત્ર પર જોવા મળશે.

બેઠક દરમિયાન બંને દેશોના પ્રતિનિધિઓએ સંરક્ષણ ઉદ્યોગો વચ્ચે પરસ્પર સહયોગ વધારવા, ઇનોવેશન તેમજ સંશોધનને પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો હતો. આ ઉપરાંત બંને દેશો વિશિષ્ટ અને અત્યાધુનિક મિલિટરી ટેકનોલોજીનો પરસ્પર લાભ લેવા તેમજ દરિયાઈ સુરક્ષાના ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટે સંમત થયા છે. વૈશ્વિક સ્તરે આતંકવાદ અને દરિયાઈ ચાંચિયાગીરી સામે લડવા માટે આ વ્યૂહાત્મક જોડાણ અત્યંત મહત્ત્વનું સાબિત થશે.

પાકિસ્તાનની ભૂમિ અને જળસીમાને અડકીને આવેલા કચ્છમાં આવેલી ભારતની આંતરરાષ્ટ્રીય જળસીમા 'સર ક્રીક' હંમેશાથી ભૌગોલિક દ્રષ્ટિએ પડકારજનક અને ઘૂસણખોરી માટે સંવેદનશીલ રહી છે. ભારત અને યુએઈ વચ્ચેના આ નવા નૌસેના તથા સંરક્ષણ ટેકનોલોજીના સહયોગથી હવે આ સમગ્ર વિસ્તારની સુરક્ષા વ્યવસ્થા હાઈટેક બનશે. સંયુક્ત સંરક્ષણ માળખા હેઠળ સરક્રીક અને આસપાસના સીમાવર્તી જળક્ષેત્રમાં પેટ્રોલિંગ સઘન કરવામાં આવશે. આ વિસ્તારમાં આધુનિક ડ્રોન અને રડાર આધારિત સર્વેલન્સ સિસ્ટમ તહેનાત કરાશે, જેનાથી પળેપળની દેખરેખ રાખી શકાશે. ■

# જામનગરની જી.જી. હોસ્પિટલમાં બ્લડ કેન્સર અને ગાંઠના સચોટ નિદાન માટે નવી સુવિધાઓ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર જિલ્લાની ગુરુ ગોબિંદસિંઘ સરકારી હોસ્પિટલમાં દર્દીઓની સુવિધા અને તબીબી શિક્ષણને વેગ આપતી વિવિધ આધુનિક સુવિધાઓનો ઉમેરો થયો છે. શરીરના લગભગ બધા જ અંગોની તપાસ માટે અનુકૂળ અને કેન્સરના દર્દીઓ માટે વિવિધ પ્રકારની ગાંઠનું આબેહૂબ ચિત્ર નિરૂપણ કરી શકે તેવું રૂ.૭૦ લાખની કિંમતના વી-૭ મોડેલનું હાઈ-એન્ડ સોનોગ્રાફી મશીનનું રાજ્યના આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરીયા દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું.તે ઉપરાંત રૂ. ૭૫ લાખના ખર્ચે નવીનતમ ફ્લો સાયટોમેટ્રી મશીનની સુવિધા શરૂ કરવામાં આવી હતી. આ એક એવી આધુનિક લેબોરેટરી ટેકનોલોજી છે જેની મદદથી રક્ત તથા અન્ય નમૂનાઓમાં રહેલા કોષોનું ખૂબ જ ચોકસાઈપૂર્વક વિશ્લેષણ કરી શકાય છે અને તે લ્યુકેમિયા તેમજ લિમ્ફોમા જેવા બ્લડ કેન્સરના નિદાનમાં અત્યંત મદદરૂપ બને છે.

પેથોલોજી પી.જી. વિદ્યાર્થીઓ માટે આધુનિક સુવિધા સાથેના નવા એક્ઝામિનેશન હોલનો પ્રારંભ કરવામાં આવ્યો હતો, જેમાં એક સાથે ૨૦ પી.જી. વિદ્યાર્થીઓ માટે શાંતિપૂર્ણ, સુવ્યવસ્થિત અને અનુકૂળ વાતાવરણ સાથે પરીક્ષાની વ્યવસ્થા ઉપલબ્ધ રહેશે જેનાથી પરીક્ષા પ્રક્રિયા વધુ સરળ, પારદર્શક અને અસરકારક બનશે તેમજ ઉચ્ચ ગુણવત્તાવાળા તબીબી શિક્ષણને વધુ પ્રોત્સાહન મળશે. ■




**બગદાણા મહાપ્રસાદી :** ગોહિલવાડના પવિત્ર યાત્રાધામ બગદાણા ખાતે ભીમ અગિયારસ (નિર્જળા એકાદશી) નિમિત્તે લાખો ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. ભીમ અગિયારસના પાવન પર્વે ૨૫,૦૦૦ થી વધુ ભક્તો માટે ૬૦૦૦ કિલો કેરીનો રસ અને ગરમા-ગરમ પૂરીનો મહાપ્રસાદ પીરસવામાં આવ્યો હતો. બગદાણામાં છેલ્લા એક મહિનામાં શ્રદ્ધાળુઓને ૧૭,૦૦૦ કિલો કેરીના રસને પ્રસાદીમાં પીરસવામાં આવી ચૂક્યો છે. (તસવીરઃ વિપુલ હિરાણી)

# જામનગરના ધ્રોલ નજીક બે કાર વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં ૩ લોકોનાં ઘટનાસ્થળે જ મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર જિલ્લામાં ધ્રોલ-લતીપર-ટંકારા માર્ગ પર લતીપર નજીક ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જેમાં બે કાર વચ્ચે સામસામે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં બંને વાહનોના ફૂરચે-ફૂરચા ઊડી ગયા હતા. ચીસાચીસના અવાજ સાંભળીને સ્થાનિક લોકો અને રાહદારીઓ તાત્કાલિક બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા. આ દુર્ઘટનામાં કારમાં સવાર ત્રણ લોકોનાં ઘટનાસ્થળે મૃત્યુ થયા હતા, જેમાં મોરબીના દેવગઢ ગામના કાનજીભાઈ રવજીભાઈ વાઘાણી (ઉં.વ. ૨૮) તેમજ કલ્યાણપુરના ચાસલાણા ગામના પૂજાબેન ઉર્ફે જાગુબેન અપરનાથી (ઉં.વ. ૨૬) અને અન્ય એક પૂજાબેન તેજસભાઈનું મૃત્યુ થયું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

મળતી વિગતો અનુસાર, આ અકસ્માતમાં અન્ય છ જેટલા મુસાફરો ઇજાગ્રસ્ત થયા હતા.

સ્થાનિક લોકોની મદદથી તમામ ઘાયલોને તાત્કાલિક બહાર કાઢવામાં આવ્યા હતા. જે પૈકી ત્રણ વ્યક્તિઓની હાલત નાજુક હોવાથી તેમને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા, જ્યારે અન્ય ઇજાગ્રસ્તોને સામાન્ય ઇજાઓ પહોંચી હોવાના અહેવાલો મળ્યા હતા. બનાવની જાણ થતાં જ જામનગર ગ્રામ્ય પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને તાત્કાલિક માર્ગ પરથી વાહનો હટાવીને વાહનવ્યવહાર પૂર્વવત્ કરાવ્યો હતો.

પોલીસે ત્રણેય મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યા હતા. ■

# ભાવનગરમાં ડીજે સ્પીકર મૂકવા જેવી બાબતે બે જૂથો વચ્ચે મારામારીની ઘટનામાં સાત સામે ગુનો


(તસવીરઃ વિપુલ હિરાણી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં જાણે કાયદાનો ડર ઓસરી ગયો હોય તેમ શહેરના આંબાચોક વિસ્તારમાં જાહેર રોડ પર ડી. જે. સ્પીકર મૂકવા જેવી નજીવી બાબતે બે પક્ષો સામસામે આવી ગયા હતા અને ઉગ્ર બોલાચાલી બાદ મારામારી કરી હુલ્લડ મચાવતા સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. આ અથડામણમાં બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ઘટના અંગે ગંગાજળિયા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ પોતે ફરિયાદી બની સાતેય શખ્સો વિરુદ્ધ કાયદેસરનો ગુનો દાખલ કર્યો હતો.

મળતી વિગતો અનુસાર, બપોરના સમયે આંબાચોકની ઓઝરીયા મસ્જિદ બહાર જાહેર રોડ પર ડી.જે. સ્પીકર વગાડવા માટે સ્પીકરની પેટીઓ સ્ટેન્ડ ઉપર ફિટ કરવામાં આવી રહી હતી. આ દરમિયાન મોનિલ વિરાણી નામના શખ્સે રોડ ઉપર આવેલી દુકાન સામે સ્પીકરોની પેટીઓ ગોઠવી હતી. દુકાનદાર રફીક ફતાણીએ રોડ સાંકડો હોવાથી વાહનોને અડચણરૂપ ન થાય તે માટે સ્પીકરની પેટીઓ અંદર અથવા અન્ય જગ્યાએ રાખવા જણાવ્યું હતું. જો કે, મોનિલે સ્પીકરની પેટીઓ હટાવવાની સાફ ના પાડી દેતાં બંને પક્ષો વચ્ચે ઉગ્ર વિવાદ શરૂ થયો હતો.

આ ઘટના બાદ રાત્રિના સમયે બંને પક્ષના લોકો સામસામે આવી ગયા હતા અને જાહેર માર્ગ પર જ લોહીયાળ જંગ ખેલાયો હતો. આ મારામારી દરમિયાન રફીક બંગલા સોડાવાળા નામના શખ્સે પોતાના દીકરાઓને ઝઘડો કરવા માટે ઉશ્કેર્યા હોવાનું પણ બહાર આવ્યું હતું. આ બનાવમાં ઈજાગ્રસ્ત થયેલા મોનિલ વિરાણી અને રફીક ફતાણીને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ ગંગાજળિયા પોલીસ મથકનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. આ સમગ્ર મામલે ગંગાજળિયા પોલીસ મથકના પીએસઆ પોતે ફરિયાદી બન્યા છે અને સાત શખ્સો વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# મોરબીના મકનસરમાં ૫૪ પરિવારોને આઝાદીનાં વર્ષો બાદ મળ્યું કાયમી સરનામું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આઝાદી બાદ પણ સમાજનો એક વર્ગ વર્ષોથી ઓળખ માટે આમતેમ ધક્કા ખાઈ રહ્યો હતો, જો કે છેલ્લાં વર્ષોમાં રાજ્ય સરકારના સહકારથી અનેક વિચરતી-વિમુક્ત જાતિના લોકોને પોતાનું નિશ્ચિત ઠેકાણું મળ્યું છે. ત્યારે મોરબી જિલ્લા કલેક્ટર દ્વારા મકનસર ગામે સરકારી ખરાબાની જમીનમાંથી વિચરતી-વિમુક્ત જાતિના કુલ ૫૪ જરૂરિયાતમંદ લાભાર્થીઓને રહેણાંક હેતુ માટે વિનામૂલ્યે પ્લોટ ફાળવીને સ્થળ પર જ તેનો પ્રત્યક્ષ કબજો સોંપવામાં આવ્યો હતો.

આ અંતર્ગત મકનસર ગામની સરકારી ખરાબાની કુલ ૧૫,૦૦૦ ચોરસ મીટર જમીનમાંથી પ્રત્યેક લાભાર્થી પરિવારને ૧૦૦ ચોરસ વારનો રહેણાંક પ્લોટ ફાળવવામાં આવ્યો હતો. વિચરતી-વિમુક્ત જાતિના કુલ ૫૪ પરિવારોને આ લાભ મળ્યો હતો. વર્ષોથી ઘરનું ઘરનું સપનું સાકાર થતાં તમામ લાભાર્થીઓએ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. આગામી સમયમાં આ વસાહતમાં મકાન નિર્માણ અને પાયાની આંતરમાળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે પણ વહીવટી તંત્ર દ્વારા જરૂરી માર્ગદર્શન અને સહયોગ પૂરો પાડવાની ખાતરી આપી હતી. ■

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણી બાદ રાજકોટ મનપામાં ૧૫ સમિતિઓના ચેરમેનોની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી બાદ રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ શાખાઓ તેમજ વિભિન્ન સમિતિઓના ચેરમેન પદ માટેના નામોની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. શહેરના સર્વાંગી વિકાસ કાર્યો, આંતરમાળખાકીય પ્રોજેક્ટ્સ અને નાગરિકોની પાયાની સુવિધાઓની દેખરેખ સંભાળતી ૧૫ જેટલી પ્રભાવશાળી સમિતિઓના વડાઓની નિમણૂક કરવામાં આવી હતી, જેનાથી આગામી સમયમાં શાસકીય કામગીરી વધુ વેગવંતી બનશે તેવું મનાઈ રહ્યું છે. મળતી વિગતો અનુસાર, મનપાની બાંધકામ સમિતિના ચેરમેન તરીકે અશ્વિનભાઈ ભોરણીયાની પસંદગી કરવામાં આવી હતી. આ ઉપરાંત, રાજકોટ શહેરની સ્વચ્છતા તેમજ જનઆરોગ્યની ચાવીરૂપ જવાબદારી સંભાળતી સેનિટેશન સમિતિના વડા તરીકે કીર્તિબા રાણા અને આરોગ્ય સમિતિના ચેરમેન પદે રીંકલભાઈ મેઘાણીના નામની જાહેરાત કરવામાં આવી હતી. જ્યારે સામાજિક ઉત્થાન અને લોકકલ્યાણની પ્રવૃત્તિઓ માટેની સમાજ કલ્યાણ સમિતિની કમાન મનીષભાઈ ભટ્ટને સોંપવામાં આવી હતી. આ ઉપરાંત લાઈટીંગ સમિતિના ચેરમેન તરીકે પરેશભાઈ ઠાકર અને વોટર વર્ક્સ સમિતિના વડા તરીકે જયસુખભાઈ કાથરોટીયા વહીવટ સંભાળશે. કાયદાકીય બાબતો અને નિયમોની સમિતિ માટે જયરાજસિંહ જાડેજા, માર્કેટ સમિતિ માટે મોહિતસિંહ જાડેજા તેમજ પ્લાનિંગ સમિતિના ચેરમેન તરીકે અનિલકુમાર ચૌહાણની નિયુક્તિ કરવામાં આવી હતી. ■

# સોમનાથમાં 'પથિક' સોફ્ટવેર અને સીસીટીવી નિયમોનો ભંગ કરનાર સાત હોટલ-ગેસ્ટહાઉસ સંચાલકો દંડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ યાત્રાધામ સોમનાથ અને તેની આસપાસના પ્રવાસન સ્થળોની સુરક્ષા વ્યવસ્થાને લોખંડી બનાવવા માટે ગીર સોમનાથ પોલીસે એક સપાટો બોલાવ્યો હતો. પ્રભાસ પાટણ વિસ્તારમાં સ્થાનિક વહીવટી તંત્રના જાહેરનામાનો ભંગ કરીને મુસાફરોની ઓનલાઈન વિગતો 'પથિક' સોફ્ટવેરમાં અપલોડ ન કરનાર તેમજ સુરક્ષા માટે અનિવાર્ય એવા સીસીટીવી કેમેરાના ફૂટેજનો બેકઅપ ન રાખનાર કુલ સાત હોટલ અને ગેસ્ટહાઉસના સંચાલકો સામે કાયદેસરનો સકંજો કસવામાં આવ્યો હતો. ■



**કાજુ કતરી સાથે અનોખો વિરોધઃ** રાજકોટ મનપાના જનરલ બોર્ડમાં ડિમોલેશનના નાસ્તાના બિલના વિવાદ મુદ્દે હંગામો મચાવતાં મહિલા કોંગ્રેસ કોર્પોરેટરને માર્શલો દ્વારા હોલની બહાર ખસેડવામાં આવ્યાં હતાં. (તસવીરઃ પ્રવિણ સેદાણી)

# ભુજમાં શ્રમિકના નામે બોગસ દસ્તાવેજો બનાવી વાહન ટ્રાન્સફર કરનાર આરટીઓ એજન્ટ જેલભેગો

ભુજઃ તાલુકાના સિનુગ્રા ગામમાં એક શ્રમિકની જાણ બહાર કાગળો પર તેની ખોટી સહીઓ કરી ડમ્પર ટ્રાન્સફર કરી દેવાનું ગંભીર કૌભાંડ બહાર આવ્યું હતું. ચોંકાવનારી વાત એ છે કે, આ વાહનનો ઉપયોગ દારૂની હેરાફેરીમાં થતો હતો. સિનુગ્રાના જૂનાવાસમાં રહેતા અને વાહનોમાં કવર કામ કરતા હનિફ અલીમામદ કકલ નામના શ્રમિકના ઘરે ગત ૨૩ જૂને પોસ્ટ દ્વારા એક ડમ્પરની આર.સી. બુક આવી હતી. હનિફે ક્યારેય આવું વાહન ખરીદ્યું ન હોવાથી, તેમણે તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે આ ડમ્પર દુધઇ પોલીસે લાખોના દારૂ સાથે જપ્ત કર્યું હતું.

પોલીસ તપાસમાં ખુલાસો થયો હતો કે, દબડા અંજારના રાજેશ આહીર અને આર.ટી.ઓ. એજન્ટ રાહુલ રામજી આહીર (મકવાણા)એ મળીને સવરાજ સામત લાખાણી (રહે. ઝરપરા)ની માલિકીનું આ ડમ્પર ફરિયાદીની બોગસ સહીઓ કરીને અંજાર આર.ટી.ઓ.માંથી ટ્રાન્સફર કરાવી લીધું હતું. આ મામલે પોલીસે ગુનો નોંધી આર.ટી.ઓ. એજન્ટ રાહુલ મકવાણાની અટકાયત કરી હતી. આર.ટી.ઓ. કચેરીના અન્ય કર્મચારીઓની સંડોવણી અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. ■

# રામસર સાઈટ છારીઢંઢમાં હજારો માછલીઓના મોતથી પર્યાવરણ પ્રેમીઓમાં ચિંતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ તાજેતરમાં જ આંતરરાષ્ટ્રીય રામસર સાઇટનો દરજ્જો મેળવનારા કચ્છના બન્નીના છારીઢંઢ વિસ્તારમાં એકસાથે હજારો માછલીઓ મોતના બનાવથી પર્યાવરણ પ્રેમીઓમાં ભારે ચિંતા વ્યાપી છે. છેલ્લા બે દિવસથી વોચ ટાવરની આસપાસનો કિનારો મોટી સંખ્યામાં મૃત માછલીઓ અને તેની દુર્ગંધથી ખદબદી રહ્યો છે. સ્થાનિક માલધારીઓના મતે દર વર્ષે આ સિઝનમાં માછલીઓ મરે છે, પરંતુ આ વર્ષે તેનું પ્રમાણ ઘણું હોવાનું તેમણે જણાવ્યું હતું.

નખત્રાણાના પશ્ચિમ રેન્જના ફોરેસ્ટર વિજયકુમાર મોદીએ જણાવ્યું હતું કે, જૂનના મધ્યમાં પાણીનું સ્તર ઘટ્યા બાદ અસહ્ય તાપને લીધે જળાશયનું તાપમાન નોંધપાત્ર રીતે વધી ગયું છે. ગરમ પાણીના કારણે જળચરો પર મોટું જોખમ ઊભું થયું છે. આ ઉપરાંત, ભારે પવનના કારણે ક્ષારયુક્ત માટી ભળતાં પાણી અત્યંત ડહોળું અને ખારું થઈ જવાથી ઓક્સિજનની અછતને લીધે માછલીઓ મૃત્યુ પામી છે. ચાલુ વર્ષે વરસાદના વિલંબણાને સ્થિતિ વધુ વિકટ બની છે.

બીજી તરફ, સ્થાનિક ગ્રામજનોનો આક્ષેપ છે કે આ વર્ષે માછીમારીની પ્રવૃત્તિ પર સદંતર રોક લગાવી દેવાતાં માછલીઓનો ભરાવો થયો અને મૃત્યુઆંક વધ્યો છે. ■

# ગારીયાધારમાં રૂ. ૧.૦૧ લાખના મુદ્દામાલ સાથે પાંચ જુગારીઓ રંગેહાથ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગર જિલ્લાના ગારીયાધાર પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા પ્રોહિબિશન અને જુગારની પ્રવૃત્તિઓ નાબૂદ કરવા હાથ ધરાયેલા પેટ્રોલિંગ દરમિયાન એક મોટી સફળતા મળી હતી. પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે ગારીયાધાર તાલુકાના નાની વાવડી ગામની સીમમાં મોડી રાત્રે ઓચિંતો દરોડો પાડવામાં આવ્યો હતો. આ રેડ દરમિયાન કેટલાક ઇસમો અંધારામાં તીનપત્તીનો જુગાર રમતા મળી આવ્યા હતા.

પોલીસને અચાનક સામે જોઈને જુગારીઓમાં ભારે નાસભાગ મચી ગઈ હતી, જેમાં તકનો લાભ લઈને ત્રણ ઇસમો અંધારામાં નાસી છૂટ્યા હતા, જ્યારે અન્ય ૫ જુગારીઓને પોલીસે ઘટનાસ્થળેથી જ રંગેહાથ ઝડપી લીધા હતા. પકડાયેલા આરોપીઓ પાસેથી પોલીસે રોકડા રૂપિયા ૧૧,૧૦૦ તેમજ જુગાર સાહિત્ય અને વાહનો મળીને કુલ રૂપિયા ૧,૦૧,૧૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પકડાયેલા તમામ શખ્સો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ શરૂ કરવામાં આવી હતી.

સ્થળ પરથી ઝડપાયેલા આરોપીઓમાં નાનીવાવડી ગામના મુકેશભાઈ ગોરધનભાઈ વાઘેલા (ઉં.વ.૩૪), વિજયભાઈ બાબુભાઈ વાઘેલા (ઉં.વ.૨૭) અને મજૂરી કામ કરતા મુકેશભાઈ નાથાભાઈ મકવાણા (ઉં.વ.૪૮) તેમજ અમરેલી જિલ્લાના ધામેલ ગામના રમેશભાઈ ઉર્ફે અર્જુન પરમાર (ઉં.વ.૨૦) અને અરવિંદભાઈ કાળુભાઈ વાઘેલા (ઉં.વ.૩૩) નો સમાવેશ થાય છે. ■

# રાજકોટની ઐતિહાસિક કોટક સાયન્સ કૉલેજનું કેમેસ્ટ્રી બિલ્ડિંગ ભયજનક જાહેર, વિદ્યાર્થીઓ અન્યત્ર શિફ્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં આઝાદી કાળથી શૈક્ષણિક ક્ષેત્રે મહત્ત્વનું સ્થાન ધરાવતી 'એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ'ના કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટના બિલ્ડિંગને રાજ્ય સરકાર દ્વારા ડિમોલિશન માટે ભયજનક જાહેર કરવામાં આવ્યું છે. વર્ષ ૧૯૪૭માં બનેલી આ ઐતિહાસિક બિલ્ડિંગનું હજુ વર્ષ ૨૦૨૩માં જ રિનોવેશન કરવામાં આવ્યું હતું, પરંતુ તેના માત્ર ત્રણ વર્ષની અંદર જ સ્ટ્રક્ચર સ્ટેબિલિટી રિપોર્ટમાં આ બાંધકામ જોખમી હોવાનું બહાર આવ્યું હતું.

મળતી વિગતો અનુસાર, આ અતિ જર્જરિત સ્ટ્રક્ચરને કારણે કેમેસ્ટ્રી વિભાગમાં અભ્યાસ કરતા ૧૦૨ વિદ્યાર્થીઓના જીવનું જોખમ ન સર્જાય તે માટે પ્રશાસન દ્વારા તાકીદે આ જ કેમ્પસમાં આવેલી જૂની સોઈલ ટેસ્ટિંગ લેબ (હાલનું પીજી સેન્ટર) ખાતે શિફ્ટિંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

કૉલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલના જણાવ્યા અનુસાર, આ સંસ્થાની શરૂઆત ૧૯૩૬માં ડી. એચ. કૉલેજ તરીકે થઈ હતી અને બાદમાં તે કોટક સાયન્સ કૉલેજ તરીકે અસ્તિત્વમાં આવી. હાલ આ આખી કોલેજમાં કુલ ૭૧૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ■



**સંસ્કૃત કક્ષઃ** કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૬-૨૭ના ત્રીજા દિવસે ભાવનગરના નારી ખાતે એ.કે. મોરડીયા હાઈસ્કૂલ ખાતે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા પ્રેરિત સંસ્કૃત કક્ષનું ઉદ્ઘાટન રાજ્યના કૃષિ અને પશુપાલન કેબિનેટ પ્રધાન જીતુ વાઘાણીના હસ્તે કરવામાં આવ્યું હતું. (તસવીરઃ વિપુલ હિરાણી)